બટુભાઈ ઉમરવાડિયા કૃત

મત્સ્યગંધા અને ગાંગેય

તથા બીજાં ચાર નાટકો

પ્રકાશક:

યુગાંતર કાર્યાલય, સુરત.

મ ત્સ્ય ગં ધા
: અને ગાંગેય
: : : : તથા
: બીજાં ચાર
: : : નાટકો

લેખકનાં બીજાં

:: પુસ્તકો ::

રસ—ગીતો.

વાતોનું વન.

: સંસાર. :

મત્સ્યગંધા અને ગાંગેય

તથા બીજાં

ચાર નાટકો

બટુભાઇ લાલભાઇ ઉમરવાડિયા

મુદ્રણસ્થાનઃ આદિત્યમુદ્રણાલય, રાયખડરોડ,-અમદાવાદ

મુદ્રક [illegible] વિશ્વનાથ પાઠક.

જાન્યુ. ૧૯૨૫

આવૃત્તિ ૧ લી

પ્રતઃ ૧૧૫૦

મૂલ્ય ૧-૮-૦

બે બોલ:

ઉદયભાણ અને સતી દ્રૌપદીથી માંડી ગુજરાતી સાહિત્યના "તાજમહેલ અને મોતી મસજીદ સમા," કવિ ન્હાનાલાલના ઇન્દુ અને જયા-જયન્ત નાટકોથી ગુજરાત પારચિત છે; પણ હું જાણું છું ત્યાં લગી આવા એક-અંકી નાટકોનો સંગ્રહ ઘણેભાગે આ પ્હેલો છે-અને આવા છૂટા છવાયા નાટકો પણ મ્હોટી સંખ્યામાં પ્રકટ થયા જાણમાં નથી. સંસ્કૃત સાહિત્યમાં એક-અંકી નાટક "વિલાસિકા"ના નામથી ઓળખાય છે. એનાં લક્ષણ આ મૂજબ છે. **शृंगार बहुलैकांका दशलास्यांग सयुक्ता। विदुषकविटाभ्यां च पीठमर्दैन भूषिता। हीनागर्भविमर्षाभ्यां संधिभ्यां हीननायका। स्वल्पवृत्ता सुनेपथ्या विख्याता सा विलासिका॥** એકે વિલાસિકા મ્હારી જાણમાં નથી; પરન્તુ એટલું તો ચોક્કસ છે કે એક-અંકી નાટક માત્ર અંગ્રેજી સાહિત્યમાં જ છે એવું નથી; જોકે આ પાંચ નાટકોનું સ્વરૂપ તો અંગ્રેજી one-act play ઉપરથી છે. વિલાસિકાના ઉપર દર્શાવેલા લક્ષણો ઉપરથી પણ જણાશે કે આ નાટકો અને સંસ્કૃત વિલાસિકા વચ્ચે જરાયે સામ્ય નથી.

આ પાંચે નાટકો અત્યારે પ્હેલી વાર પ્રકટ થાય છે. અને એક વગર બધા હમણાં જ લખાયા છે. લોમ ઘણા વર્ષ પ્હેલાં લખાયલું. વખત મળ્યો હોત તો કદાચ એ નાટકના વસ્તુને બીજા સ્વરૂપમાં મૂકી શકાત; પણ તેમ થઇ શક્યું નહિ.

મત્સ્યગંધા અને મહમ્મદમાં પુરાણ અને ઇતિહાસનાં પાત્રો છે છતાં પ્રસંગો બધા કાલ્પનિક છે. આ રીતની છૂટ સામે કેટલાક વિદ્વાનોનો વાંધો મ્હારી જાણમાં છે પરન્તુ લોકકલ્પના કે ઇતિહાસના

પાત્રોનું મૂળ ગૌરવ જરાયે ઓછું થતું ન હોય ત્યાં સુધી આવી કલ્પન સામે ઝાઝો વાંધો હોવો જોઇયે નહિ. સામાન્ય લોકની વિલાસવૃત્તિને રૂચે એવી રીતે પુરાણના કે ઇતિહાસના પાત્રોને હોય તેથી નીચાં પાડવાનો રિવાજ ગુજરાતીમાં શરુ થઇ ચૂક્યો છે. આ નાટકો એ જાતનાં નથી, એમ વાચનારને જણાયા વગર નહિ રહે. ભિષ્મપિતામહ અને મહમ્મદ પયગંબર–જગતના એ બે નરપુંગવોનો જીવનપ્રકાશ આ નાટકના કૈંથી પણ ઓછો થતો નથી. આ નાટકો એ બે મહાત્માઓને અંજલિ માત્ર છે.

'હંસા' અને 'દામ્પત્ય' સામાજિક નાટકો છે. હંસા વિશે એક મિત્રે કહ્યું હતું કે ઘણા વાચકોને લાગશે કે એ નાટક એમના (વાચકોના) જીવન ઉપરથી લખાયું છે. આવી ગેરસમજ ન થાય માટે જણાવવું જોઇયે કે એ નાટકના પ્રસંગો અને પાત્રો બધાં કાલ્પનિક છે.

દામ્પત્યમાં પશ્ચિમની સંસ્કૃતિને લીધે ગુજરાતમાં શરુ થયલા "નવીન" આચાર વિચાર વિશેની એક કલ્પના છે. આપણે ક્યાં જવા માંડયું છે ને કયાં જવું છે? સમાજની દૃષ્ટિએ એ પ્રશ્ન વિચારવાનો વખત હવે આવી પહોંચ્યો નથી?

"લગ્ન" નાટક વનમાં હમણ જ પ્રકટ થયલું હોવાથી આમાં એનો સમાવેશ કર્યો નથી.

છેવટે અવારનવાર સૂચનો માટે તથા આ પુસ્તકને સત્વર તૈયાર કરાવી આપવા માટે મ્હારા મિત્ર રા. ભાઇ પ્રાણજીવન પાઠકનો આભાર માનું છું.

અમદાવાદ.

જાન્યુ. ૧૯૨૫.

અનુક્રમી :

મત્સ્યગંધા અને ગાંગેય.

(એક—અંકી નાટક)

બટુકભાઇને :

પાત્રોઃ

ગાંગેય
રોહિત
ઢીમર
મહર્ષિ
વૃદ્ધ પુરુષ

મત્સ્યગંધા
મધુરી

પ્રાસ્તાવિક:

એક સ્ત્રી: કેવી તપશ્ચર્યા! બીચારીને......

એક પુરુષ: કેવા સમર્થ પુરુષનો કેવો ભવ્ય આત્મત્યાગ!

સ્ત્રી: એવી સ્ત્રી ખરેખર સારાં વિશ્વની શોભારૂપ છે.

પુરુષ: હા, ને એવો પુરુષ આખા જગતની વંદનાયોગ્ય છે.

સ્ત્રી: પણ પછી શું થયું?

પુરુષ: પછી શું? પછી તો ભગવાન ગાંગેયને કૈં કૈં વીતે છે. પણ જો, પડદો ઉપડે છે. હમણાં ગાંગેય ભગવાનનો બાળમિત્ર રોહિત અશ્વને દોરતો પ્રવેશ કરશે.

સ્ત્રી: ને પેલી વનકુમારી મધુરીને મળશે, ખરુંને?

(પડદો ઉપડે છે.)

પ્રવેશ ૧

[અંધારા વનમાં એક અસ્વાર અશ્વને દોરતો પગપાળે, ચારેગમ રસ્તો શોધતો હોય તેમ નજર કરતો પ્રવેશ કરે છે. પૃથ્વી ઉપર ઉતરતાં અંધારાના જૂથનો પગરવ હોય તેવા ઘોર અવાજો દૂરથી સંભળાય છે. અસ્વાર જરાવાર અટકે છે.]

રોહિતઃ આહ! અયોધ્યાનું વન કેવું ભયાનક છે! કે પછી બધાંજ વનો એવાં હશે? નગરોમાં રહ્યાં રહ્યાં વનનાં સુન્દર સ્વપ્નાંઓ અનુભવતાં ત્હેનાથી બધું જ શું જૂદું હશે? આની સાથે સરખાવતાં નગરો તો ખરેજ રળીયામણા લાગે છે. ત્યારે શું કુદરત આવી બીહામણી હશે? માણસે જ શું ત્હેને સુન્દરતા બક્ષી છે. એમ હોય તો માણસજાતિ કેટલી પ્રશંસાને પાત્ર છે?

(એટલામાં પાછળથી અવાજ થાય છે.)

અવાજઃ ખોટી વાત છે, યુવાન વનમાં છે તે નગરમાં નથી. તેથી જ નગરજનો વનમાં આવે છે.

(એક સાધુ પ્રવેશ કરે છે.)

રોઃ નમન કરૂં છું, મહાત્મન્ (પ્રણમે છે.)

સાઃ आयुष्मान् भव, (આશિર્વાદ આપે છે.) વત્સ, તું કોણ છે?

રોઃ મહર્ષિ, હસ્તિનાપુરના રાજકુમારનો હું મિત્ર છું. મૃગયામાં ભૂલો પડયો છું.

સાઃ વત્સ, લાગે છે કે તું ઘણી વાતે ભૂલો પડયો છે.

રોઃ તે કેમ, મહાત્મન્!

સાઃ કારણ કે જ્યાં તું અંધારા દેખે છે ત્યાં જીવનના પ્રકાશ છે; અને તે પ્રાપ્ત કરવાજ તું અહિં આવ્યો છે.

રોઃ મ્હારી આંખો તે જોઇ શકતી નથી; બાકી આપ સરખાના આશિર્વાદથી...

સાઃ ના, મહાભાગ, મ્હારા આશિર્વાદથી નહિ પણ ત્હારાજ કર્મના અધિકારે તે તું મેળવીશ. એટલું જ કહું છું કે આ વનમાં આજે કે પછી જે કૈં થાય તેથી કદીયે તું નિરાશ ન થઇશ. ત્હારી નજરે જણાતા તે અંધારામાંથી જ આખી માનવજાતિની પ્રકાશમાન ભાગ્યરેખાઓ પ્રકટશે. ૐ.

(જાય છે.)

રોહિતઃ (સ્વગત.) કેવી નવાઇ! પણ હું યે કેવો! એ મહાત્મા કોણ હતા એટલુંયે મેં જાણી ન લીધું. એવુંજ હોય છે. પોતાના નસીબની વાતો આવે એટલે પારકાની વાત જ સૂઝતી નથી. પણ એ મહર્ષિ એ બધું શું કહી ગયા? કહે છે આ અંધારામાં અજવાળું છે. મ્હારા જેવા સાધારણ માણસે આમ કહ્યું હોત તો તે ગાંડપણ મનાત. આવા સિદ્ધો કહે છે એટલે દુનિયાં ત્હેને તત્વજ્ઞાન કહે છે. પણ મ્હને તો એ કૈં ન સમજાયું. હશે, ચાલ, એ પ્રકાશના સ્વપ્નોથી કાંઇ અંધારૂં નહિ વટાવાય.

(ચાલવા જાય છે એટલામાં)

પણ અરે, આ શાનો અવાજ આવે છે?

(ધ્યાનથી સાંભળતો હોય તેમ)

કોઇ સ્ત્રી રડે છે? કે પછી કોઇ પિશાચની યુક્તિ હશે?

(જશાવાર રહી.)

નક્કી કોઇ સ્ત્રીનોજ સ્વર છે. ગમે તે હોય. મ્હારે એની મદદે જવું જ જોઇયે.

(અશ્વને એક ઝાડ સાથે બાંધી તે જાય છે. પાસે અંધારામાં સંતાયલું એક ન્હાનું ઝુંપડું છે. અંદર પાંચ-પચાસ આગિયાની કલગીમાંથી પ્રકાશ પડે છે. ત્યાં એક કુમારિકા ધીરૂં, પણ કરૂણ રૂદન કરે છે. પેલો અસ્વાર ઝૂંપડી પાસે આવે છે ને નીચો વળી અંદર નજર કરે છે. આવનારના પગલાંથી ચમકીને કુમારિકા ઉભી થાય છે. ત્હેનું વય પંદરેકની લગભગ છે; પણ ત્હેનું શરીર સશક્ત છે. તે સુન્દર નથી; પણ દેખાવડી છે. ત્હેની આંખો રાતી થયલી લાગે છે ને ત્હેના વાળની લટ વિખરાયલી છે.)

કુમારિકાઃ કોણ છો ?

રોહિતઃ અહિં કોઈ રડતું હતું ?

(કુમારિકા અનુત્તર ઉભી રહે છે.)

હું જતો હતો ત્યાં મેં કોઇના રૂદનનો અવાજ સાંભળ્યો. મ્હારી ભૂલ થતી હશે.

(રોહિત પાછો ફરવા જાય છે.)

કુઃ ના, ત્હમારી ભૂલ નથી થઇ. મ્હારાથી જ રડી દેવાયું હતું.

રોઃ એમ! પણ ત્હમારે શા માટે રડવું પડયું ? હું કૈં સહાય......

(કુમારિકા હસી પડે છે.)

કુઃ ના, ના, એતો અમસ્તું જ હતું; પણ ત્હમે અત્યારે હવે ક્યાં જશો ? ત્હમને બ્હીક નહિ લાગે ?

રે: (હસીને): બ્હીક? બ્હીક શેની? અમને બ્હીક ન હોય. પણ આ ઝૂંપડીમાં બીજું કોઇ જણાતું નથી તે ત્હમને બ્હીક નથી લાગતી?

કુ: હું તો અહિં ઘણા બધા દિવસથી રહું છું.

રે: અહિં શું કરો છો? ત્હમારે કોઇ સગાં નથી?

કુ: મ્હારા વૃદ્ધ પિતા છે, હું દેવીને વેણીમાટે ફુલો લાવી દઉં છું ને દેવી અમને જીવાડે છે; પણ હવે તો–

(કુમારિકાની આંખોમાં આંસુ ભરાય છે.)

રે: (ઉતાવળે) હવે શું?

કુ: એતો જતાં રહેશે ને......

રે: (સાશ્ચર્ય) જતાં રહેશે! એ શું? દેવી ક્યાં જતાં રહે! બેસો, ખરેખર ત્હમારી કથા અદ્દભુત લાગે છે. હું આતુર છું. કહો, એ શું છે!

(બેઉ બેસે છે)

ત્હમે કહ્યું ને કે દેવી માટે ત્હમે ફુલો વીણો છો ને દેવી ત્હમને જીવાડે છે.

કુ: હા.

રે: ત્યારે પછી દેવી ક્યાંથી જતાં રહે! એતો મન્દિરમાં હશે ને.

કુ: ના, ના, એમ નહિ; મન્દિરનાં દેવી નહિ. અહિં કોઇ રહે છે નર્યાં દેવી જેવાં છે તે.

(રોહિત આશ્ચર્યચકિત થઇ જોઇ રહે છે.)

રોઃ એ કોણ છે ? એમનું નામ શું ? અહિં શું કરે છે ?

કુઃ તે તો કોણ જાણે. પણ ત્હમે એમને નથી દીઠાં ? ત્હમે ક્યાંથી આવો છો ?

(રોહિત કંઇક પાપ કર્યું હોય તેમ શરમાય છે.)

રોઃ ના, મેં નથી દીઠાં. હું તો પરદેશી છું.

કુઃ ત્યારે તો ત્હમે એમને જોઇને જ જજો. એવાં છે !

રોઃ પણ તે ક્યાં જતાં રહેશે ?

કુઃ કોણ જાણે; થોડાક દિવસથી કોઇ રાજપુત્ર આવ્યા છે ને બધાં કહે છે કે દેવી તો ત્હેની જોડે જતાં રહેશે. પણ પછી અમારૂં શું થશે......

રોઃ (સ્વગત) થોડા દિવસથી આવેલા રાજપુત્ર! નક્કી મ્હારા મિત્ર ગાંગેયનું જ એ કામ હશે. કેવો પક્કો ! અમ્હને કહે છે કોઇ દિવ્ય આત્મા સાથે યોગ સાધે છે તેથી મૃગયાએ નથી આવતો.

કુઃ ત્હમે શું વિચાર કરો છો ?

રોઃ નારે, કૈં નહિ. પણ એ દેવી જશે પછી ત્હમે શું કરશો ? ત્હમે સાથે નહિ જાવ ?

કુઃ હું ! મ્હને કોણ લઇ જાય. ને મ્હારા પિતા પણ ખરાને. મ્હારા વગર એ શું કરે ?

રોઃ જવું હોય તો હું લઇ જઇશ ને ત્હમારા પિતા પણ સાથે આવશે.

કુ: એમ! પણ દેવી ક્યાં જવાનાં છે ત્હેની તો ત્હમને ખબર નથી તે કેવી રીતે લઇ જશો ?

રે: એ તો પૂછીશું. ચાલો હું કાલે આવીશ. મ્હને દેવી પાસે લઇ જશોને ?

કુ: હા, જરુર આવજો. પણ રાખો, હું પગથાર દેખાડું; અહિં એવું અટપટું છે કે ત્હમને તે નહિ જડે.

રે: (સાનંદ) ભલે; ત્હમારો ઉપકાર થશે: પણ ત્હમારૂં નામ શું ?

કુ: મ્હારૂં નામ ?

(શરમાઇ) મધુરી.

(બેઉ જાય છે.)

(પડદો પડે છે.)

૧૨૦૭૩

પ્રવેશ ૨.

[એક તંબુમાં રાજકુમાર ગાંગેય ને ત્હેનો મિત્ર રોહિત બેઠા.]

ગાંગેયઃ હં, પછી તું શું કહેતો હતો ?

રોહિતઃ કે તે કોઇ અદ્‌ભુત આત્મા છે.

ગાંઃ કોણ ?

રોઃ જેનાં મ્હને અચાનક દર્શન લાધ્યાં.

ગાંઃ હા, પણ તે કોણ છે ? ક્યાં રહે છે ? ત્હેનું નામ શું ?

રોઃ ક્ષમા કરો મિત્ર; પણ એ હું કહી નહિ શકું. મ્હને આજ્ઞા નથી.

ગાંઃ આજ્ઞા ? આજ્ઞા કોની ? હું તો ધારતો હતો કે તું કોઈ સુન્દરીનાં દર્શન પામ્યો છે.

રોઃ મિત્ર, એતો જેવા જેના અનુભવ તેવી ત્હેની ચિકિત્સા. જે વૈદ્યને ક્ષય થયો હોય તે બધાજ લોકને ક્ષયથી પીડાતા ગણે છે.

ગાંઃ તેં કેમ જાણ્યું કે મ્હને એવો જ અનુભવ થયો છે ?

રોઃ કેટલીક વાતો કાનો સાંભળે છે ને કેટલીક આંખો સાંભળે છે.

ગાંઃ ત્હારી આંખોએ શું સાંભળ્યું ?

રોઃ એક સુન્દરી ને ત્હેની જોડે મિત્રથી ગુપ્ત રીતે પલાયન યોગ-સાધવા ઇચ્છતા, એક રાજકુમારની......

ગાંઃ બસ થયું હવે. ત્હારા ગુરૂજીએ આ ત્રિકાળદર્શન શિખવાડયું હશે.

રોઃ હા, જી.

ગાંઃ ચાલ, હવે; રોહિત, હું કંટાળ્યો છું. કહે તેં એ કેમ જાણ્યું હું પણ ત્હને કહેવાનો જ હતો. કોણ જાણે કેમ, ઘણુંયે ગુપ્ત રાખવા મથ્યો પણ ગુપ્ત ન રખાયું.

રોઃ પ્રેમનો જે નવીન અનુભવ મહારાજને થયો છે ત્હેનું એ–એક લક્ષણ છે. એનો પ્રતાપ અપૂર્વ છે; એનાં પૂર અટકાવ્યાં અટકતાં નથી.

ગાંઃ ખરૂં છે મિત્ર, એ અનુભવ પછી જાણે દૈવીશક્તિનીપ્રાપ્તિ થઇ હોય તેટલું ચેતન મ્હારી રગોમાં વહી રહ્યું છે. જાણે આકાશ ફાટી પ્રકાશનો ધોધ વરસ્યો હોય તેમ સારી સૃષ્ટિ ઓજસવંતી જણાય છે. હું કેવળ પરવશ થઇ ગયો છું.

રોઃ હરિ હરિ મિત્ર, એ શું કહ્યું. હસ્તિનાપૂરના રાજકુમારને એમ બોલવું શોભતું નથી મેં તો જાણ્યું હતું કે મ્હારા જેવા સામાન્ય માણુસો જ આવી વૃત્તિઓને વશ થાય છે; આશ્ચર્ય છે કે ભગવાન પરશુરામે શિખાડેલી વિદ્યાઓ પણ કામ ના આવી. ખરેજ મહારાજ બ્રહ્માસ્ત્ર, મોહાસ્ત્રના મંત્રો વીસરી ગયા હશે.

ગાંઃ (સસ્મિત) ખરું છે, મિત્ર, મ્હને કૈંજ ન સાંભર્યું.

રોઃ પણ ગંગાકુમારને આમ વશ કરનાર કોણ છે? અવસ્ય ઇર્ષાખોર ઇન્દ્રની કોઇ અજેત અપ્સરાજ હશે.

ગાંઃ ના, મિત્ર, તે મનુષ્ય છે–મનુષ્યોમાં દેવતા છે એ ખરું પણ છે તો મનુષ્ય પણ રોહિત, તું હવે મ્હને પજવીશ નહિ. વ્હારે મન બધી રમત થાય છે પણ...

રો: ક્ષમા કરો કુમાર હું એ વિશે એક પણ શબ્દ નહિ કહું. કુમાર આજે મૃગયાએ પધારશે? મ્હને રજા છે? પિતાશ્રીને કૈં સન્દેશો મોકલવાનો છે? સેનાને કૈં આજ્ઞા છે?

ગાં: બસ? હજી પૂછને. બીજા કૈં પ્રશ્નો નથી રહ્યા? ત્હારે વાત ઉડાવવી હોય તો એમ પણ પૂછને કે પ્રાણ ક્યારે...

રો: મિત્ર, એવું અમંગળ ના બોલશો. સમસ્ત જગતનાં સુભાગ્ય અમર રહો.

ગાં: ત્યારે હું શું કરૂં? મિત્ર, તું સાંભળ. મ્હારા મનમાં કૈંક ન કલ્પાય એવી શક્તિ ધોંધાટ કરી રહી છે. ત્હારી આગળ એ વાત કરવાનું પણ કૈં પ્રયોજન નથી અને છતાં વાત કર્યા વિના નથી રહેવાતું; એટલું જ નહિ પણ ત્હને એ વાત કરવાથી જ જાણે મ્હારૂં સુભાગ્ય વધતું ન હોય.

રો: મૈત્રિનો એ ગુણ છે કે મિત્રને સુભાગ્ય કહેવાથી આનંદ વધે છે ને દુર્ભાગ્ય કહેવાથી દુઃખ ઓછું થાય છે.

ગાં: ખરું છે.

રો: પણ મિત્ર, એ ધન્ય પ્રસંગ કેમ અને કયારે બન્યો?

ગાં: કહું. તે પૂર્ણિમાની મૃગયા યાદ છે ને? હું મૃગની પાછળ થયો એવામાં એક વાધ દોડતો જતો હતો. મ્હને એના મ્હોંમાં કૈં વલ્કલ જેવું જણાયું. મ્હને લાગ્યું કે તે કોઇ મનુષ્ય છે એથી સચિંત હું પાછળ પડયો ને એક જ તીરે એક ક્ષણમાં તે ઢળી પડયો.

રો: મિત્રનું નિશાન તો અચૂક જ હોય છે.

ગાં: મેં ઉતાવળે જોયું તો ત્હેના મ્હોંમાં ખાલી વલ્કલ-વસ્ત્રો હતાં. એ ક્યાંથી અને કેમ આવ્યાં ત્હેની મ્હને સહજ જીજ્ઞાસા થઇ તેથી વાઘની પગલીઓ પારખતો હું વનની લગભગ મધ્યમાં આવી પહોંચ્યો. ત્યાં એક જલાશય છે.

રો: જેને લોકો સૌન્દર્ય કુંડ કહે છે તે? સાંભળ્યું છે કે અપ્સરાઓ ત્યાં સ્નાન માટે અવતરે છે; ને ત્યાં સ્નાન કર્યા પછી અધિક સૌન્દર્યવતી થાય છે.

ગાં: બરાબર. મિત્ર, એ લોકકથા અસત્ય નથી. અપ્સરાને વનદેવતાથી યે વધુ સૌન્દર્યવતીની દેહલતાના સ્નાનથી ત્યાંના જળ સુન્દર થયાં છે. સ્વર્ગની અપ્સરાઓ તો એ સૌન્દર્યસામ્રાજ્ઞીના સ્નાન પછી જળમાં વળગેલા ત્હેના દેહમેલને જ સૌન્દર્યની રજકણો માની લઇ જાય છે.

રો: એમજ હોવું જોઇયે; પણ પછી શું થયું? મહારાજે પણ એ સૌન્દર્ય લીધું કે નહિ?

ગાં: પછી? હું ધીરે પગલે જતો હતો એવામાં સ્વર્ગની સ્હવાર જેવી વિમળ તેજરેખા જોઇ મ્હારાં ચક્ષુઓ સ્તબ્ધ થઇ ગયાં. ન કલ્પાય એટલું તેજ; ન સહાય એટલું સૌન્દર્ય; મૂઢ બની જવાય એટલું માધુર્ય..................

રો: ન મપાય એવી કલ્પનાઓ.

ગાં: મૂર્ખ, ભક્તને પુરુષોત્તમના દર્શન થાય ત્યારે કેવાં દર્શન થાય છે?

રો: ભક્તની કલ્પના પ્રમાણે?

ગાં: (સરોષ) રોહિત્, રોહિત્, એકવાર ત્હને એ સૌન્દર્ય પ્રતિમાના દર્શન થયાં હોય તો......

રો: ક્ષમા કરો, દર્શનની વાત તો કોણુ જાણે પણ મુહૂર્ત સારૂં નથી થયું. હું તો વ્હેમી છું. એમની વાત કરવાથી જ હું મૂર્ખ ઠર્યો તો...........

ગાં: થયું હવે બંધ કર. જો ત્હારે......

રો: ના, ના, કહો. મિત્રની ખાતર હું અમંગળ પણ સહી લઇશ. હં; પછી પેલાં સુભગદર્શન થયાં એમને? એવાં કે......મિત્રે શું કહ્યું પરમાત્માને ભક્તનાં દર્શન થાય તેવાં, ખરૂં ને?

ગાં: સૃષ્ટિ સરજાઇ તે પ્હેલાં, પ્રથમવાર પ્રકાશ પ્રકટયો હતો તે કલ્પી શકે છે?

રો: હવે રહેવા દો. એ કરતાં કલ્પના તો વધારે સરસ હું પણ કરી શકું. દિવસે ખૂબ ઉંઘ્યા પછી રાતે ઉંઘ ન આવે ને કંટાળી દિવસ ઉગવાની રાહ જોતા પડયા રહીયે ને પ્રથમ વાર અજવાળું જણાય.........

ગાં: ખરેખર, રોહિત, તેં ત્હારી રીતે સત્ય કલ્પના કરી. હા, મ્હારા નિરસ જીવનમાં તેમ જ અજવાળું થયું.

રો: બસ, પછી કે આગળ આવશે કે નહિ? કે અજવાળું થયું એટલે સમાપ્ત. પછી પેલા સૌન્દર્યકુંડ સાથે મહારાજનાં...

ગાં: હં, હં. એ મ્હારાં નથી. હજી તો........

રો: ચાલો, મહારાજનાં એ નહિ; પછી કે? પણ પછી શું થયું?

ગાં: સુન્દરીનું હૈયું ધડકતું હોય તેમ સૌન્દર્યકૂંડના જળ ધીરે ધીરે હાલતાં હતાં.

શે: એમાં પણ સુન્દરીનું હૈયું ? મિત્ર, હું તો પુરુષ છું ને પુરુષ જાતિ માટે મ્હને માન છે. હું ધારૂં છું કે પુરુષનાં હૈયાની કલ્પના કૈં ખોટી નથી. એનું હૈયું ઉલ્ટું વધારે વિશાળ હોય છે અને પુરુષના શ્વાસ પણ વધારે દીર્ઘ હોય છે.

ગાં: તું જો કવિ થયો હોત તો.........

શે: ક્ષમા કરો મ્હારા ઉપર એવડો મ્હોટો આક્ષેપ ન કરશો. હું એટલો મોટો અપરાધી નથી.

ગાં: પણ વારૂ. ત્હારે મ્હારી કથા સાંભળવી નથી ?

શે: હા, હા, કહો.

ગાં: તે સૌન્દર્યકૂંડમાં સ્નાન કરતી હશે ત્યારે કિનારે મૂકેલાં વલ્કલને મનુષ્ય ધારી તે લઇ વાઘ જતો રહ્યો હશે એમ હું કલ્પું છું.

શે: વાઘ પોતાનો વ્યાપાર વધારે સમજતો નહિ હોય? પોતપોતાના ભક્ષને તો બધાં જ ઓળખે છે.

ગાં: ગમે તે હોય. જ્યારે હું સૌન્દર્યકૂંડની સમીપમાં ગયો ત્યારે જળમાં રહ્યાં રહ્યાં તે વલ્કલ શોધી રહી હતી. હું તે સમજ્યો ને એક ઝૂંડની પાછળ જઇ તીરમાં વલ્કલ ભેરવી ત્હેની બરાબર સમ્મુખ તે મેં ફેંક્યાં.

શે: થયું કુમાર, હવે પછી શું બન્યું એ ન કહેશો. જેમ પછી બધે થાય છે તેમ થયું. તે ઉપકાર વશ થઇ ત્હેના બદલામાં તે...

ગાં: ના, ના, તેથી ઉલટું જ થયું. તે બ્હાર નીકળી, મ્હારી પાસે આવી ત્યારે મેં એક ભૂલ કરી.

રો: મિત્ર ભૂલ પણ કરી શકે છે ?

ગાં: ત્હેને વલ્કલ આપ્યાં એથી ફુલાઇ જઇ મેં જરા ઉતાવળ કરી ને એનું નામ પૂછ્યું. મિત્ર, એણે શો ઉત્તર આપ્યો હશે? ના, તે કૈં શરમાઇ ન ગઇ. ત્હેણે કહ્યું: રાજકુમાર, આટલી ન્હાની સેવા કરી તેટલામાં આટલી ધૃષ્ટતા કરો છો તો મૃત્યુના મુખમાંથી ઉગારો તો કોણ જાણે શું યે ન કરો.

રો: શું શું કુમાર ફરી કહો. આખી વાતમાં આજ સરસ છે.

ગાં: યોગ્ય છે રોહિત્, ત્હારો ને એનો ટાણો સર્વથા યોગ્ય છે.

રો: પછી શું થયું ?

ગાં: ત્હેણે કહ્યું: રાજકુમાર, આ અપરાધનો દંડ આપવો પડશે. મિત્ર, શિક્ષામાં સુખ મેં પ્હેલી વાર ત્યારે જ અનુભવ્યું. એના હાથે સજા ભોગવવામાં પણ અનેરો લ્હાવો હતો.

રો: ત્હેમણે શી સજા કરી? મિત્રને પોપટ તો બનાવી ન દીધા ને ?

ગાં: મિત્ર, તો મ્હારૂં સદ્‌ભાગ્ય થાત: પણ ત્હેણે તેમ ન કર્યું.

રો: ત્યારે ?

ગાં: ત્હેણે બે સરતો કરી.

રો: તે વળી શું ?

ગાં: પ્રથમ એકે મ્હારે ત્હેની કે ત્હેના કુટુંબની ત્હેને કે કોઇને પૂછપરછ ન કરવી.

રો: મિત્ર, ડાહ્યાંઓ કહે છે કે સુન્દર સ્ત્રીઓથી સોએ સાવચેત....

ગાં: બસ હવે. ડાહ્યો ન થા.

રો: ભલે ને બીજી સરત...

ગાં: કે બે વર્ષ સૂધી એ વ્રત કરે છે ત્યાં લગી મ્હારે એની સમીપ ન જવું.

રો: હરિહરિ, અતિવિકટ; પણ મિત્ર, એ બે વર્ષો તો આમ વહી જશે. કાળ બહૂ ઉધમી ગુલામ છે. ત્હેનો રેંટિયો ઝપાટાભેર હમેશ ચાલ્યા જ કરે છે પણ બે વર્ષ પછી તો...

ગાં: હા, બે વર્ષ પછી કોઇ પણ પુરુષે ન કરેલું હું કરી બતાવું તો એ મ્હને વરશે.

રો: પણ આટલી બધી સરતો કરવાની એની શી સત્તા છે ?

ગાં: છે, મિત્ર, છે; ત્હેનામાં મહાસમ્રાટ્‌માં નથી તે સત્તા છે.

રો: ઇશ્વરની ?

ગાં: હા, કારણ કે ત્હેના સૌન્દર્યની જ્યોતિ સમક્ષ મહારાજ્યોના વૈભવ ને બળીઆનું બળ તુચ્છ છે. પેલો વાઘ વલ્કલ લઇ જતો રહ્યો ને જળાશય પાસે ઉભો પણ ન રહ્યો.

રો: ક્ષમા કરો; પણ એ વાઘને તરતાં આવડતું નહિ હોય. આપની આજ્ઞા હોય તો એ સત્તાધારિણીની સત્તા મોડવાનું બીડું હું ઝડપીશ.

ગાં: રોહિત્, હું જાણું છું કે તું શૂરવીર છે; પણ એ કામ ત્હારાથી નહિ થાય.

રો: (સક્રોધ) મિત્ર, હસ્તિનાપૂરના રાજકુમાર સિવાય કોઇએ આમ કહેવાની હિંમત નથી કરી.

ગાં: ઘેલા, હું સકારણ કહું છું.

રો: કારણ...શું કારણ છે ? એક સ્રીને...

ગાં: મિત્ર, સાંભળ; એમ અધીર ન થા. એમ બળાત્કારે તું શું લાવી શકીશ ? ત્હેનું સૌન્દર્ય ? ના, કારણ ત્હેનું સૌન્દર્ય ખાલી ત્હેની દેહ નથી; ત્હેનું હૃદય પણ છે.

રો: આ સિદ્ધાંત તો નવો જ છે. કેટલા ક્ષત્રીયો ને રાજપુત્રોના......

ગાં: ખરી વાત છે, રોહિત; ઘણા રાજવીરો એવો બળાત્કાર કરે છે ને હીણભાગ્યે સ્રીહરણની પ્રથા સર્વમાન્ય ગણાઇ છે; પણ એ સ્તુત્ય નથી. એથી જ ક્ષાત્રતેજ દિન પર દિન ઘટવા માંડયું છે. એ નરેશોના મન્દિરોમાં સંપૂર્ણ સ્રીઓ જ નથી હોતી; ત્હેમનું અર્ધ સ્રીત્વ એ બળાત્કારના પ્રસંગમાં જ નાશ પામે છે. બાકી રહેલાં ખોખાં માત્ર એ નરેશોના મન્દિરોમાં વસે છે–ઉડી ગયેલા આત્મા પછીના શબ પેઠે.

રો: કુમાર, મ્હારા જેવા સામાન્ય સુભટની બુદ્ધિમાં એ વાત નથી ઉતરતી.

ગાં: ના, એકલા ત્હારા જેવાની બુદ્ધિમાં નહિ, આખા જગતની બુદ્ધિમાં એ નહિ ઉતરે. પ્રજા ને પ્રજાનાયકોની બુદ્ધિ આ વિચાર માન્ય રાખે એ ધન્ય દિવસ તો યુગો પછી ઉગશે—આજ નહિ.

રોઃ મિત્ર, ત્યારે એટલા બધા યુગો પછીની આપને શી ચિન્તા ?

ગાંઃ કારણ આજે મ્હને એ ચિન્તા ન થાય તો યુગો પછી પણ એ દિવસ નહિ ઉગે. મ્હારો આજનો વિચાર સૃષ્ટિ કે આકાશની કોઇક ગુફામાં રહેશે તો જ કોઇક દિવસ તે બ્હાર આવશે, ને પ્રચાર પામશે ને......સફળ થશે.

રોઃ આ વાતમાં ત્યારે મહારાજે શું વિચાર્યું ?

ગાંઃ મિત્ર, એ કોમળાંગી બે વર્ષોનું વ્રત કરી શકશે તો યુધ્ધોથી કસાયલું આ શરીર નહિ કરે ?

રોઃ એ વાત તો મેં કયારની કહી. મ્હને એની ચિન્તા નથી; પણ કોઇ પણ પુરુષે ન કરેલું......

ગાંઃ હા, મ્હને પણ એની ચિન્તા થાય છે ખરી. એથી જ હું અસહ્ય વ્યથા અનુભવું છું ને શંકાશીલ મન પરિતાપ ઉત્પન્ન કરે છે; પણ મિત્ર, જે વિધિએ અમ્હને પ્રથમ ભેગાં કર્યાં તે જ વિધિ સૌ રચના કરી મૂકશે. હવે તો હસ્તિનાપૂર જશું; કદાચ મન ત્યાં શાંતિ પામશે. જા, તું સેનાને આજ્ઞા આપ. હું પણ જરા વિશ્રામ લઇશ. (જાય છે)

રોઃ (સ્વગત) વિધિ ? કોણ જાણે ! પણ એ દેવી અહિં રહેશે તો મધુરીનું શું ? વિધિ ?

(જાય છે)

(પડદો પડે છે.)

પ્રવેશ ૩.

[બે વર્ષ પછી અયોધ્યામાં. ગાંગેય અને રોહિત પ્રવેશ કરે છે.]

રોહિતઃ અહાહા શી ગંદકી છે. હવે તો આગળ હું નહિ આવું. પછી ભલે મહારાજશ્રી મ્હને ફાંસીએ ચઢાવે; હવે તો મ્હારૂં નાક સોડી ઉઠયું છે. એવા નાક સાથે જીવતા રહેવું તે કરતાં તો સારા નાકે મરવું એ વધારે ઇષ્ટ છે. કોણ જાણે મહારાજશ્રીએ સાસરૂં આવીજ જગાએ કેમ જોયું ?

ગાંગેયઃ ચાલ મૂર્ખ, હવે એ લવારો રહેવા દે. જો, પેલો વૃદ્ધ માણસ આવે છે એને ઘર પૂછી જો. (એક વૃદ્ધ માણસ આવે છે. રોહિત ત્હેની પાસે જાય છે ને જાણે કોઇ સાંભળી જાય ત્હેની બ્હીક લાગતી હોય તેમ કાનમાં કૈંક પૂછે છે. વૃદ્ધ ત્હેનો ઉત્તર આપતો એક ત્રુટી ઝુપડી તરફ આંગળી કરે છે ને ચાલ્યો જાય છે.)

કેમ મિત્ર, એમ ધીરૂં ધીરૂં કેમ પૂછતો હતો.

રોઃ આવા રાજકુમારને હું એક ઢીમરને ત્યાં તેડી જાઉં છું એમ લોક સાંભળે તો મ્હને શું કહે.

ગાંઃ (હસી પડી.) અલ્યા, તું પણ ઠીક બુદ્ધિ વાપરે છે. તે હસ્તિનાપૂરની જાન આવશે ત્યારે લોકો નહિ જાણે ?

રોઃ મિત્ર, રાજકુમારો ભલે રાજવિદ્યામાં કૂશળ હોય પણ સં- સારી વાતોમાં તો સંસારના અનુભવીનુંજ કામ. જાન આવશે ત્યારે તો બધા જાણશે. પણ ત્યારે તો એના બદલામાં કન્યા લઇ જશું કની. પણ એ ઢીમરે નાજ પાડી તો ? કન્યાની કન્યા જાય ને વગો- વણું ભારી થાય; એ કોણે કહ્યું ?

ગાં: ઠીક, પણ ચાલ હવે; તું આગળ થા.

રો: ના, મિત્ર, એ કામ મ્હારૂં નહિ. માતુશ્રી લઇ આવવાનું બીડું ભરી સભામાં તો મ્હારા મિત્રે ઝડપ્યું હતું? પછી હવે સંકોચ શા માટે?

(બેઉ પેલા વૃદ્ધે બતાવેલા ઘર પાસે આવી પહોંચે છે. એટલામાં ઘરમાંથી એક ઢીમર બ્હાર નીકળે છે. બેઉ કુમારો ત્હેને નમસ્કાર કરે છે.)

ઢીમર: ક્યાંથી આવો છો? કોણ છો?

ગાંગેય: અમે હસ્તિનાપૂરથી આપને મળવા આવ્યા છિયે.

ઢીમર: ઉભા રહો, કંઇક પાથરણું લઇ આવું.

(અંદર જાય છે)

રોહિત: (ધીરેથી) મિત્ર, સાવ અસંસ્કારી નથી લાગતો. મુખમુદ્રા પણ ગૌરવશાળી છે.

ગાં: પિતાશ્રીની પસંદગી ખોટી હોય?

(ઢીમર પાથરણું લઇ આવે છે. ત્રણે જણ બેસે છે.)

ઢી: કેમ આવ્યા છો?

ગાં: ભગવન્...........

(રોહિત ગાંગેયનો પગ ડાબેછે.)

રો: (ગાંગેયને ધીરેથી) મિત્ર, એ શિષ્ટાચાર જવાદોને.

ઢી: (રોહિતને) કેં નહિ, એ એવું બોલશે તેથી મ્હને કેં માઠું લાગવાનું છે?

ગાં: ભગવન્, મ્હારા પિતાશ્રી, હસ્તિનાપૂર.........

ઢી: એતો મ્હને ખબર છે. જરા ઉતાવળે કહી ઘોતો. મ્હારે બંદરે જવાની વેળા થઇ ગઇ છે. વટેમાર્ગુઓ રાહ જોતા હશે. જુઓને સંતનુ મહારાજને મ્હારી કન્યા પરણવી છે, ખરૂંને.

રો: હા, એવું કંઇક છે ખરૂં.

ઢી: (ગાંગેયને) એમને મેં કહ્યું હતું કે એમ હોય તો રાજકુંવરને મોકલજો.

રો: એતો અમને ખબર છે. હવે જરા ઉતાવળે કહી ઘોતો. અમ્હારી પણ કોઇ રાહ જુએ છે.

(ઢીમર ગુસ્સે થાય છે. તેની આંખો લાલ થાય છે. એટલે ઉતાવળે)

ગાં: ક્ષમા કરો એ તો મૂર્ખ છે.

રો: (ધીરેથી) મિત્ર, એમ ડરી શું જાવ છો! એ આંખો......

ગાં: ચૂપ.

રો: (ધીરેથી) ના, ચૂપ કૈં નહિ. એ ધારતા હશે કે આપણે ગરજુ છિયે પણ એને ખબર નહિ હોય કે એનું ને કન્યા બેઉનું હરણ કરી જશું.

ગાં: વારૂ, વારૂ.

ઢી: ત્યારે રાજકુંવર, સંતનુ મહારાજનો હજી નક્કી વિચાર છે ખરો?

ગાં: ભગવન્ તેથી જ અમે આવ્યા છિયે.

ઢી: પણ તે બની શકે એમ નથી.

રો: ત્યારે અત્યાર સુધી શું મજાક કરતા હતા?

ગાં: ત્હેનું કારણ શું!

ઢીઃ કારણ કે મ્હારી સરત પાળવાની કોઇની તાકાત નથી.

રોઃ ઓહહો !

ગાંઃ એતો સરત કહ્યા વગર કેમ ખબર પડે. કસોટી કર્યા વગર સામાની તાકાતનો આંક કેમ કરાય.

ઢીઃ રાજકુંવર, ભલભલા રાજ–મહારાજો એ સરતથી ડરી ગયા છે. તો ત્હમે તો હજી ન્હાના છો.

રોઃ હવે સરત જ કહી નાંખોને.

ગાંઃ હા, એ જ વધુ યોગ્ય છે.

ઢીઃ મ્હારી એટલી જ સરત છે કે જો સંતનુમહાજને એ કન્યા જોઇતી હોય તો રાજકુંવર ગાંગેય રાજત્યાગ કરે.

રોઃ (ઉતાવળે) ભેદ જણાઇ ગયો. આટલા માટે જ મ્હારા મિત્રને તેડી મંગાવ્યા હતા કે? એમ ધારતા હશો કે બાળકો છિયે તે ચણા ખાતર કલ્લી કાઢી આપશું કેમ?

ગાંઃ મિત્ર એમ ઉતાવળો ન થા. (ઢીમરને) હા—

રોઃ શું, હા? હું તેમ થવા નહિ દઉં.

ગાંઃ જરા ડાહ્યો થઇશ?

રોઃ (ઢીમરને) પણ આટલી મ્હોટી કિંમત માંગો છો તે ત્હમારી કન્યામાં એવડું બધું શું છે!

ઢીઃ સંતનું મહારાજાને પૂછીને નથી આવ્યા લાગતા. પણ ત્યારે હું એક સવાલ પૂછું છું. ત્હમે રાજપુરુષોએ શું એમ ધાર્યું હતું કે ત્હમારો મિત્ર રાજ્ય કરે ને મ્હારી દીકરીના દીકરાઓ

ત્હમારી સેવા કરે, એમને મહારાજ. પણ ગરીબની કન્યા શું નાંખી દેવાની હોય છે ?

રોઃ પણ મનોરથોને પણ હદ હોય. ત્હમારે લાયક કૈં માંગો તો તે મળેયે ખરૂં–

ઢીઃ ના, કોઈ પણ માણસ કૈં માટે નાલાયક નથી. સ્વમાંને વળી સરહદ શાની ? પણ એ તો પરવડે તો કરો. હું ક્યાં કોઇને બાંધી મારૂં છું.

રોઃ એ તો કોની તાકાત છે ?

ગાંઃ (રોહિતને) મિત્ર, આવા વિવાદથી અર્થ નહિ સરે. (ઢીમરને) ભગવાન્, ત્યારે અમ્હને શો ઉત્તર છે ?

ઢીઃ ઉત્તર તો ત્હમારે આપવાનો છે. મેં તો આગળથી જ કહ્યું હતું કે ત્હમારાથી સરત નહિ પળાય....

રોઃ એમ પાણી શા માટે ચઢાવો છો ? કાલે તો ત્હમે ચન્દ્રને હથેલીમાં માંગશો. એવી આકાશપુષ્પ જેવી વાતો થઇ સાંભળી છે. હજુયે કહું છું કે કૈં વ્યાજબી....

ઢીઃ એમ બજારી રીત ન કરશો. ગરીબની દીકરીઓ પણ વેચાતી નથી.

રોઃ ત્યારે આ શું કરવા બેઠા છો ?

ઢીઃ શ્વસુરકૂળની પરીક્ષા કરૂં છું. જે અજાણ્યા કૂળમાં ત્હેને જવાનું છે ત્હેના માણસો કેવા છે તે તો જાણવું જ જોઇયે. ત્હમારાથી આટલું નથી થતું તો મ્હારી દીકરી માટે બીજું શું કરવાના હતા.

રોઃ આટલું જ, ભાઇ, હવે તો હદ થઇ. ત્હમને....

ઢીઃ (ઉભો થાય છે) સરત પળાય ત્યારે આવજો.

ગાં ભગવન્, બેસો, હું ત્હમારી સરત કબૂલું છું.

રોઃ મિત્ર, મિત્ર....

ગાંઃ અમ્હારા કુળદેવને સાક્ષી રાખી હું પ્રતિજ્ઞા કરૂં છું કે હું કદી પણ રાજ્યારોહણ નહિ સ્વીકારૂં.

ઢીઃ **चिरंजीवी भव** પુત્ર. રાજ્યધારીઓની કીર્તિ કરતાં ત્હારી કીર્તિ જગતમાં વધારે ઝગઝગશે.

રોઃ મિત્ર, ત્હમે આ શું કર્યું? પિતાશ્રીને પૂછવું તો હતું?

ગાંઃ રોહિત, એવા પિતાની એક ઇચ્છા તૃપ્ત કરવા આવાં રાજ્યો તો શું પણ આવા અનેક જન્મો યે વારી નાંખવા પડે તો શું થયું.

રોઃ પણ—

ગાંઃ પણ શું? સંતનુ મહારાજનો તું પુત્ર હોત તો પણ કે બણ કૈં ન કહેત.

રોઃ પણ આ તો અપૂર્વ છે. લોકવેણુમાં પણ આવી એકે વાત નથી સાંભળી.

ગાંઃ (ઢીમરને) ભગવન્, અમ્હારાં માતુશ્રી....

ઢીઃ હા, રાજકુમાર, તે એના મોસાળ રહે છે. પંદર દિવસ પછી આવજો ને તેડી જજો.

(રોહિત શંકાશીલ થઇ જૂએ છે.)

ભાઇ, મ્હને ક્યાં રાજપાટ લખી આપ્યું છે કે આમ શંકા કરો છો!

ગાં: યોગ્ય છે, અમે પંદર દિવસ રહીને આવીશું. મિત્ર આપણે પણ....

(બેઉની આંખ મળે છે.)

રો: (સહર્ષ) હા, હા, બરાબર છે. ચાલો, અમે રજા લઇશું.

ગાં: વડિલ, આશિર્વાદ માગું છું.

દી: आयुष्मान् भव

(જાય છે. પડદો પડે છે.)

પ્રવેશ ૪.

[વનમાં સંધ્યા. જળ શોધવા નીકળેલો રોહિત પ્રવેશ કરે છે.]

રો: (સ્વગત) મિત્રે રાજત્યાગ કર્યો. સેના હસ્તિનાપૂર પહોંચી ગઇ હશે. મહારાજે ને આખી પ્રજાએ આ વાત જાણી હશે. હવે એ સૌ શું કહેશે? પ્રધાનમંડળ મ્હારૂં મ્હોં પણ નહિ જુએ. પ્રજાનો લાડકો કુંવર રાજત્યાગ કરે એ કોણ સહી શકે. ખરેખર! મ્હારે અહિં આવવું હતું. પણ (જરા વિચાર કરી) હજી શું એકે ઉપાય નહિ હોય? (ધીરે ધીરે વિચાર કરે છે) હા, એક છે. પણ કેટલો ભયંકર! સ્ત્રીહત્યાનું પાપ! ને (જરા વારે) એથી ગાંગેયને દુઃખ નહિ થાય? અને પછી સંતનુ મહારાજનું શું? (મૂઢ જેવો ઉભો રહે છે.) ખરેખર, મ્હને કંઇ જ સુઝતું નથી. આ દુનિયાની કમાન જ એવી છે. માણસની બેઉ બાજુએ મ્હોટી ખાઇઓ છે. એ બિચારો જે દિશાએ વળે ત્યાં ત્હેને પડવાનું જ સરજ્યું છે. (જરાવાર એક ઝાડ નીચે બેસે છે. એટલામાં ઉતાવળે પગે ગાંગેય પસાર થાય છે.)

કેવો પાકો! મ્હને કહે છે કે તૃષા લાગી છે તે જળ લઇ આવ. જરુર તે ત્યાંજ જતો હશે. આજે બે વર્ષ પૂરાં થયાં છે ને હા, એ તો ભુલી જ ગયો હતો. કોઈ માણસે ન કરેલું ગાંગેયે કરી પણ બતાવ્યું. ચાલો, આ દુઃખદ કથામાં એટલું આશ્વાસન છે; લાવ ; પણ ત્હેની પાછળ જાઉં. (જવા માંડે છે એટલામાં બીજી દિશામાંથી કોઇના આવવાનો પગરવ સંભળાય છે, તેથી રોહિત અટકી જાય છે. થોડી વારે એક સુન્દરી પ્રવેશ કરે છે. બેઉ એકબીજાને ઓળખે છે. રોહિત પ્રણામ કરે છે.

સુન્દરી: સૌ કુશળ છો?

રો: હા, અને આપનું ક્ષેમ ઇચ્છીયે છિયે.

સુ: આપ એકલા કેમ છો !

રો: ભગવતિ, હમણાં જ મ્હારો મિત્ર આ દિશામાં ગયો; કદાચ....

સુ: હું સમજી, પણ એમના વચનનું શું ? કોઇ માણસ....

રો: હા, એ નરેન્દ્રે કહ્યું કર્યું છે.

સુ: (સહર્ષ) એમ ! રોહિત્‌કુમાર, હું ધારતી હતી કે મેં અતિ લોભ કર્યો હતો.

રો: લોભ ! તે કેમ ?

સુ: એ ત્હમને નહિ સમજાય. પણ દરેક સુન્દરીમાં એ સ્વાર્થવૃત્તિ હોય છે કે પોતાનું સ્વજન દુનિયાંના બધાંથી ચઢીયાતું થાય. ત્હમે પુરુષો પોતે સર્વોપરિ થવા માંગો છો પણ અમે સ્ત્રીઓ તો અમ્હારાં સ્વજન સર્વોપરિ થાય એમ ઇચ્છીયે છિયે. એ લાગણીને વશ થઇને જ મેં પણ એવી માગણી કરી હતી પણ પાછળથી.... (અટકે છે.) પછીથી મ્હને એમ થયું કે મ્હારા બોલથી કદાચ હું સદૈવ મળેલું સુભાગ્ય ગૂમાવી દઉં.

રો: ભગવતિ અણજાણ્યાં જ મ્હારા મિત્રમાં એવી અશ્રદ્ધા રાખો છો.

સુ: અથવા અતિસ્નેહી. સ્ત્રીનું મન જરા વધારે અધીરૂં હશે.

રો: પણ એણે શું કર્યું એ જાણશો નહિ ?

સુ: એનો શો અર્થ છે? જગતના બધાંથી તેઓ અપૂર્વ છે એ લાગણીનો વૈભવ શું ઓછો છે કે વધારેની જરુર રહે. પણ કહો એમણે શું કર્યું છે?

રો: એ આનંદની વાત નથી. ત્હમને તો અવશ્ય ગેરલાભ થયો છે.

સુ: (જરા સચિન્ત) તે શું?

રો: પિતાની ઇચ્છા સફળ કરવા ખાતર એમણે રાજત્યાગ કર્યો છે.

સુ: (સહર્ષ) ખરેખર?

(ગાંગેય પ્રવેશ કરે છે.)

ગાં: હા, દેવિ, એ વાત ખરી છે.

સુ: આર્યપુત્રે ખરેખર વચન પાળ્યું છે.

(સુન્દરી પોતાના ગળામાંથી જાસવંતીની માળા કાઢે છે.)

ગાં: દેવિ, મેં વચન પાળ્યું છે એમ માની લઇ મ્હારૂં ઋણ ત્હમે વધારો છો.

રો: મિત્ર, એ સભ્યતાના વાઘા હવે તો છોડી દો.

સુ: ખરેજ, આર્યપુત્ર, રોહિતકુમાર સત્ય કહે છે.

(માળા પાસે લઇ જાય છે; અને ગાંગેયને પ્હેરાવવા જાય છે એટલામાં ઢીમર પ્રવેશ કરે છે.)

ઢી: સણુર. આટલી અધમતા! મા સાથે આવો સંબંધ કરતાં લાજ નથી આવતી?

(બધાં ચમકીને મૂઢ જેવાં બની જાય છે.

સુન્દરીના હાથમાંથી માળા પડી જાય છે.)

ગાં: (માથે હાથ દઇ) ઓ, હું આ શું સાંભળું છું! મેં શું કર્યું ?

ઢી: સંતનું મહારાજનું કૂળ લજાવ્યું, બીજું શું? અમ્હારા નીચ લોકમાં પણ મા તે મા. ને મત્સ્યા તું પણ આવી ?

રો: કૃપા કરો, પણ આમાં મ્હારા મિત્ર કે કોઇ દોષિત નથી.

ગાં: ના, ભાઇ રોહિત્ હું દોષિત છું. મ્હને સજા થવા દે.

(મત્સ્યગંધા નીચા મ્હોંયે ઉભી છે. ગાંગેય ત્હેની પાસે જઇ ધુંટણીયે પડે છે.)

મા, ઓ મા,

(મત્સ્યગંધા ચોધાર આંસુએ રડે છે. ત્હેના હોઠ પર દાંત બીડાયા છે. તેમાંથી લોહી ટપકે છે.)

ઢી: રાજકુંવર હવે ઉઠો ને ત્હમારૂં ચરિત્ છૂપાવો.

(ગાંગેય ઉભો થાય છે.)

ગાં: ભગવન્, ત્હમારો ટાણો યોગ્ય છે; પણ ત્હેનું પ્રાયશ્ચિત હમણાં જ કરૂં છું. (આકાશ ભણી નજર કરી) ઓ, આકાશના દેવ-દેવતાઓ મ્હારા સાક્ષી રહેજો. હું ગાંગેય ઇષ્ટદેવના શપથ લઇ પ્રતિજ્ઞા કરૂં છું કે આના પ્રાયશ્ચિત અર્થે આજથી જગતભરની સ્ત્રીઓને હું માતુલ્ય ગણીશ.

રો: મિત્ર, મિત્ર.

(ગાંગેય મત્સ્યગંધા પાસે જાય છે ને નમન કરે છે.)

ગાં: માતુશ્રી, મ્હને આર્શિર્વાદ આપો.

મ: પુ...ત્ર...

હીઃ હા, મત્સ્યા, એ ત્હારા પુત્ર છે. એ ત્હને તેડવા જ આ
છે. હું જરાક વ્હેલો આવ્યો હોત તો એમને આવી ભિષ્મ પ્રતિ
લેવી ન પડત પણ ઇશ્વરે એમ જ ધાર્યું હશે.

મઃ ગાંગેય, ત્હમે નિર્દોષ છો; ત્હમારે આવી પ્રતિજ્ઞાની જ
નથી. હું ત્હમારી માતા ત્હમને છૂટા કરૂં છું.

ગાંઃ માજી, ક્ષત્રિયનું વચન ખોટું ઠરે તો ત્હમારો ગતકાળ
વિશ્વાસ પણ ખોટો ઠરે. જીંદગી તો કાલે પૂરી થશે; એવડો મોહ શે

રોઃ પણ મિત્ર, આવી પ્રતિજ્ઞા વગર ત્હમારે શું અટકી :
હતું. ત્હમે બીજા કોઇનો વિચાર કર્યો કે નહિ? આ સાંભળીને અ
રાજ્ય શોકમાં ડૂબી જશે.

ગાંઃ મિત્ર, એવી ક્ષણિક લાગણીઓ જેટલી સ્હેલથી ઉભ
છે તેટલી જ સરળતાથી પાછી વળે છે. એટલા ખાતર અ
પ્રકાશ......

રોઃ અનંત પ્રકાશ? મ્હને તો અભેદ્ય અંધકાર લાગે છે.

ગાંઃ ભૂલે છે. તું જ પેલા સિદ્ધનું વાકય મ્હને કહેતો હતે
યાદ કર. "આ વનમાં આજે કે પછી જે થાય ત્હેનાથી નિરાશ
થઇશ. એ દેખાતા અંધારામાંથી જ માનવજાતિની તેજસ્વી ભ
રેખાઓ પ્રકટશે" યાદ છે? એ ભવિષ્યવાણી હતી.

મઃ રોહિતકુમાર, ત્હમારા મિત્ર ખરું કહે છે. આપણી •
જણાતા આ અંધકારમાં હું પણ પ્રકાશના કિરણો જોઉં છું.
મ્હારા આશિર્વાદ છે, જગત ત્હમને આ ભિષ્મ પ્રતિજ્ઞાને લીધે ભિ
પિતામહ કહેશે ને દેવ જેમ પૂજશે; ને સમ્રાટોથી યે અધિક ગ
ત્હમે મેળવશો.

ઢી: અસ્તુ!

ગાં: માજીના આશિર્વાદ માથે ચઢાવું છું. હવે આપણે જશું?

મ: ના, મ્હારે એક વચન પાળવાનું છે.

રો: તે શું?

મ: હું એકલી નથી. અહિંથી મ્હારી સાથે કોઇ આવવાનું છે.

ઢી: તે વળી કોણ?

(મત્સ્યગંધા એક ઝાડ તરફ આંગળી કરે છે. એક દેવદારૂને લપ્પાઇ મધુરી ઉભી રહી છે. સૌ ત્હેને જુએ છે.)

ગાં: અરે હા, એ તો વિસરી જ ગયો હતો. ચાલ, ભાઇ, રોહિત, અહિંયાં જ ત્હારાં લગ્ન કરીયે ને પેલા સિદ્ધનું વાક્ય ખરૂં પાડિયે.

મ: હા, એ યોગ્ય છે.

(મત્સ્યગંધા મધુરી પાસે જાય છે ને એ શરમાતી કન્યાને લઇ આવે છે. ગાંગેય રોહિતને આગળ કરે છે. મત્સ્યગંધા પડી ગયલી જાસવંતીની માળા મધુરીને પ્હેરાવે છે; ને બેઉનું પાણિગ્રહણ કરાવે છે.)

રો: મિત્ર, ભિષ્મપિતામહ...

ગાં: મિત્ર, ત્હારા સુખથી મ્હને અધિક આનંદ થાય છે.

મ: (ધીરેથી) ને હું પણ મ્હારૂં દુઃખ વીસરી જાઉં છું. ત્હમે બેઉ સુખી થાવ.

(મત્સ્યગંધા ગાંગેય ને ઢીમર આશિર્વાદો ભણે છે. રોહિત અને મધુરી, શરમાતાં લજવાતાં પ્રણામ કરે છે.)

(પડદો પડે છે.)

ઉપસંહાર.

એક સ્ત્રીઃ દુનિયાના કોઇ દેશમાં આવું થયું છે ખરું ?

એક પુરુષઃ સાંભળ્યું તો નથી.

સ્ત્રીઃ અમર રહો આપણું પુણ્યવન્તું વતન !

હંસા

(એક-અંકી નાટક)

ધીરૂભાઇને :

પાત્રોઃ

	હંસા.
નરેશ.	વિમળા.
ધીમન્ત.	ઉર્મિલા.
જગદીશચન્દ્ર	સુરમા.
નોકર વિ.	સુરભિ.

પ્રવેશ ૧

[સમયઃ સ્હવારના અગિયાર. નરેશના ઘરનો એક ઓરડો. હંસા ફુલદાન ગોઠવતી હોય છે એટલામાં ધીમન્ત પ્રવેશ કરે છે.]

હંસાઃ આવો મઝામાં છો ?

ધીમન્તઃ કેમ નરેશ બ્હાર ગયો છે ?

હં: હા, પણ બેસોને, ઓફિસે ગયા છે તે હમણાં આવશે આઠ વાગ્યાના ગયા છે. (બેઉ બેસે છે. જરાવાર પછી.)

ધીઃ પછી ત્હમે વસન્ત-ઉત્સવમાં ગયાં હતાં કે ! મ્હારાથી તો ન જવાયું.

હં: (જરા વિચાર કરી) ના, મ્હારાથી પણ ન્હોતું જવાયું.

ધીઃ કેમ વિચારમાં પડયાં !

હં: ના, અમસ્તું જ. હું ન્હોતી ગઈ.

ધીઃ નરેશ પણ ન્હોતો ગયો ? એતો ગયો જ હશે.

(હંસા ધીમન્તની સામું જુએ છે.)

હં: હા, એ ગયા હતા.

(હંસાના મ્હોં ઉપરના ભાવો સહેજ બદલાય છે. ધીમન્ત તે જુએ છે.)

ધીઃ (ઉતાવળે) ત્હમને ખોટું લાગ્યું ! માફ કરજો હં, મેં તો અમસ્તુંજ પૂછ્યું હતું. બધા લોકો એજ વાત કરે છે એટલે મેં પણ સ્હેજ પૂછ્યું. મ્હને ખબર નહિ કે ત્હમને.........

(ધીમન્તનું વાક્ય અધૂરૂં જ રહે છે. ધીમન્તને લાગે છે કે હંસા તે સાંભળતી નથી. બેઉ થોડી વાર ચૂપ રહે છે. ધીમન્ત ટેબલ પર પડેલાં છાપા પર નજર ફેરવે છે.)

હંસા બ્હેન, આ જાણ્યું ? ફરી વાર લઢાઈ થવાની વકી છે.

હું: હશે.

(ધીમન્ત હંસા તરફ જોઇ રહે છે. ધીમન્તને સ્હેજ દિલગીરી થાય છે.)

ધીઃ ત્હમારૂં શરીર સારૂં નથી ?

હું: (સ્હેજ હસીને) ના, તદ્દન સારૂં છે, કેમ ?

ધીઃ કેમ શું ? છેલ્લી લઢાઇ પછી તો ન્હાનું બાળક પણ લઢાઇના નામથી ત્રાસી ઉઠે છે. ને ત્હમે તો જાણે કોઇએ કહ્યું હોય કે આજે દશમ છે ને હશે કહો તેમ બોલો છો.

હું: પણ એવી વાતમાં મ્હને શી સમજ પડે ? એ બધા દેશોનાં નામો પણ મ્હને તો પૂરાં નથી આવડતાં તો પછી......

ધીઃ તેતો અમ્હને પણ નથી આવડતાં તેથી શું ?

હું: ત્હમારી વાત તો જૂદી છે. ત્હમે તો શિખી શકો.

ધીઃ ને ત્હમે ન શિખી શકો ? ત્હમે તો બે સૈકા પ્હેલાની વાત કરો છો. જુઓને ઉર્મીલા.........

હું: હા, પણ એતો કેવી ભણેલી છે! જગદીશભાઇએ એને તો બી. એ. કરી છે. મ્હને કેં મ્હારા માબાપે......

ધીઃ પણ એ બી. એ. થઇ તેથી થઇ રહ્યું? મ્હને તો લાગે છે કે એનામાં ત્હમારી અર્ધી આવડત નથી.

હું: એ તો ત્હમે કહો.

ધીઃ ને બીજા નથી કહેતા?

હું: (હસીને) ના.

ધીઃ એક નરેશના સિવાય બધાં કહે છે ને એતો મૂરખ છે.

હું: એમ ન કહેશો; પણ આપણે એવી વાતનું શું કામ? ચાલો, લઢાઇ થશે પછી શું?

(ધીમન્ત હંસા તરફ જોઇ રહે છે.)

ધીઃ એ કેટલો ભાગ્યશાળી છે?

હું: ત્હમને ઇર્ષા થાય છે?

ધીઃ ન થાય? આવી સ્ત્રીને......

(નોકર દાખલ થાય છે.)

નોકરઃ બાઇ, જગદીશચંદરભાઇના ઘેરથી માણસ આવ્યો છે તે કહે છે કે સાહેબ આજે ત્યાં જમવાના છે તે ખોટી ન થશો.

(હંસાનું મ્હોં પડી જાય છે.)

હું: એ માણસ ગયો?

નોકરઃ ના, જી.

હું: એને અહિં મોકલ.

(નોકર જાય છે.)

ધી: ત્હમે પણ ભૂખ્યાં હશો.

હં: હાસ્તો, ને આજ તો........

(હંસા બોલતી અટકી જાય છે.)

ધી: આજ તો શું ?

હં: આજ તો અમ્હારે ખાસ કારણ હતું.

ધી: તે શું ? ખાનગી છે ?

હં: ના, ના, આજે મ્હારી વર્ષગાંઠ છે.

(એક પુરુષ દાખલ થાય છે.)

અલ્યા, તું આવ્યો છે !

આવનાર: હા.

હં: ત્હને શું કહ્યું હતું ?

આ: કે આજે નરેશભાઇ ત્યાં જમશે.

હં: કેમ આજે શું છે ?

આ: આજે તો ઉર્મુબેનની વરસગાંઠ છે ને ?

(ધીમન્ત અને હંસાની આંખો મળે છે. તરત હંસા પોતાની નજર પાછી ખેંચી લે છે.)

હં: વારુ જા.

ધી: અલ્યા, નરેશભાઇ ત્યાં ક્યારે આવ્યા હતા ?

આ: આઠેક વાગ્યા હશે. સાહેબ.

(જાય છે.)

(ધીમન્ત હોઠ કરડે છે. હંસા મ્હોં ફેરવી દે છે.)

ધી: ચાલો, હંસાબ્હેન, હું રજા લઇશ. મ્હને શું ખબર કે આજે ત્હમારી વરસગાંઠ છે નહિતર ભાઇની કે નજીની પસલી તો લાવત. નરેશને કહેજો કે હું બપોરે આવીશ.

હં: ત્હમે જમ્યા છો ?

ધી: ના, તેથી જ......

હં: ત્યારે અહિં નહિ જમો ?

(ધીમન્ત એક ક્ષણ વિચાર કરે છે.)

ધી: ભલે. (બેઉ જાય છે.)

[પડદો પડે છે.]

પ્રવેશ. ૨.

[સ્થળ: જગદીશચન્દ્રના ઘરનું દિવાનખાનું. જગદીશચન્દ્ર, વિમળા, ઉર્સુલા અને નરેશ બેઠાં હોય છે.]

વિમળા: (નરેશને) આજે તો ઉર્સુને બમણો આનંદ થાય છે. કેમ ખરૂં ને, ઉર્સુ ?

(ઉર્સુલા જરા નીચું જુએ છે.)

નરેશ: એમ ! કેમ શાથી !

(નરેશ ઉર્સુલા સામું જુએ છે. તે અનુત્તર રહે છે.)

વિ: એણે કલકત્તા પ્રદર્શનમાં ચિત્ર મોકલ્યું હતું. તેમાં એને ઇનામ મળ્યું છે.

ન: એમ ! ખૂબ આનંદની વાત છે. ઇનામ કેટલાનું હતું ?

ઉર્સુલા: ઇનામ તો મ્હોટું નથી. પાંચ જ રૂપિયાનું છે.

ન: ત્હેમાં શું ? પણ ઇનામ ખરૂં ને ? એની કિંમતનો તો સવાલ જ ન હોય. ત્હમારૂં ઇનામ કેટલામું હતું ?

ઉ: પંદરમું.

ન: પણ એ ચિત્ર પાછું આવ્યું નથી ? મ્હને તો એ વિશે કહ્યું પણ નહિ ?

ઉ: એમાં એવડું શું હતું ?

ન: વાહ, કેમ નહિ ? આપણી સ્ત્રીઓમાં તો એ અપૂર્વ છે.

જગદીશ: (વિમળાને) જુઓને, હજી કેટલીક વાર છે.

(વિમળા જાય છે.)

(નરેશને) કેમ, ત્હમને કૈંનો શોખ નથી?

ન: ના, જી. આ ઉર્સુબ્હેન જેવાંના ચિત્રો જોવાનો શોખ છે એટલું.

જ: ને સંગીત?

ન: જરાયે નહિ. સાંભળવાનો શોખ ખરો.

ઉ: તે તો મ્હને પણ ઘણો શોખ છે.

ન: ને ગાવાનો ક્યાં નથી?

જ: કોને ઉર્સુને?

ન: નહિ?

જ: અરે, એના કરતાં તો હું પણ સારૂં ગાઉં. કેમ નહિ ઉર્સુ?

ઉ: હા, પણ ત્હમે તો તાલિમ લીધી છે ને.

ન: હાસ્તો, ત્હમે પણ તાલિમ લ્યો તો સારૂં ગાઇ શકો. ત્હમારો કંઠ તો સારો છે.

જ: કોણે કહ્યું?

ન: બોલે છે તો ઘણું સારૂં.

(ઉસુંલા ઉભી થાય છે. ને જરાવારે જગદીશ અંદર જાય છે. ઉસુંલા કૈં ગણગણે છે. નરેશ બારી બહાર જણાતા આકાશાગમ જોઇ રહે છે. થોડી વારે ઉસુંલા એક પુસ્તક લઈ બેસે છે.)

ક્યું પુસ્તક છે?

ઉ: "લગ્ન કેમ સફળ થઇ શકે?"

નઃ (જરા આશ્ચર્યથી.) લગ્ન કેમ સફળ થઇ શકે ?

ઉઃ એમ કેમ કરો છો ?

નઃ બહુ વિચિત્ર નામ લાગે છે, નહિ ?

ઉઃ કેમ ?

નઃ લગ્ન કૈં વેપાર છે કે માણસ એને મહેનતથી સફળ કરી શકે ! ને લગ્ન વિશે વળી પુસ્તક શા લખવાં ? એ તે શો એવો ગહન વિષય છે ?

ઉઃ કેમ, લગ્ન ગહન વિષય નથી ? એના જેવી પવિત્ર વસ્તુ....

નઃ જૂઠું. એ બધાં ધતીંગ છે. લગ્ન સાવ નજીવી ચીજ છે. માણસ એને જેટલી ગંભીરતા આપે છે તેટલો તે નાસીપાસ થાય છે. ત્હમે તો ભાડાના ઘરમાં રહો છો ખરું ને !

ઉઃ હા.

નઃ ત્હમારે જોઇયે તે બધી જ સગવડો એમાં છે ? એટલે કે ત્હમારે જેવું જોઇયે તેવું આ ઘર છે ?

ઉઃ ના, પણ ભાડાંના ઘર તો એવાં ક્યાંથી હોય ?

નઃ ને રોજ ત્હમે આવો બબડાટ કરો છો ખરાં !

ઉઃ ના, પણ એ કૈં મોટી વાત નથી ને લગ્ન તો....

નઃ બરાબર, આપણે લગ્નને મોટો વિષય માની બબડાટ કરવાનો હક મેળવીયે છિયે. ખરી વાત તો એ છે કે મરદ અને સ્ત્રી બેઉ જો લગ્નને સાધારણ વિષય ગણે તો આટલો બબડાટ, આટલી નિરાશા કે આટલાં કલ્પાંત ન રહે. જેમ ભાડાંના ઘરથી ચલાવી લઇયે છિયે તેમ

લગ્નમાં પણ ચલાવી લઇયે. માત્ર આપણાં પતિપત્નીઓમાં દૃષ્ટિની એટલી વિશાળતા હોવી જોઇયે.

ઉ: ત્હમે ને હંસાબ્હેન એવી દૃષ્ટિથી જુવો છો ?

ન: અરે, એ બિચારીને તો કૈં પણ દૃષ્ટિ જ નથી. લગ્ન શું એનું પણ એને તો ભાન નહિ હોય.

ઉ: અરે વાહરે.

ન: હા, હા, ખરું છે.

ઉ: અરે શું ખરું છે. ભલે મરદોને મન લગ્ન એ નજીવી રમત હોય. સ્ત્રીને મન તો લગ્નમાં જ જીવનની આશા અને તૃપ્તિ છે.

ન: એ તો ત્હમારાં જેવાંને.

ઉ: ના, બધી જ સ્ત્રીઓને. ઝુંપડામાં ને રાજમહેલમાં સ્ત્રી તો બધે જ સ્ત્રી છે.

ન: પણ સ્ત્રીને સ્ત્રીમાં પણ ફેર હોય છે ને ?

ઉ: તે હશે; પણ આ લાગણી તો બધી જ સ્ત્રીઓમાં હોય છે.

ન: કોણ જાણે, મ્હને તો એવું કૈં ન લાગ્યું.

ઉ: ખોટી વાત છે. કહું ?

ન: શું ?

ઉ: હંસાબ્હેન માટે ત્હમને પ્રેમ છે પણ ત્હમે પોતે જ તે નથી જાણતા.

ન: ને ત્હમે કેમ જાણ્યું ?

ઉ: ઓહો, એ તો બહુ સ્હેલું છે. ત્હમને બેઉને જોઇને તરત મ્હને લાગ્યું હતું.

ન: પણ શા ઉપરથી !

ઉ: ત્હમે જે રીતે વર્તો છો તે ઉપરથી. મ્હારા ભાઇ બરાબર એવા જ હતા. મ્હને એ ખૂબ ચ્હાતા ને ખૂબ જ પજવતા. પજવતા એટલું બધું કે ચીઢ ચઢે. ને આની પરીક્ષા કરવા ખાતર જ.........

ન: શું ?

(વિમળા પ્રવેશ કરે છે.)

વિ: ચાલો, નીચે એ રાહ જુએ છે.

(બધાં જાય છે.)

(પડદો પડે છે.)

પ્રવેશ ૩

(બપ્પોર. સ્થળ: નરેશનું દિવાનખાનું. હંસા અને ધીમન્ત બેઠાં છે.)

ધીમન્ત: પણ ત્હમે આ ઠીક ન કર્યું!

હંસા: શું?

ધી: ત્હમે ભૂખ્યાં રહ્યાં તે.

હં: ના, કંઈ નહિ ત્હેમાં શું?

ધી: પણ એમ કરવાનું કારણ?

હં: મ્હને ન ગમ્યું.

ધી: પણ શા માટે ન ગમે? એ કંઈ ભૂખ્યો રહ્યો હશે?

હં: એમની વાત જૂદી છે.

ધી: વાત જૂદી શાની? ને ત્હમારે રોજ આવું કંઈ નું કંઈ હોય છે જ?

હં: ના, ના, કશું નથી હોતું. અમને સ્ત્રીઓને તો એ સહજ છે. અજાયબી તો ત્હમને લાગે છે.

(એટલામાં ઉતાવળે નરેશ પ્રવેશ કરે છે.)

નરેશ: અરરર, હંસા, હું તો સાવ વીસરી જ ગયો કે આજે તો ત્હારી વરસગાંઠ છે.

(હંસા ઉભી થાય છે.)

હં: કંઈ નહિ, ત્હેમાં શું?

ન: ઓહો, ધીમન્ત, તું ક્યાંથી?

ધી: તું ગયો ત્યારનો આવ્યો છું.

ન: એમ? સારૂ થયું. હંસાને ગમ્યું હશે. એમ થયું કે આજે

કે તાકીદનું કામ હતું એટલે હું ઓફીસે જતો હતો એવામાં રસ્તામાં જ જગદીશભાઇ મળ્યા ને ઘેર ખેંચી ગયા ને જમવા રાખ્યો. એતો સારૂ થયું કે મ્હને વખતસર સાંભર્યું કે હંસાની વરસગાંઠ છે તે સાહેબની રજા લઇ અહિં દોડી આવ્યો.

ધી: બહુ ઉપકાર થયો; પણ હવે કૈં લાજ-શરમ હોય તો હંસાબ્હેનને જમાડ. એ બીચારાં હજી ભૂખ્યાં છે.

ન: અરરર, હંસા, તું હજી ભૂખી છે? શા સારૂ? મેં ત્હને કહેવડાવ્યું તો હતું. માણસ ન્હોતો આવ્યો?

હં: આવ્યો હતો.

ન: ત્યારે પછી?

હં: મ્હને રૂચિજ ન્હોતી.

ન: વળી પાછી ત્હારી રૂચિ આવી. રૂચિ શાની ન હોય. હું જાણું છું કે ત્હારા મગજનો એ જૂનો કાટ હજી ઉતર્યો નથી.

હં: પણ ત્હમે ચીઢાવ છો શા સારૂ? મ્હારે ખાવું જ ન્હોતું.

ન: Humbug. હું તો ત્હારાથી તદ્દન કંટાળ્યો છું. એ બધાં હિન્દુસ્થાની તુત હવે ક્યારે છોડીશ? જાણીજોઇ નાહક ત્હારા શરીરને અર્ધુ કરી નાંખે છે.

ધી: પણ એટલું બધું લાગે છે ત્યારે આજે તો ત્હારે અહિંજ રહેવું હતું.

ન: હા, પણ ધાર કે તેમ ન થયું તેથી શું થઇ ગયું. તેથી આવા ડોશીવેડા કરવાના? એ તે કૈં ચાલે.

ધી: એ તો લાગણીની વાત છે.

નઃ અરે ધુળ, એમાં વળી લાગણી શેની !

ધીઃ ના, એમાં લાગણી નહિ; ને પત્નીના પડી ગયલા દાંત પર આલિશાન કબર બાંધવી એ લાગણી ખરી.

નઃ તું સમજતો નથી. મ્હારે તો ન છૂટકે બ્હાર રહેવું પડયું.

હંઃ પણ ત્હેમાં શું થયું ? ત્હમે આવ્યા એ ઓછું છે ?

ધીઃ બહુ છે. હવે તો ત્હમે કાંઇ ખાઇ આવો.

નઃ હંસા, ચાલ, જા. હઠ ન કર.

(હંસા ઉભી થાય છે ને નરેશ તરફ નજર કરી જાય છે.) કેટલી જંજાળ છે ? માણસની જીંદગીમાં બે ઘડીનું પણ ચેન નથી.

ધીઃ એમ !

નઃ ત્યારે શું ? કેટલા ઉમળકાથી હું અહિં આવ્યો. ત્યારે એની એ રકઝક.

ધીઃ ત્હને પણ ઉમળકો થાય છે ખરો ?

નઃ એટલે ?

ધીઃ કેમ તું જ હમણાં કહેતો હતો ને કે "લાગણી વળી શાની ?"

નઃ તું તો મૂરખ છે.

ધીઃ એમ ?

નઃ ત્યારે શું ! હું તો કહેતો હતો કે એવી ખોટી લાગણી ન રાખવી જોઇયે.

ધીઃ પોતાની તે ખરી ને પારકાંની તે ખોટી!

નઃ ઉંહ. તું આટલું કેમ સમજતો નથી? એ એવી હઠ કરે એ સારી લાગણી! એણે સમજવું જોઇયે કે અણછૂટકે જ હું નહિ આવી શકયો હોઉં. પછી શા માટે એવું કરવું જોઇયે? એમને એમ એણે શરીર ખોયું. પેલી છબિ જોઇ?

(એક છબિ બતાવી.)

પાંચ વર્ષપર એ કેટલી સશક્ત હતી

ધીઃ ને સુન્દર.

નઃ ને આજે......

(હંસા પ્રવેશ કરે છે)

ધીઃ બસ? આટલી ઉતાવળ?

હંસાઃ ના, ઉતાવળ શાની?

નઃ ચાલ, હંસા, બોલ આજ શું કરીયે?

હંઃ કરીયે શું વળી? કાંઇ નહિ.

નઃ ના, એમ નહિ. તું કહે તો ફરવા જઇયે, ને નહિ તો નાટકમાં જઇયે. કેમ ધીમન્ત, નાટકમાં જઇશું. "રૂપેરી કિરણ" સરસ છે. હા, હા. નાટકમાં જઇશું. તું પણ આવજે.

(ધીમન્ત નરેશ સામું જોઇ રહે છે.)

કેમ? જોઇ શું રહ્યો છે? આવીશને?

ધીઃ ના, આજે તો હંસા બ્હેનની વરસગાંઠ છે એટલે તમે બે એકલાં જ જજો.

નઃ અરે તેમાં શું? તું હશે તો ગમ્મત પડશે.

હું: હા, હા, ધીમન્તભાઇ જરુર આવજો. ત્હમે પણ એ નાટક જોવાનું કહેતા તો હતા જ ને?

ધીઃ વારુ, આવીશ. ચાલો, હવે તો હું જઇશ. (જાય છે.)

[પડદો પડે છે]

પ્રવેશ ૪

(સ્થળ: નરેશનું દિવાનખાનું. નરેશ કોઇની રાહ જોતો, ખંડમાં આંટા મારે છે.)

નરેશ: (સ્વગત) હજી કેમ નહિ આવ્યો હોય ?

(હંસાની છબિ સામે અટકી જાય છે; અને નિશ્ચલ નયને તે જોઇ રહે છે. એટલામાં પાછળથી હંસા આવે છે ને થોભી જાય છે. થોડીવારે નરેશ ત્હેને જુએ છે)

(જરા ગુસ્સે થઇ) કેમ !

હં: ના, કૈં નહિ.

ન: ત્યારે આમ પુતળાં જેમ શાની ઉભી રહી છે ? કોઇને બ્હીક લાગે.

(હંસા પાસે આવે છે ને નરેશના ખભા ઉપર હાથ મૂકે છે.)

હં: શાની બ્હીક લાગે ?

(નરેશ એક અર્ધક્ષણ હંસા તરફ જોઇ રહે છે.)

ન: તું આમ ઓચિંતી આવે તે. બીજું શું !

હં: હું તો કે પૂછવા આવી છું.

(હંસા નરેશના બેઉ હાથ લે છે.)

ન: શું !

હં: ખરું કહેશો ?

ન: એટલે ? શું હું જૂઠું બોલું છું !

હું: ના, એમ નહિ પણ સાચ્ચે સાચ્ચું કહેવું પડશે.

ન: (જરા ચીઢાઇ) હા, હા, બોલને એમાં આટલું પિંજણુ શાનું કરે છે?

હું: ત્હમે આજે બજારમાં ગયા હતા?

નં: હા, કેમ?

હું: શા માટે?

ન: એ બધા સવાલ શા માટે પૂછે છે?

હું: મ્હારે કામ છે.

ન: હું કૈં જવાબ આપવા બંધાયલો નથી.

હું: હું ક્યાં કહું છું બંધાયલા છો.

ન: થયું ત્યારે. એ બધાનું સ્ત્રીઓને શું કામ?

(પોતાના હાથ ખેંચી લે છે.)

હું: પણ મ્હને કહો તો ખરા. ત્હમે કૈં મંગાવ્યું છે?

ન: મેં નહિ કહ્યું? ત્હારે એની પંચાત ન કરવી.

(નોકર પ્રવેશ કરે છે. નરેશ ઝટ ત્હેની પાસે જાય છે ને ત્હેના હાથમાંનું પેકેટ લઇ લે છે.)

જા.

(નોકર જાય છે.)

હું: એ શું છે?

ન: કૈં નહિ. ત્હેનું ત્હારે શું કામ? મ્હારે કામનું છે.

(ટેબલમાં પેકેટ મૂકે છે.)

હં: એ કહેતો હતો કે અંદર ઘડિયાળ છે.

(નરેશ હંસા સામું જોઇ રહે છે.)

ન: હવે વારુ. જાણે છે ત્યારે પૂછે છે શા માટે?

હં: ઉર્મુલા માટે છે ખરૂં કની?

ન: હા. થયું? સંતોષ થયો? જા, હવે ત્હારૂં કામ કર.

(નરેશ એક ખુરશી પર છાપું લઇ બેસે છે. હંસા થોડીવારે બ્હાર જાય છે. નરેશ ટેબલમાંથી પેકેટ લઇ ઉઘાડે છે ને એક ચિઠ્ઠી લખી ત્હેમાં મૂકે છે. થોડીવારે નોકર ચાનો પ્યાલો લઇ પ્રવેશ કરે છે.)

અલ્યા, ચતુર્ભુજે બીજું કાંઇ આપ્યું હતું ને?

નોકર: હાજી, ચાંદીની રકાબી આપી હતી તે આપી આવ્યો.

ન: ક્યાં આપી આવ્યો?

નો: જગદીશભાઇને ત્યાં સાહેબ.

ન: વારુ.

(નોકર જાય છે. થોડીવારે હંસા આવે છે. ત્હેના હાથમાં એક ફુલદાન છે.)

હં: જગદીશભાઇને ત્યાંથી આ ફુલદાન મોકલી છે.

ન: જોઉં, કેવી છે?

(નરેશ ફુલદાન લે છે ને ત્હેના ઉપર એક ચિઠ્ઠી છે તે વાંચે છે.)

આ તો ત્હને મોકલી છે.

હં: હા. આપણે પણ કે મોકલવું જોઇયે, ખરું ને? કે મોકલ્યું?

નઃ એમ કરી શું મોકલ્યું તે જાણવું હશે? પણ......

હું: ના, એ તો હું ભૂલી જ ગઈ હતી. પણ ન મોકલ્યું હોય તો મોકલવું પડશે ને? ઘડિયાળ મોકલીશું?

નઃ જોઈશું. ત્હારી સલાહનો ખપ પડશે ત્યારે પૂછીશું. જા, તું વાળુની તૈયારી કર આજે વ્હેલું જવાનું છે.

(હંસા જરાવાર મૂગી રહે છે. પછી બારીએ જાય છે ને થોડીવારે એક ગીત ગાય છે

એ શું ગાય છે?

હું: (પાછી ફરીને) કંઈ નહિ, કેમ?

નઃ તદ્દન ખોટી ઢબ છે.

હું: ખરી ઢબ કેવી છે?

નઃ તે હું શું જાણું? મ્હને આવડતું હોય તો હું ન ગાઉં? મ્હને તો લાગ્યું તે કહું છું. સારૂં નથી લાગતું.

હું: હશે ચાલો, બંધ કરૂં છું.

(એક કન્યા દાખલ થાય છે)

ઓહો, સુરમાબ્હેન, આવો.

સુ: મ્હારે તો જરા કામ હતું.

હું: (નરેશને) આ સુરમા બ્હેન સારૂં ગાય છે હં.

(સુરમાને) એમને સાંભળવાનો બહુ શોખ છે.

નઃ એમ!

હં: તે દિવસે ગરબામાં પેલું ત્હમારૂં માનીતું ગીત એમણે જ ગાયું હતું.

ન: એમ કે ! ઘણું જ સુન્દર હતું.

સુ: ત્યારે ત્હમને સંગીતનું ભાનજ નથી.

(નરેશ વિમાસણમાં જોઇ રહે છે.)

મ્હને એ ગીત તો જરાયે ન્હોતું આવડ્યું.

(હંસાને) પણ હું તો કામે આવી છું.

હં: બેસો તો ખરાં.

(બેસે છે.)

સુ: ત્હમને ખબર છે હું અત્યારે જ કેમ આવી ?

હં: ના.

સુ: બાએ કહ્યું કે જો પેલી કોયલ ગાય છે, એટલે સફાળી હું અહિં આવી. મ્હારે એ ગીત શિખવું જ હતું. અત્યારે આપ મેળે ત્હમે રંગમાં હો તો વધારે મઝા પડે, નહિ. ?

હં: ના, હું કૈં એવું સારૂં નથી ગાતી.

સુ: ત્હમે એવું સુન્દર ગાનાં હતાં કે સાંભળવા ખાતર રસ્તામાં ઘણાયે ઉભા રહે.

હં: એ કહે છે કે એ ઢબ ખોટી છે.

સુ: પુરુષોને વળી સ્ત્રી અને સંગીતની શી ખબર ! કેમ ખરૂં ને, રેશભાઇ ?

ન: ત્હમે કહો તે ખરૂં.

સુ: હાસ્તો; સ્ત્રી અને સંગીત બેઉની કોમળતા ત્હમે કેમ સમજી શકો? ત્હમે પુરુષો તો એટલા કઠ્ઠણ હો છો; અને ત્હમે તો...

ન: હું શું?

સુ: હું તો ત્હમને ન પરણું. પણ ચલો, હંસા બ્હેન, એ ગીત મ્હને શિખવાડો જોઉં. અમ્હારે ગરબામાં કામ લાગશે.

(ક્ષણ પછી હંસા ગીત ઉપાડે છે. ધીરે ધીરે ત્હેનો કંઠ ખીલે છે, અને તે એકલીન થાય છે. સ્વપ્નબદ્ધ હોય તેમ, સુરમા જોઇ રહે છે. નરેશ સ્વસ્થ ચિત્તે બેસે છે. ત્હેની આંખોમાં પણ આનંદનો પ્રકાશ જણાય છે.)

(પડદો પડે છે.)

પ્રવેશ. ૫

(સમયઃ રાતના સુમારે આઠ. સ્થળ એજ. નરેશ અને હંસા બેઠાં છે.)

નરેશ: ચાલ, ત્યારે તું તૈયાર થા.

હંસાઃ પણ હજુ વાર છે ને ! મ્હારે તો જરા કામ છે.

નઃ આજે પણ કામ ? એવું તે કામ વગર શું અટકી પડ્યું છે ? કામ કાલે થશે.

હંઃ હજી ધીમન્તભાઇ પણ નથી આવ્યા ને ?

નઃ એતો હમણાં આવી પહોંચશે ને ત્હને તો તૈયાર થતાં બે કલાક લાગશે.

હંઃ ના,.........

નઃ ના શું ? કયે દિવસ તું વ્હેલી તૈયાર થઇ છે ! રોજ ભેજું પટકી નાંખું છું ત્હારે તૈયાર થાય છે. ને હજુ તો મ્હારાં કપડાં પણ કાઢવાનાં છે. પેલાં બટન ચોઢયાં ?

હંઃ ના, હમણાં ચોઢી દઉં છું.

નઃ ચોઢયાં. જે કામ કરવાનું છે તે તો થતું નથી ને ધુળગજા જેવા કામ પાછળ કામ કામ કરે છે. ત્હમને લોકને અક્કલ જ નથી. ઇશ્વરે કોણ જાણે શા માટે ત્હારા જેવાં ને સરજ્યાં હશે.

(હંસા અંદર જાય છે. પળવારમાં હંસા તૈયાર થઇ આવે છે.)

હંઃ લ્યો આ. બટન ચોઢયાં છે.

નઃ થેંક્યુ.

(નરેશ અંદર જાય છે. હંસા નરેશે અસ્તવ્યસ્ત કરેલું ફરનિચર ગોઠવે છે. નરેશ તૈયાર થઇ પાછો આવે છે. પળવારની શાંતિ.)

હું: અરે, રમાબ્હેનની સુરભિને કહેવડાવ્યું છે ત્હેનું...... (નરેશના મ્હોં પર કચવાટ ઉત્પન્ન થાય છે.)

ન: ત્હેનું શું ? હવે કોણ કહેવા જશે ? ત્હને કોણે કહ્યું હતું કે કહેવડાવજે.

હું: પણ મેં તો ત્હમને પૂછી ને કહેવડાવ્યું હતું.

ન: ત્યારે આગળથી મ્હને કહ્યું કેમ નહિ? ક્યારનો હું તેડી આવત. હવે વખત નથી ને હું કૈં જતો પણ નથી.

હું: પણ એમને માઠું લાગશે.

ન: ત્યારે રહેવા દે. ન જા. હું કૈં આવી રાતે નથી જતો. એક પછી એક ઉપાધિ વધાર્યે જ જાય છે. નાટકમાં વળી સુરભિ વગર શું અટકી રહ્યું હતું ?

હું: પણ—

ન: પણ કૈં નહિ. કહેજે કે તું પણ ન્હોતી ગઇ. એવા નાટક જોયા વિના ચાલશે.

(જરાવાર રહી.)

બસ, રહેવા દે, નથી જવું. હું કલબમાં જાઉં છું.

(જાય છે.)

(હંસા નરેશને જતો જોઇ રહે છે. જરાકવારે તે ઉભી થાય છે ને એક ટેબલના ખાનામાંથી એક નોટ બુક કહાડે છે, ને વાંચે છે; એટલામાં શ્રીમન્ત દાખલ થાય છે. હંસા ઉતાવળે નોટબુક મૂકી દે છે.)

હું: આવો.

ધી: કેમ, પેલો ક્યાં ગયો.

હું: એ તો બ્હાર ગયા છે. પછી નાટકમાં જવાનું તો અમે માંડી વાળ્યું. બેસોને.

(બેઉ બેસે છે.)

ધી: માંડી વાળ્યું ! કેમ પાછું શું થયું ?

હું: ના, થયું કે નહિ. મ્હારા જ શરીરે જરા ઠીક ન્હોતું એટલે માંડી વાળ્યું.

ધી: કેમ શું થયું છે ?

હું: ના, ખાસ નહિ, સ્હેજ–જરા–તરા માથું દુઃખતું હતું.

(ધીમન્ત હંસા તરફ જોઇ રહે છે. હંસા અંગુઠા વડે જમિન ખણે છે.)

ધી: ને પેલો ક્યાં ગયો ?

હું: કોણ જાણે; પણ બિચારા આખો દિવસ ઘેર હતા એટલે મેં જ બ્હાર મોકલ્યા.

ધી: (ધીરેથી) હંસાબ્હેન, માફ કરજો, પણ મ્હારે કહેવું પડે છે કે આમ સ્હેલથી માની જાઉં એટલો હું બાળક નથી. વળી કાંઇ તુત થયું હશે. ત્હમારા દંપતી જીવનની ખાનગી વાતો મ્હારે નથી જાણવી; પણ માનો તો એટલું તો કહું કે એ જોઇ મ્હારૂં હૃદય તો બળી જાય છે.

(હંસા વિચારમાં બેસી રહે છે.)

બ્હેન, આટલા મહિનાઓથી હું સતત અહિં આવું છું ને ત્હમારૂં આ જીવન જોયા કરૂં છું પણ હવે તો અવધિ થઇ.

હું: ધીમન્તભાઇ, ત્હમે નકામી ચિન્તા કરો છો, એવું કશું જ નથી.

ધી: એ તો હું જોઉં છું ને. મ્હને ખબર છે કે ત્હમે ત્હમારૂં ગૌરવ કદી નહિ છાંડો. એ તો દરેક સ્ત્રી એમ જ કહે છે. પાને પડેલા પત્થરને પરમેશ્વર ગણી પૂજવા એ તો ગુજરાતણનો સ્વભાવ છે. ને ઇશ્વર પણ સુલોચનાને અંધ સ્વામિ આપવામાં જ ચાતુર્ય માને છે.

હું: એવું ન કહેશો. એ બધું જૂઠું છે. એ એવા નથી.

ધી: ત્હમે ન કહેશો; પણ હું તો જોઉં છું કે એ એક પશુ કરતાં પણ નબેતર છે. એની જડસાઇને લીધે ત્હમારા ઉપર એ જે જુલમ ગુજારે છે એ અનહદ છે. ભલભલાં સિતમગારો કરતાં પણ એ ચઢી જાય છે. ત્હમારો કોમળ સ્વભાવ એ વજ્રમાર કેમ સહન કરે છે એ જ મ્હને તો નથી સમજાતું. બ્હેન ત્હમે કદાચ જોઇ શકતાં નહિ હો પણ ત્હમારી રસિક મોહક્તા દહાડે દહાડે ઓછી થતી જાય છે. જે સુવાસ પેલી છબિમાં જણાય છે તે આજે પમરતી નથી.

હું: અમ્હારા તરફ ત્હમને અતિ સ્નેહ છે.

ધી: ત્હમારા એકલા તરફ. નરેશ માટે તો મ્હને સદંતર ધિક્કાર વછૂટે છે.

હું: એમ તપી ન જશો. એ તો ત્હમારા ભાઇ થાય. આજે તો ભાઇ કરતાં મિત્ર વધારે હોય છે.

ધી: હા, પણ તે આવા મિત્ર નહિ. હંસાબ્હેન, એક વાત પૂછું!

હું: શી!

ધી: ત્હમે ખરેખર સુખી છો!

હું: હાસ્તો, શા માટે સુખી ન હોઉં!

ધી: ના, એમ વાત ઉડાવો ના. ત્હમારા અંતરથી ત્હમે માનો છો કે ત્હમે નરેશ જોડે સુખી જીંદગી ગાળો છો?

હું: જુઓને....

ધી: મ્હારી વાત સાંભળો. હું આજ કેટલા વખતથી એ વાત કહેવાનો હતો. આજે ત્હમારી વરસગાંઠના દિવસે ભાઇની પસલી તરીકે એ વાત કહું છું. જો, ત્હમે ખરેખર દુઃખી હો, નરેશથી તમે ખરેખર કંટાળી ગયા હો....

હું: અરે અરે....

ધી: સાંભળો. ત્હમે એનાથી જો ખરેખર કંટાળ્યા હો તો હું ત્હમને છૂટાં કરી શકું. એને પૈસાની તાણ છે. મ્હને ઇશ્વરે પૈસા આપ્યા છે અને મ્હને ત્હેની જરુર નથી. એ વડે પણ ત્હમારી સ્વતંત્રતા ત્હમને હું પાછી અપાવી શકું. ને ત્હમે કહો તો આપણે સાથે જતા રહીશું. મ્હને દુનીયાંની પરવા નથી. હવે કહો. ત્હમારો શો ઉત્તર છે.

હું: ધીમન્તભાઇ, ત્હમે ભાઇ તરિકે પૂછ્યું એટલે મ્હારે કહેવું પડે છે. ત્હમને યાદ છે, આજ સ્હવારે જ ત્હમે વસન્તોત્સવની વાત કાઢી હતી ને ?

ધીઃ હા, ને એ વાત કરતાં ત્હમે કૈં વિચારમાં પણ પડયાં હતાં.

હું: એ જ દિવસે મેં ખરી વાત જાણી.

ધીઃ એટલે ?

હું: એમ થયું. ઉત્સવમાં અમે બેઉ જવાનાં હતાં; પણ કૈં રકઝગ થઇ ને એ એકલા જ ગયા. એમના ગયા પછી મ્હને બહૂ જ માઠું લાગ્યું. મ્હને હવે બહૂ જ પસ્તાવો થાય છે. પણ ત્યારે મ્હને એમના વિશે ખોટા વિચારો પણ આવ્યા હતા.

ધીઃ ત્યારે હવે શું સારા વિચારો આવે છે ?

હું: હું કહું છું. પછી મેં કલાકેક રડીરડીને કાઢ્યો ને છેવટે...

(અટકે છે.)

ધીઃ શું ?

હું: પણ કોઇને, એમને પણ–કહેશો નહિ, હં.

ધીઃ વારુ.

હું: હું એટલી કંટાળી હતી કે ગમે તેમ મ્હારી જીંદગીનો અંત લાવવાનો વિચાર પણ મ્હને આવ્યો હતો.

ધીઃ અરરર....

હું: ને એ પાછા આવે તે પ્હેલાં બધું પૂરૂં થઇ જતે.

ધીઃ પછી ?

હંઃ મ્હને કંઈ જ સૂઝ ન્હોતી પડતી.

(હંસા ધીમન્ત સામું જુએ છે.)

ધીઃ એ તો ન જ પડે. હું એ કલ્પી શકું છું. પછી ?

હંઃ હું ગાંડા જેવી આમતેમ ફરતી હતી. એમને ખાતર હું મરવા-માંગતી હતી અને છતાં એમનાથી છૂટા થવા મ્હારૂં મન ન્હોતું ચાલતું. એમને ખાતર જીવવાના મ્હને વિચારો આવતા. આમને આમ કોણ જાણે કેટલો વખત થયો હશે. ઘડીમાં હું રડતી, ઘડીમાં વિચાર કરતી....ત્હમને હસવું આવે છે ?

ધીઃ હા અને ના બેઉ પણ પછી શું થયું ?

હંઃ થોડીવાર તો પેટીમાંથી એમના કાગળો કાઢી મેં રડયા કર્યું.

ધીઃ એના કાગળો ?

હંઃ હાસ્તો. પછી અમ્હારા લગ્ન વખતની અમ્હારી છબિ છે. તે આ ટેબલમાં પડી હતી. મ્હને તે ખૂબ જોવાનું મન થયું પણ એની ચાવી તો એમની પાસે હતી.

ધીઃ પછી ?

હંઃ પછી શું. બહુ હસવા જેવી વાત છે. મેં કળ તોડી નાંખી.

ધીઃ એમ, ત્હમે પણ શૂરાં છો, નહિ ?

(હંસા નીચું જુએ છે.)

હં: ના, હું શું કરતી હતી ત્હેનું મ્હને ભાન જ ન્હોતું. એ ખોલતાં વેંત એક નોટબૂક નીકળી. જુઓ આ રહી.

(ટબલમાંથી નોટબૂક કાઢે છે. ને અંદરનુ એક પાન ફાડી આપે છે.)

ધીમન્તભાઇ, આ વાંચો પછી કહો.

(ધીમન્ત તે લે છે અને વાંચવા માંડે છે.)

ધી: નોંધપોથી છે ?

હં: હા, મ્હોટેથી વાંચોને.

ધી: (વાંચે છે.) "આ નોંધ હું શા માટે લખું છું તે હું પોતે જ નથી જાણતો. મ્હારા સિવાય કોઇ પણ મનુષ્યના હાથનો સ્પર્ષ પણ ત્હેને નહિ થાય અને છતાં મન પૂકારે છે એટલે લખું છું....

આજથી લગભગ આઠ વર્ષ ઉપર હંસા મ્હારે ત્યાં, મ્હારી થઇને આવી."

ત્હમને પરણ્યાં ને આઠ વર્ષ થયાં ?

હં: હા.

ધી: (વાંચે છે.) " આ સદીમાં દરેક વસ્તુનું પૃથક્કરણ કરવાનો રિવાજ છે. હંસા વિશેના મ્હારા સંબંધનું હું પણ પૃથક્કરણ કરૂં છું. હું સુખી છું ? હંસા સુખી છે ? હું કોઇ બીજીને કે એ કોઇ બીજાને પરણી વધારે સુખી ન થાત ? આ સવાલો અઘરા છે.

હું તો એટલું જ જાણું છું કે હંસા વગર એક ક્ષણ પણ હું જીવી નહિ શકું.

હંસાનું હૃદય હું બરાબર સમજી શકયો નથી. પણ મ્હને લાગે છે કે એને અસંતોષ થવાને કારણ છે અને તે હું છું. અને આ જ ન સમજાય એવી ઘાંટી છે....મ્હારો સ્વભાવ મ્હને જ નથી સમજાતો. કેટલાક માનસશાસ્ત્રિઓ પણ તે સમજી નથી શકયા. હું વધારે સ્પષ્ટતાથી કહું. એક હંસા વગર બીજાં બધાં જોડે હું સારી રીતે વર્તું છું. અત્યાર લગીમાં કોઇ જોડે હું વિનાકારણ છેડાયો નથી; પણ હંસા જોડે તો હું કેવળ ક્રૂર બની જાઉં છું. મ્હારા મગજ ઉપર કાબૂ રાખવા ઘણીયે વાર મેં પ્રયત્ન કર્યો છે; પણ એમ બનતું જ નથી તે પછી હરવખત મ્હને ખૂબ–ખૂબ પશ્ચાતાપ થાય છે પણ મ્હને લાગે છે કે તે નિરર્થક છે. ત્હેના કોમળ હૃદયને કચડી નાંખી પશ્ચાતાપ કરી સંતોષ માનવો એ યોગ્ય નથી. મ્હને તો લાગે છે કે હું એને લાયક જ નથી. અને દુઃખ એ છે કે મ્હારા સ્વભાવની આ વિચિત્રતા હું ત્હેને પણ સમજાવી શકતો નથી. ધીમન્તની મારફત આમ કરવાનું મેં ધારેલું પણ હંસાની વાત આવતાં વાર જ હું બદલાઇ જાઉં છું. મ્હને આનો રસ્તો જ નથી સૂઝતો. હું જાણું છું કે હંસા જાણે તો બધી ગઇ ગૂજરી માટે જરુર મ્હને માફી આપે પણ........."

હુ: બસ, ધીમન્તભાઇ ? ત્હમને હવે સંતોષ થયો. હવે ૬૩ મુ પાન વાંચો.

ધી: (વાંચે છે.) "આજે એક અતિ ખેદજનક બનાવ બન્યો. એનું લાંબુ વર્ણન મ્હારાથી નહિ થાય...વિનતા આજે વિહ્વળ થઇ ગઇ હતી......"

વિનતા ? વિનતા કોણ ?

હં: છે એક. બહુ જ સુન્દર છે. અમે લોક એને પરી કહીયે છિયે. ઉર્મુલાની સહીયર છે.

ધી: એમ! મેં તો જોઇ જ નથી.

(વાંચે છે) "એમજ કહેવું ઉચિત છે. આવી ભવ્ય સુન્દરતા વિશે હલકો શબ્દ પણ વપરાય નહિ. એને ભ્રષ્ટ કહેવી એ પણ પાપ છે; તો પછી...ઓ, ઇશ્વર! દુનિયામાં સૌથી દુઃખકર વસ્તુ અધમ સુન્દરતા છે. સુન્દર માણસો અધમ થઇ જ કેમ શકે એ પણ મ્હને તો નથી સમજાતું....મ્હારે કેટલી મ્હેનતે એને સમજાવવી પડી. ઇશ્વર એને સન્માર્ગે દોરે!"

ઓત્તારી, હંસાબ્હેન...

હં: જોયું ને, એ એવા હતા જ નહિ.

ધી: અરે હારે મોટા સાધુ છે.

હં: હું નસીબદાર છું નહિ ? પણ હં, એક વાત તો રહી ગઇ. આજે એમણે ઘડિયાળ મંગાવી હતી. મેં જાણ્યું હતું કે ઉર્મુલા માટે હશે, પણ......

(ટેબલમાંથી ઘડિયાળ કાઢે છે. ત્હેના ઉપર એક ચિઠ્ઠી લટકાવી છે.)

જુઓ, સરસ છે, નહિ ?

(ધીમન્ત લે છે અને ચિઠ્ઠી વાંચે છે.)

ધી: "અધીરી શંકાશીલ હંસાને સપ્રેમ..."

હં: મ્હને ટાણો માર્યો છે. ઉર્સું માટે મંગાવી હતી એમ મેં પૂછ્યું હતું તેથી.

ધી: એક શંકા કરૂં ? ત્હમારા દૃષ્ટ ખ્યાલો તોડી પાડવા ખાતર નહિ હં.

હં: હા, હા, શું ?

ધી: ઘડિયાળ મંગાવી છે એ ત્હમે જાણ્યું જ ન હોત તો કદાચ...

હં: તો ઘડિયાળ ઉર્સુલાને આપતે એમને ?

ધી: હા.

હં: તેમ નથી કારણ કે ઉર્સુલા માટે તો એમણે રકાબી તે પ્હેલાંની જ મોકલી હતી.

(ઉતાવળે નરેશ અને સુરભિ પ્રવેશ કરે છે.)

નઃ હંસા, ચાલ, ચાલ વખત થઇ ગયો છે. થયું, એટલામાં તો નિરાંત કરી બેઠી છે. ચાલ ઝટ કર, સુરભિ પણ આવી ગઇ છે. ધીમન્ત, નાટક ક્યારે શરૂ થાય છે ?

(હંસા સુરભિનો હાથ લઇ નરેશનું મ્હોં જોતી મંદમંદ હસતી ઉભી રહે છે. ધીમન્ત હસી પડે છે.)

ધી: (નોટબુક આપી) લે, આમાં વખત લખ્યો હશે.

નઃ (હંસાને) એ અહિં ક્યાંથી ?

(હંસા પાસે જાય છે.)

હું: નાથ,......

ન: હંસા.......

(જરા વાર પછી)

હંસા, તું મ્હને માફી આપીશને

હું: પ્રિયતમ......

(પડદો પડે છે.)

મહમ્મદ પયગંબર

(એક–અંકી નાટક)

ચન્દ્રશંકર અ. બુચને:

સમય: ઈ. સ. ૫૯૫. હીજરી વરસ પૂર્વે ૩૨.

સ્થ:ળ મક્કા.

પાત્રો:

મહમ્મદ અબદુલ્લા.

ખતિજા.

હમિદા.

બુજોર્ગ સ્ત્રી.

ગુલામ, નોકરો, વિ.

પ્રવેશ ૧

[ખતિજાના આરામમંઝિલમાં એક ગાદી ઉપર ખતિજા બેઠી છે, ઉષાની ગુલાબની કોઇ તાજી ખરી પડેલી પાંદડી જેવું ત્હેનું બદન જણાય છે. ત્હેની પાસે ત્હેની જુવાન સહીયર હમિદા સરબતની પ્યાલી લઈ ઉભી રહી છે. ઓરડામાં ચારેગમ જુવાનીની ખૂશ્બો મઘમઘે છે.]

ખતિજા: હમિદા, પછી તે ક્યારે આવશે ?

(હમિદાના હૃદયમાંથી એક ધીરો નિશ્વાસ નીકળવા માંડે છે તે ડાબી દઇ.)

હમિદા: માલેકા, ઘણું ખરૂં તે અત્યારે જ આવી પહોંચશે.

ખ: ત્હારી ખાત્રી છે ?

હ: સાહેબા, કોઇ જ ઇન્સાન માટે ખાત્રી નથી રખાતી તો પછી પવનના એક એક સપાટે બદલાતા પુરુષો માટે ખાત્રીથી કેમ કહેવાય ? અને ત્હેમાં પણ આપનુ ફરમાન હતું કે મ્હારે ખાસ ખાગેશ નહિ કરવી કેમ કે રખે તે મગરૂર થઇ જાય. પણ એના દોસ્ત અબ-દુલમલિક જેને હું ઠીક પિછાનું છું ત્હેણે મ્હને વચન આપ્યું છે કે ગમે તેમ તે ત્હેને આજ રોજ અહિં મોકલશે.

ખ: ખરૂં છે, હમિદા એ પુરૂષોની જેમ વધારે તમા કરીયે છિયે તેમ તે લોક બેઅદબ બને છે. અને એમ પણ ખરૂં ને કે આપણે એનું એટલું કામ પણ શું છે. એ તો મદમદકાસિમ કહેતા હતા કે તે જોવા જેવો છે, એટલે......

હ: હા, માલેકા, મહુમદકાસિમે જરા ફુઝુલ નથી કહ્યું. એનો દિમાગ ખરેખર કોઇ ફિરસ્તાના જેવો છે.

ખ: બસ કર, હમિદા; કોઇને લાગશે કે ત્હને એનો ઇશ્ક થયો છે.

[હમિદા ચૂપ રહે છે જરાવાર રહી]

પણ હમિદા એને જોવાનો ચડસ તો મ્હને પણ વધતો જાય છે. મ્હને તો લાગે છે કે અબદુલમલિકને તેં ખૂબ આગ્રહ કર્યો હોત તો ઠીક થાત.

[એટલામાં એક ગુલામ દાખલ થાય છે. ખતિજાને બંદગી કરી]

ગુલામ: માલેકા, એક સખ્સ આપને મળવા ચાહે છે.

ખ: (હમિદાને ધીરેથી) એજ હશે?

ગુલામ: એ કહે છે કે આપ સાહેબાની તહેનાતમાં એ નોકરી ચાહે છે.

ખ: (દિલગીર થઇ જઇ) આહ!

ગુલામ: સાહેબાનો શો હુકમ છે?

ખ: બેવકૂફ; રસ્તાના બધાં જનારાં એક પછી એક નોકરી માટે મ્હને મળવા ચાહશે તેથી એ બધાંને હું મળ્યા કરીશ? મ્હારે કૈં કામ કાજ નથી શું? અરે! ખુદાએ ગુલામોને જરાક પણ વધારે અક્કલ કેમ ન બક્ષી. કમબખ્ત, જા, જતો રહે.

(ગુલામ જવા માંડે છે.)

થયું. જવા માંડયું. જરા રીતભાત છે! થોડી પણ આવડત છે હમિદા આ લોકથી હું કંટાળી ગઇ છું. હવેથી હું બધી ઓરતોને જ

નોકરીમાં રાખીશ. આ લોક કૈં કામના નથી. (ગુલામને) સમજ્યો, જા, એ સખ્સને અહિં મોકલ.

(ગુલામ જાય છે.)

[લગભગ પોતાની જાતને]

શ્રીમંતાઇમાં પણ કેટલું બધું દુઃખ છે. તવંગરથી માંડી નોકરી માંગનાર બધાંને મળવું પડે છે.

[હમીદાને] ચાલ હમણાં પેલો કમબખ્ત આવશે ત્હેને પતાવી હું અબઘડી આવું છું. તું જા. આજે તો કુલરમત રમીશું ને પેલો તો નહિ આવે એમ લાગે છે.

(હમિદા જાય છે. થોડીવારે એક પચીસેક વર્ષનો સખ્સ દાખલ થાય છે. ખતિજા ત્હેનો રોશન ચ્હેરો અને પાણીદાર આંખો જોઇ રહે છે. આવનાર સખ્સ બંદગી કરે છે.)

આવનાર: મેં સાંભળ્યું છે કે આપ સાહેબાની ખિદમતમાં મ્હને કોઇક નોકરી મળી શકશે.

ખ: (સ્વગત) કેવો મીઠો અવાજ. આ થોડા વર્ષોમાં અહિંના બધા જ સખ્સો ફિરસ્તા થઇ ગયા છે શું?

(પ્રકટ) તું કોણ છે? શી નોકરી કરી શકશે?

આવનાર: સાહેબા, ખુદા મિયાંએ રહમ કહી મ્હને જુવાની અને તાકાતવાળું શરીર બક્ષ્યું છે એટલે હું બધાં કામ કરી શકું છું.

ખ: (હસી પડી) ભલા માણસ, આ કૈં કવાયતખાનું નથી, સમજ્યો.

આવનાર: બેઅદબી માફ કરો સાહેબા, પણ તાકાત એ જ સચ્ચાઇની નિશાની છે. તેજ લોક જોરાવર નથી જેણે પાપ કર્યાં હોય છે. જોર એતો ખુદાનો સિક્કો છે. સાહેબા, ખુદા સૌથી જોરાવર નથી ?

ખ: (સ્વગત) કેટલો મગરૂર છે; પણ કોણ જાણે કેમ મ્હને ચીઢ નથી ચઢતી.

આવનાર: (જરા હસીને) બેગમ સાહેબા, મગરૂર તેજ નથી થઇ શકતો જેને મગરૂર થવાની તાકાત નથી.

ખ: (ચમકીને) પણ તેં કેમ જાણ્યું કે હું એ વિચાર કરતી હતી.

(સ્વગત.) કોઇ અજબ માણસ લાગે છે.

આવનાર: (હસી પડે છે.) એ પારખવું અઘરૂં ન્હોતું. હું ઘણી જગોએ ભટક્યો છું ને મેં ઘણા ઇન્સાન જોયા છે.

ખ: પણ તું તો હજી ન્હાનો છે.

આવનાર: સાહેબા, મ્હને પચ્ચીસ વર્ષ થયાં છે. ખુદાએ આપેલી જીંદગી ટૂંકી નથી; ઇન્સાન ધારે તો એમાં ઘણું કરી શકે છે.

ખ: ત્યારે તું કેમ નથી ધારતો ?

આવનાર: સાહેબા, હજી વખત નથી આવ્યો.

ખ: શાનો ?

આવનાર: મ્હારા આફતાબને ઉગવાનો. અત્યારે તો હું એક અદના ઇન્સાન છું ને આપ સાહેબાની નોકરી ચાહું છું.

ખ: (હસીને) ને પછી તું શું કરીશ ?

આવનાર: ઇન્સાનને ઇન્સાન બનાવીશ.

ખ: (હસી પડે છે.) ઓ ! મ્હને ખુબ જ હસવું આવે છે. તું એમાં નવું શું કરવાનો હતો. ખરેખર, તું કોઇ ચક્રમ લાગે છે. પણ જા, કાલથી નોકરીએ આવજે. મારે હવે જવું છે.

(આવનાર અહેશાનની સલામ ભરી જાય છે. ખતિજા ત્હેને જતો જોઇ રહે છે.)

(સ્વગત) ખરેખર, કોઇ અજબ માણસ છે. પણ ત્યારે મહમ્મદ અબદુલ્લા તો કેવોક હશે. હજી તે નથી આવ્યો.

(ખતિજાની ભરેલી છાતી એક નિશ્વાસપૂર નીચી પડે છે. જરાકવારે તે અંદર જતી રહે છે.)

(પડદો પડે છે)

પ્રવેશ ૨

(ખતિજાના ગુલબાગમાં હોજ પાસે હમિદા ઉભી છે.)

હમિદા: (સ્વગત) આહ, મ્હારૂં કિસ્મત જ ફુટેલું છે. મેં કેવી ખૂબીથી વાત ઉડાવી હતી. મેં ત્હેને જોયો ત્યારથી જ મ્હને આ બ્હીક હતી. તેથી જ અબદુલ મલિકને મેં કહી રાખ્યું હતું કે ગમે તેમ કરી ત્હેને આ મંઝિલથી દૂર રાખે કે જેથી ખતિજા બેગમની નજરે પણ તે ન ચઢે; ને બિચારા અબદુલ મલિકે તો બે વરસ સુધી ખૂબ કર્યું. એનો અહેશાન હું કદી નહિ ભૂલું પણ ત્યારે કોણ જાણે કેમ એજ અહિં નોકરી માંગતો ઉભો રહ્યો. ઓ, મ્હારૂં કિસ્મત જ ફુટેલું છે. હવે-હવે તો મ્હને શાની ઉમેદ રહે ? હવે તો જરૂર ખતિજાને એનો ઇશ્ક થવાનો જ. એમાં ખતિજા પણ શું કરે ? ખુદા ઓરત હોત તો એને પણ એવું જ થાત. કેવો રોશન ચ્હેરો છે ! ને એની ચશ્મો ! તે જોનારને બેહસ્તનું નૂર દેખાય છે. પણ એ બધું મ્હારે હવે શું કામનું ? હું તો મામુલી નોકર છું; ને એ તો માલેતુઝાર ખતિજાનો માનીતો થવા માંડયો છે. મ્હારી એને પરવા પણ શી ?

(એટલામાં પાછળથી કોઇના પગલાંનો અવાજ થાય છે. ચમકી હમિદા પાછળ જુએ છે. ગુલાબના છોડામાંથી મહમદ આવતો જણાય છે. હમિદા ધડકતી છાતીએ ત્હેને જોઇ રહે છે. મહમદની નજર ખેંચાય છે. બેઉ એકમેકને જોતાં ઉભાં રહે છે. બેઉ તે નજરનો અર્થ સમજે છે.)

મહમ્મદ: આહ ! કેટલું ખૂશ કિસ્મત છે !

(હમિદાના ઉગતી સ્હવાર જેવા ચ્હેરા પર રતાશ આવે છે.)

હ: કે ?

મ: કે આટલા વરસોથી હું શોધતો હતો તે આ ખુશ સ્હવારે મ્હને મળે છે.

હ: તે શું?

મ: ઇનસાન સરજાયો ત્યારથી જે માટે ત્હેનો રૂહ પૂકાર કરી રહ્યો છે તે.

હ: એટલે? મ્હને તો કૈં નથી સમજાતું.

મ: હા, એ સમજવું જરા અઘરૂં તો છે; પણ...

હ: પણ શું?

મ: પણ ઇજાજત હોય તો સમજાવું.

(હમિદા ચૂપ ઉભી રહે છે. મહમ્મદ ત્હેની પાસે જાય છે ને ત્હેના હાથ પકડી ત્હેના હોઠ પર એક ગાઢ ચૂંમી લે છે. હમિદા મહમ્મદના ગળે હાથ વિંટાળી ત્હેની છાતીમાં લપાઇ જાય છે. થોડીવાર પછી બેઉ હોજ પર બેસે છે.)

હ: આજ કે? આટલાજ માટે આપનો રૂહ પૂકારતો હતો. નફ્ટ બદમાશોનો રૂહ પણ આનાં માટે તો......

મ: (જરા ગુસ્સે થઇ.) સબૂર હમિદા. એમાં ઘણો ફેર છે.

હ: શો?

મ: એ લોકમાં નેકી નથી. જરાવારની લિજ્જત લઇ એ લોક જતા રહે છે—ઉડી જાય છે.

હ: એની શી ખાત્રી કે આપ સાહેબ એમ નહિ કરો?

મ: ઇમાન.

હુ: એ તો ખરૂં; પણ એવે વખ્તે હું ઇમાનને શું કરૂં.

મ: લે, આ મોહર લે. તું કહીશ તેમ કરીશ એવા કસમ સાથે આ આપું છું.

(મોહર આપે છે. હમિદા વિચારમાં પડે છે.)

કેમ મ્હારી પરી શું વિચાર કરે છે.

હુ: પ્યારા અજીજ, આ ખૂશ કિસ્મત એટલું ઉતાવળું આવ્યું કે મ્હને બીક લાગે છે કે કદાચ......

મ: ખોટી વાત છે. હું વરસોથી રાહ જોતો આવ્યો છું.

હુ: તે કેમ ?

મ: જો, આજથી આઠેક વરસ પર એક દિવસ હું અહિં આવ્યો હતો, ત્યારે મેં ત્હને જોઇ હતી. ત્યારે તો તું પતંગિયા પેઠે ઉડતી હતી; પણ ત્યારથી મ્હારો રૂહ......

હુ: ઓ મહમ્મદ, ત્યારે તું આટલાં વરસ કેમ બેસી રહ્યો ? હું પણ બે વરસથી ત્હારે ખાતર કેટલું તલસતી હતી.

મ: હું શું કરૂં ? અબદુલમલિકે કૈં કૈં બ્હીક ને બ્હાનાંઓથી મ્હને રોકી રાખ્યો હતો.

હુ: ઓ ! અબદુલમલિક......

મ: હા, એ જ નાપાકે મ્હને કહ્યું હતું કે આ મંઝિલની ઓરતો કાળી વિદ્યા જાણે છે. કેવો......

હુ: ઓ પ્યાર, એવું ન કહીશ. મેં જ એને એમ શિખવાડ્યું હતું.

મઃ (અજાયબીથી) તેં ? મ્હને દૂર રાખવા માટે એને તેં કહ્યું હતું. શા માટે ?

હુઃ કારણ પ્યાર, કે હું ત્હને ચ્હાતી હતી.

મઃ અજબ છે; નવીન છે. પણ તેથી જ ત્હારે એમ ન્હોતું કરવું.

હુઃ કારણ......

(અટકી પડે છે.)

મઃ કેમ ?

હુઃ કહીશ, કોઇ દિવસ કહીશ, આજ નહિ. આજે તો એ બિચારા અબદુલમલિકે અણજાણે ઘેરી રાખેલા મ્હારા ખૂશ કિસ્મતને માણવા દે. પણ ઓ પ્યારા, તું કદી ઉડી તો નહિ જાય ને ?

(હમિદા મહમ્મદના ખોળામાં બેસી, ત્હેના ગ્હોંને પોતાના હાથોમાં પકડી ઉંચી આંખોએ જૂએ છે.)

મઃ કેવો સવાલ. ત્હારા દિલખૂશ દિમાગને જોવા ખાતર તો આ મગરૂર ખતિજાની ગુલામી કરવા બેદિલે હું તૈયાર થયો ને હજુ—

હુઃ પણ એ જ કારણથી તો હું પૂછું છું.

મઃ એટલે ?

હુઃ ધાર કે......

મઃ કે ?

હુઃ કે...કદાચ...

(ઉતાવળી ઉભી થાય છે.)

જો કોઇ આવે છે. કમનસીબીના પગલાં જેવાં કોઇના પગલાં લાગે છે.

(બેઉ ઉતાવળે જતાં રહે છે.)

(પડદો પડે છે)

પ્રવેશ. ૩

(એક મ્હોટા આયનામાં પોતાની છાયા પડે છે તે ખતિજા જોઇ રહે છે. ને એ ખૂબસૂરતીથી ખૂશ થઇ જઇ આયનામાં દેખાતા પોતાના ચ્હેરાને ચૂમીઓ દે છે.)

ખતિજા: (સ્વગત) શાયેરો કહે છે કે ખૂબસૂરતીના તેજમાં ભલભલા શાહ–ઇમામો પણ અંજાઇ જાય છે તો શું એક નોકર ખૂશ થઇ નહિ શકે ? હવે તો જરૂર હું એને રૂઆબમાં જ આંજી દઇશ.

(થોડીવાર પોતાનો રોશન ચ્હેરો જોઇ રહે છે.)

પણ કોણ જાણે કેમ એની હાજરીમાં મ્હારો બધો રૂઆબ ઉતરી જાય છે ને ખરેખર એ જ કોઇ અમીર હોય ને હું એની કોઇ પરેજ થયલી બાંદી હોઉં એવી થઇ જાઉં છું. આવું તો મ્હને કોઇ જ દિવસ નથી થયું; અને હવે તો આ જલન પણ સહન નથી થતી. તે દિવસથી જ એણે મ્હને ગાંડી કરી મૂકી છે. હરવું–ફરવું કે કૈં કામકાજમાં પણ મન નથી ચોંટતું. મ્હારા બધા નોકરો પણ મ્હને હસતા હશે; ને હમીદા તો ખડખડ જ હસતી હશે પણ ખરેખર, એની ગેરહાજરીમાં તો બેહરતમાં યે બેચેની થાય.

[પાછળ બારણું ઉઘડવાનો અવાજ થાય છે. ખતિજા સ્વસ્થ થાય છે. મહમ્મદ અબદુલા સલામ ભરી દાખલ થાય છે.]

ખતિજા: (રૂઆબનો ડોળ કરીને) કેમ અલ્યા ?

મહમ્મદ: બેગમસાહેબા, તકલીફ દરગૂજર કરો પણ મ્હારે જરૂરી કામ હતું એટલે......

ખ: જરુરી કામ ? આપને-ત્હારે વળી જરુરી કામ શું હોઇ શકે ? બોલ, શું છે ?

મ: માલેકા, મ્હારે આપની નોકરીમાંથી રૂખસદ જોઇયે છે.

ખ: (સફાળી) ઓ, મહમ્મદ, ખરેખર તું દિલ્લગી કરે છે. એમ હોય જ નહિ. હું જાણું છું કે તું બધું પામી ગયો છે ને તેથી જ તું મ્હને સતાવવા આવ્યો છે.

(મહમ્મદ અજાયબ થઈ જોઇ રહે છે.)

મ: માલેકા શું કહે છે તે હું સમજી શકતો નથી.

(ખતિજા મહમ્મદની આંખોમાં જૂએ છે. તે ખરેખર સાચું જ કહેતો હતો એમ ત્હેને લાગે છે; તેથી સાવધાન થઇ.)

ખ: કેમ ત્હારે રૂખ્સદ શા માટે જોઇયે છે.

મ: સાહેબા, આટલા દિવસોથી હું નોકરીએ ચઢ્યો છું પણ હજી મ્હને કૈં કામ બતાવવામાં નથી આવ્યું.

ખ: તું પણ ભલો માણસ છે, મહમ્મદ. એ ખ્યાલ ત્હારે નહિ પણ મ્હારે કરવાનો હોય.

મ: દરગુજર કરો સાહેબા, પણ એ ખ્યાલ પ્હેલો તો મ્હારેજ કરવો જોઇયે. મહેનત વગરનું મ્હેનતાણું લઇ કોઇ ઇન્સાન સુખી નથી થતો. ખુદાના હૂકમથી એ ઉલ્ટું છે. એવા ઇન્સાનોને ખુદા જરૂર મોત આપે છે. સાહેબા, મ્હારે એવી વધની બકરી નથી થવું.

ખ: (હસીને) પણ તેં કેમ જાણ્યું કે અમે હમેશ ત્હને એમ જ રાખશું. ત્હારે લાયક કામ હું શોધી જ રહી છું.

મ: ના, સાહેબા, મ્હને લાગે છે કે અહિં મ્હારો ખપ નથી. બેગમસાહેબાના બધા વડા નોકરો પાસે હું જઇ આવ્યો છું; પણ એ બધા સાહેબો, જાણે કોઇએ પઢાવી મૂક્યા હોય તેમ મ્હારી વાતજ સાંભળતા નથી. મ્હને બ્હીક રહે છે કે આમ મ્હારાં આળસ ને લોભ વધારી, ખુદાની સોડમાંથી મ્હને ગબડાવી પાડવાની કોઇએ જાળ બિછાવી છે.

ખ: ભલા મહમ્મદ, તું નચિંત થા. એવું કૈં જ નથી. મેં ત્હારે લાયક કામ શોધી જ મૂક્યું છે.

મ: તે ક્યું?

ખ: ઇનસાનને ઇનસાન બનાવવાનું.

મ: બેગમસાહેબા, એમ મજાક ન કરો. હું તો અદના ઇનસાન છું. હજુ એવાં કામ કરવાને હું લાયક નથી થયો. હું ઇજાજત લઉં છું; મ્હારી જગાએ કોઈ વધારે લાયક સખ્સને બોલાવજો.

(મહમ્મદ જવા માંડે છે. ખતિજા ગભરાઇ જાય છે ને ત્હેને ગળે વળગી પડે છે.)

ખ: મહમ્મદ, પ્યારા મહમ્મદ, તું જતો ન રહે. ઓ, ત્હારા વગર હું કેમ જીવી શકું? હું ઇન્સાન નથી રહી. ત્હારી સાથે જ હવે હું ફરી ઇન્સાન થઇ શકીશ.

(મહમ્મદ મહામહેનતે ખતિજાને છોડાવે છે)

મ: માલેકા, આ નાદાની છોડી દો. એ જ સાચા ઇનસાન

ચવાનો રસ્તો છે. આપના ગૂજર પામેલા પાક ખાવિંદને યાદ કરો. ખુદા ત્હમારૂં ભલું કરશે.

ખ: ઓ મહમ્મદ, મ્હારે ઇન્સાન થવું છે; મ્હારે ડાહ્યાં નથી થવું. તું મ્હારી જોડે શાદી કરીશ?

મ: તકસીર માફ કરો, સાહેબા, પણ મ્હારે હવે જવું જોઇયે.

ખ: મ્હને શો જવાબ છે?

મ: એ વાત બીલ્કૂલ બનવાજોગ નથી.

ખ: કારણ? શું હું ખૂબસૂરત નથી? શું હું કંગાલ છું? મહમ્મદ, ઇનસાન માંગે તે અહિં મળી શકે છે. તું વિચાર કરી જો. હું મગરૂર નથી પણ આવી ચાંદની જેવી ખૂબસૂરતી—

મ: બસ કરો, માલેકા, પણ મ્હારે એ કૈંજ કામની નથી કારણ કે હું કોઇનો બંધાયલો છું.

ખ: તે કોણ?

મ: હમિદા.

ખ: હમિદા? ઓ, હું આ શું સાંભળું છું. એ આટલી બેવફા થઇ? હું અબઘડી એને બોલાવું છું ને—

મ: બેગમસાહેબા; એ તસ્દી ન લેશો કારણ એ નાહક છે. હમિદા તો અહિંથી ક્યારની જતી રહી છે. હા, પણ એ બેવફા નથી થઇ. બેગમસાહેબાએ જીગરની વાત એને કહી હતી શું?

ખ: ના.

મ: ત્યારે પછી એ કેમ જાણે. ને અમારી વાત તો ઘણા વરસોની છે—આજની નથી.

(ખતિજા ચૂપ થઈ રહે છે, ત્હેની આંખોમાં અગ્નિ ભભૂકે છે; ત્હેનું મગજ વીજળીના વેગે કામ કરી રહ્યું છે. થોડી વાર પછી.)

ખ: હં ત્યારે આ જાળ બિછાવવા તું અહિં આવ્યો હતો કેમ? સ્ત્રી મળી એટલે ત્હારે જતા રહેવું હતું. મહેનત વગરના મહેનતાણાની વાત બધી ફુઝુલ હતી. પણ હું ત્હને જવા નહિ દઉં. આ મંઝિલના ભોંયરામાં ત્હને પરહેજ કરીશ.

મ: (હસી પડી) કેવી ઉમદા વાત. પ્યાર કરવાની કેટલી સરસ રીત. બેગમસાહેબા, આજ બતાવે છે કે ત્હમે કોઈને પણ કેટલા ને કેવા પ્યારથી ચાહી શકો છો.

(ખતિજા શરમીંદી પડી જાય છે. જરાવાર રહી.)

ખ: પણ મહમ્મદ, તું મ્હારૂં દિલ શા માટે ચીરે છે? ત્હને જરા પણ દયા નથી? મ્હારા જીગરમાં શું શું થાય છે એ હું ત્હને કેમ બતાવું. ઓ પ્યારા જીગર.........

મ: માલેકા, હું જૂઠ નહિ કહું. દુનિયામાં હું ચાર જણને ચાહું છું; તે ખુદા, મ્હારા કાકા અબુતલિબ, હમિદા અને ખતિજા; પણ ખતિજા કરતાં હમિદાને હું વધારે ચાહું છું એટલે હું ત્હેની માંગણીમાં નાઇલાજ છું; પણ ખતિજા માટે મ્હારો ચાહ તો કાયમ જ રહેશે.

ખ: ને પેલી નોકરડી ત્હારી સાથે ચમન કરશે.

મ: ના. ત્હમે ધારો છો તેમ નહિ. હું એક ગુપ્ત વાત કહું છું. આજ થોડા વરસો થયાં મ્હારૂં દિલ બીજી જ દિશામાં દોડે છે. ઇન્સાન

જે અંધાધુંધી ફરે છે; ધર્મના નામે જે ડોળ ચાલે છે એથી હું ત્રાસી ગયો છું. ઇનસાનની એ હાલત કેમ બદલવી ત્હેનો જ હું વિચાર કરી રહ્યો છું એટલે થોડા જ વખતમાં હું ઓલીયો થઇ જઇશ.

(ખતિજાની આંખ ચમકે છે.)

ખ: આ વાત ઇમાનથી બોલે છે.

મ: હા.

ખ: અને હમિદા ત્હને છોડી દે તો ?

મ: તો હું ખતિજાની માંગણી મંજૂર કરૂં.

ખ: વારૂ, જા, કાલે આવજે. હું રૂખસદ આપીશ–હં પણ મ્હારે હમિદા જોડે વાત કરવી છે. એ ક્યાં ગઇ છે ?

મ: અબુ તલિબને ઘેર.

ખ: વારૂ કાલે મળજે.

(મહમ્મદ જાય છે. ખતિજા ત્હેને જોઇ રહે છે.)

(પડદો પડે છે)

પ્રવેશ. ૪

(શાહુ-વેપારી અબુ-તલિબના મકાનના એક ઓરડામાં હમિદા બેઠી છે. ત્હેનો મોગરાની કળી જેવો ચ્હેરો ખૂશ જણાય છે. ત્હેની આંખોમાં આશાની રોશની પ્રગટેલી છે. તે થોડીવાર બારીમાંથી જણાતા રસ્તા તરફ જોઇ રહે છે. પછી કંટાળી હોય તેમ એક ગાદિ ઉપર પડી, વગર માણેલી જુવાનીમાં જ જે જાગ્રત સ્વપ્નાંઓ અનુભવી શકાય છે ત્હેમાં મશગૂલ થાય છે. થોડીવારે કોઇ ઉતાવળથી આવતું હોય તેમ લાગે છે. બાર ઉઘડે છે ને એક નોકર દાખલ થાય છે,)

નોકર: ખતિજા બેગમસાહેબા.

(હમિદાને શું થયું ત્હેની જાણ થાય તે પ્હેલાં ખતિજા દાખલ થાય છે. નોકર જતો રહે છે. પળવાર બેઉ સ્ત્રીઓ એકમેક સામું જોઇ રહે છે. થોડી વાર પછી.)

હમિદા: (બંદગી કરી.) અહેશાન થયો પણ સાહેબાએ તકલીફ શા સારૂ લીધી? મ્હને બોલાવી હોત તો હું જ આવત.

(ખતિજા મ્હોં ફેરવી બારીમાંથી દેખાતા આકાશ સામું નજર કરે છે. પછી ગાદી પર બેસે છે.)

ખતિજા: (ધીરેથી) હમિદા, આવ, બેસ; હું શ્રીમંત ખતિજા ત્હારી પાસે આવી છું.

(હમીદા ચુપ બેસે છે.)

હમિદા, તું આજે તવંતર છે; ને હું ભિખારી થઇ ગઇ છું;

હ: બેગમસાહેબા, એવું ન બોલશો.

(હમિદાની આંખમાં ઝણઝણિયાં આવે છે. ખતિજા આગળ બોલ્યે જાય છે.)

ખ: અને ત્હેનું કારણ તું છે. તું જેને અગિયાર વર્ષ પ્હેલાં ભુખમરાને લીધે ત્હારા પેદર વેચવા તૈયાર થયા હતા; અને એક છોકરીની ખૂબસૂરતીપર ગુલામીનો ડાઘ ન પડે તેટલા માટે મેં લઇ લીધી ને નોકરો અને ગુલામો પેઠે નહિ પણ મ્હારી સગી બ્હેન પેઠે ઉછેરી.

હ: માલેકા, એ બધા અહેશાનો હું કદી નહિ ભૂલી શકું.

ખ: ખરી વાત છે. તેથી જ તેં આ બદલો આપ્યો; તેથી જ મ્હારી બધી દોલત તેં લૂંટી લીધી ને મ્હને ફુટેલા ઘડા જેવી જીંદગી આપી તું ચાલી ગઇ.

હ: માલેકા, હું નથી સમજી શકતી એ આ બધું કેમ થઇ શકે. ખરી વાત છે કે હું સાહેબાની રજા વગર નીકળી આવી પણ તેમાં મ્હારી કસૂર નથી. મેં તો મ્હારા મહમ્મદને.........

ખ: બસ કર. મ્હારે એવું નથી સાંભળવું. મ્હારા સુખની ચાવી આજે ત્હારી પાસે છે. હું ત્હારી આગળ શિર ઝૂકાવી......

હ: ઓ પ્યારી બ્હેન, એવું ન બોલો. આજે સાહેબાને શું થયું છે?

ખ: (સ્વસ્થ થઇ.) હમિદા, હું જોઇ શકું છું કે મ્હારા જીગરની લાગણીઓ ત્હને સમજાવવી મૂશ્કેલ છે. હું એક જ વાત પૂછું છું. આ ઘડી ત્હને મ્હારા મંઝિલની માલેક બનાવી શકું ને ત્હને પાંચ લાખ સિક્કાઓ આપું જો તું......

હ: શું?

ખ: તું–તું મ્હારી વચમાંથી જતી રહે તો.

હુ: આહ ! બેગમ સાહેબા, હવે હું સમજી શકું છું. પણ મ્હારી એક વાત સાંભળો. ઇશ્કની જે લાગણીઓ બેગમસાહેબાને ઘેરી રહી છે તે જ મ્હને પણ સતાવે છે. એક ત્હેને ખાતર દોલત છોડી શકે તો બીજી દોલત ખાતર એને કેમ છોડી દે ? બેઉ ઓરતો છે, ઓરતોને મન તો સારી જહાંની દોલત પ્યારની એક ચૂમી આગળ ઉતરતી છે—એ દોલતને હું શું કરૂં ? હું માલેકાના ખૂબ અહેશાનમાં છું. માલેકાનું ફરમાન હોય તો મ્હારૂં શીર હું નવાજું; પણ જ્યાં લગી હું જીવું છું.........

ખ: હું સમજી. પણ લાગે છે કે ત્હને બધી વાતની ખબર નથી. મહમ્મદ અબ્દુલ્લાએ કસમ લઇ કહ્યું હતું કે એ તો થોડા વખતમાં જ ફકીર થઇ જશે. એને તો પયગંબર થવું છે. ને એ માટે એ ઓલિયો થઇ જશે.

હુ: તો શું થયું ? હું ત્હેની સાથે જઇશ.

ખ: આહ, તું ખરી જક્કી છે. ત્યારે છેવટે પણ તું મ્હારી માંગણીનો ઇન્કાર કરે છે, ખરૂં ને ?

હુ: માલેકા, હું શું કરૂં ?

ખ: (ઘડી પછી) ઠીક, હું જાઉં છું. હું મ્હારૂં નશીબ ભોગવીશ. તું સુખી થજે.

(હમિદા શિર ઝુકાવે છે. ખતિજા જાય છે.)

(પડદો પડે છે)

પ્રવેશ. ૫

(હમિદા બારીએ ઉભી છે. ત્હેના ચ્હેરા પરથી લાગે છે કે તે ઉંડા વિચારમાં છે. તેથીજ ઘણા વખતથી નીચે ઉભેલી એક બુઝર્ગ સ્ત્રી ત્હેની સામે જોઇ રહી છે છતાં તે ત્હેને જોતી નથી. થોડીવારે હમિદાની નજર પડે છે.)

હમિદાઃ મા, ત્હમે કોણ છો ?

બુજોર્ગ સ્ત્રીઃ દીકરા, હું હાથ જોઉં છું.

હ: હાથ જુઓ છો, એમ ? ત્હમે મ્હારો હાથ જોશો ?

બુ: હા, દીકરા, શા સારૂ ન જોઉં ? બધાંના જોઉં છું.

હ: ત્યારે મા, મેડે આવો.

(જરાવારે તે સ્ત્રી દાખલ થાય છે.)

બેસો,

(બેઉ બેસે છે.)

બુ: લાવ દીકરા, જોઉં.

(હમિદા હાથ આપે છે. તે સ્ત્રી થોડીવાર તે તરફ જોઇ રહે છે. તે જરાક હસે છે)

હ: શું છે મા, ત્હમે કેમ હસો છો ?

બુ: દીકરા, તું બહુ નસીબવાન છે.

હ: એમ ?

બુ: હા, તું ભલભલી બેગમો કરતાં પણ વધારે નસીબદાર છે. ખરૂં કહેજે હં, થોડા વખતથી ત્હને કોઇ સખ્સ મળ્યો છે કે નહિ ?

હ: હા, મા.

બુ: તે દુનિયાનું ઝવાહીર છે. ત્હેનું જતન કરજે. આલમમાં તે મ્હોટામાં મ્હોટો માણસ થશે. તે જાતે ખુદા છે.

હ: કેવું સારૂં, મા, થોડા રોજમાં એની જોડે મ્હારી શાદી થશે.

બુ: (ચમકીને) હેં ? ના, એવું ન કરીશ.

હ: (ગભરાઇને) ન કરૂં, કેમ ?

બુ: જો બેટા, એ વાત જરા અઘરી છે; પણ ત્હને સમજાવું. એ સખ્સ દુનિયાનો પયગંબર થાય એવો છે;

હ: હા, ખતિજા બેગમ એવું કૈં કહેતાં હતાં ખરાં.

બુ: એમ કે ? પણ......

(જરા અટકે છે.)

હ: પણ શું ?

બુ: પણ એ વખતની હજી વાર છે. એને માટે એને ઘણી તૈયારીઓ કરવી પડશે. આલમની આફતોમાંથી દૂર થઇ એણે એકાંતમાં વખત ગાળવો જોઇયે. ત્યારે એને પયગંબરીનો ફિરસ્તો જડશે.

હ: એટલું તો થઇ શકે.

બુ: હા, થાય તો ખરૂં પણ એમ કરે તો એ ખાય શું ? પયગંબરોને પણ ખાવા તો જોઇયે ને.

(હમિદા વિચારમાં પડે છે.)

હ: હા, એ ખરી વાત ને અમે તો ગરિબ છિયે પણ મા, એને બદલે હું મજુરી કરીશ. પછી શું? પછી તો એ પયગંબર થશે ને!

(બુઝોર્ગ ડોશી હસી પડે છે.)

બુ: દીકરા, તું હજુ અણસમજુ છે. એટલાથી કાંઇ પયગંબર થવાય? એને તો દેશેદેશ જવું જોઇશે.

હ: એ તો એ ગયો છે, મા; અબુતલિબના ઉંટો લઇ એ બધે ગયો છે.

બુ: તે તો મ્હને જાણ છે સ્તો. ત્હારા હાથની આ રહી એ લીટી જેમાં ચોખ્ખું છે કે એ ઘણે ઠેકાણે ગયો છે; પણ હું તો બીજી જ વાત કરતી હતી. એના દુશ્મનો એની સામે થશે; ત્હેમને હરાવવા પડશે; ને આખી આલમને જીતવી પડશે. તે માટે લઢનારાઓ જોઇયે ને એનો કેટલો બધો ખર્ચ આવે. તે તું એટલી બધી દોલત ક્યાંથી લાવીશ?

(હમિદા વિચારમાં પડે છે. એની આગળ દેશો જીતતો, કાફરોને હરાવતો, મહમ્મદ અબદુલ્લા પયગંબરના રૂપમાં જણાય છે. હમિદાના શરીરને રોમાંચ થાય છે. બુઝોર્ગ સ્ત્રી ધીરૂં ધીરૂં હસતી આ જોઇ રહે છે. થોડી-વાર પછી.)

હ: ઓ મા, ત્યારે હું શું કરૂં? મ્હારો મહમ્મદ ત્યારે પયગંબર નહિ થાય?

બુ: દીકરા, એતો ત્હારા હાથમાં છે. તું ધારે તો ત્હેને જહાનનો ખુદા બનાવે છે ને ધારે તો.........

હ઼: (ઉતાવળે) મા, એમ ન બોલશો. જરુર તે ખુદા જ થશે. પણ ત્યારે હું શું કરૂં?

બુ: બેટા, હું તો હાથ જોનારી છું. હું શું કહું. ચાલ હું જાઉં છું.

હ઼: (ત્હેનો હાથ પકડી) ના, મા, મ્હને આમ મૂકી ત્હમે જતાં ન રહો. કહો, હું શું કરૂં?

બુ: (જરા વિચાર કરી) દીકરા, કોઇ માલેતુઝાર ઓરતને તું પિછાનતી હોય તો મહમ્મદ ને ત્હેની શાદી કરી આપ.

(હમિદા તે સ્ત્રી સામું જોઇ રહે છે.)

હ઼: તેથી શું?

બુ: તેથી ત્હેની દોલત મેળવી મહમ્મદ મનનું ધાર્યું કરી શકશે...

હ઼: ને તેવી શાદી ન થાય તો?

બુ: તો, મહમ્મદ ત્હારી જોડે શાદી કરી, એક ભિખારી મજૂર રહી ગુજર પામશે, બીજું શું! ને થોડા વરસમાં ત્હેની ને ત્હારી જીસ્મ મિટ્ટી બની જશે.

હ઼: મા, એવી શાદી પછી પણ મ્હારૂં શું?

બુ: બેટા, તું તો ગાંડી છે. તું ને હું ને બધાં કાલ થશે એટલે જતા રહેવાનાં છિયે ને મહમ્મદ તો બધા દેશ ને વખતમાં યાદ રહેશે ને પૂજાશે. એને લીધે-બલ્કે ત્હારે લીધે આલમ તારાજ થતી અટકશે; કરોડો ઇન્સાનો નેક ધર્મ શિખશે...ઓ દીકરા, મ્હારી ઘરડી છાતીમાં પણ લોહી ધગધગી રહે છે. કેવું ખૂશ કિસ્મત?

હ઼: મા, પણ ત્હેની કોઇ બીજી સાથે શાદી થાય પછી તો મ્હારાથી નહિ જીવાય. એનો કેં રસ્તો નથી?

ખુ: (જરાક વિચાર કરી.) છે, બેટા, ભલા ખુદાએ બધા રસ્તાઓ ખૂલ્લા જ રાખ્યા હોય છે. ખરાબ રસ્તાઓ બંધ નથી કર્યા તો પછી સારા રસ્તાઓ તો ખૂલ્લા જ હોય ને?

(છાતીમાંથી એક ડબ્બી કહાઢી.)

દીકરા, આ એક ગોળી ત્હારી બધી ગમગીનીમાંથી તરત ત્હને છૂટી કરશે.

(હમિદા જરા વાર વિચાર કરે છે.)

હ: મા, ત્હમે ખતિજા બેગમને પિછાનો છો?

ખુ: હા બેટા, આખું મક્કા એને ઓળખે છે.

હ: ત્હેમને મ્હારો સંદેશો આપશો? તે ત્હમને ખૂશ કરશે.

ખુ: તો જરુર, બેટા, હું જઇશ.

હ: ત્હેમને કહેજો કે મહમ્મદને મેં છૂટો કર્યો છે ને.........

(પોતાના બદનમાંથી મહમ્મદે આપેલી મોહર કાઢે છે.)

ને મહમ્મદ અબદુલ્લાને કહેજો કે આ મોહરના ઇમાનથી તે ખતિજા સાથે શાદી કરે.

(મોહરને ચૂમી લઇ તે આપે છે.)

મા, જોજો, હં, એમાં ભૂલ ન થાય; ને પેલી ગોળી આપો જોઉં.

(બુજોર્ગ સ્ત્રી ગોળી આપે છે તે ગળી જાયછે. થોડી જ વારે ત્હેને તમ્મર આવે છે ને તે ગાદી પર ઢળી પડે છે. ત્હેની સુન્દર આંખો અર્ધ બિડાય છે. બુજોર્ગ સ્ત્રી ત્હેની પાસે જાય છે.)

મા, પણ મહમ્મદ જરૂર પયગંબર થશે ને ?

(ત્હેનું ચેતન ઓછું થાય છે. એટલામાં કમાડ ખૂલવાનો અવાજ થાય છે. બુજોર્ગ સ્ત્રી ઉતાવળે જતી રહે છે. મહમ્મદ અબ્દુલ્લા દાખલ થાય છે. હમિદાને સૂતેલી જોઇ તે પાસે દોડી જાય છે, ને ત્હેને ખોળામાં સૂવાડે છે. ઘણીવારે, હમિદાની આંખો એક છેલ્લીવાર ઉઘડે છે ને મહમ્મદને જુએ છે; મહમ્મદ ત્હેને ચૂમી લે છે. ત્હેના હોઠ ઉઘડે છે, ને ધીરેથી બે શબ્દો નીકળે છે.)

મહમ્મદ પયગંબર.....................

(મહમ્મદ શિર ઝૂકાવે છે.)

[પડદો પડે છે.]

લોમહર્ષિણી.

(ત્રિ-અંકી નાટક.)

મનુભાઇ દેસાઇને :

પાત્રો

જગતકિશોર.	વસુ.
હેમન્ત.	મૃણાલ.
હર્ષદ.	માલતિ.
વૈદ્ય.	વાસંતિ.
આનંદરાય.	રખી.
ભીમ.	રાત.

અંક ૧.

પ્રવેશ. ૧

સમય: સંધ્યા. **સ્થળ:** જગતના મકાનનો ખંડ.

હેમન્ત: (સ્વગત) ખરેખર આ સૃષ્ટિની યંત્રણા અકળ અને ભયાનક છે. કોણે કહ્યું હતું કે......

(ખંડનું મુખ્ય દ્વાર ઠોકાય છે.)

(પ્રકટ) કોણ છે? (દ્વાર ઉઘડે છે.)

કોણ હર્ષદ? ધીમે ધીમે જગત સૂતો છે.

(હર્ષદ પ્રવેશે છે.)

હર્ષદ: જગત્ સૂતો છે? અત્યારે, સંધ્યાકાળે?

(ખંડનું એક બીજું દ્વાર ઉઘડે છે. વસુ ડોકીયું કરે છે.)

વસુ: હેમન્તભાઇ, જરા ધીરે હં. (દ્વાર બંધ કરી વસુ જતી રહે છે.)

હર્ષ: હેમન્ત! કેમ આ બધું શું છે?

હેમ: જગત્ આજે અસ્વસ્થ છે. વૈદ્ય કહે છે એની મનોદશા અતિગંભિર છે.

હર્ષ: એની મનોદશા? કેમ એને અચાનક શું થયું?

હેમ: માનવ જીંદગાની જ અકસ્માતોથી ભરી છે ને, એમાં પૂછે છે શું?

હર્ષ: હેમન્ત, મ્હારે ત્હારૂં જ્ઞાન નથી સાંભળવું. જગતને શું થયું છે!

હેમ: ચિત્તભ્રમ.

હર્ષ: પણ એ ભ્રમ છે કે બિમારી?

હેમ: બેઉ.

હર્ષ: અરે, એણે વળી પાછી કોઇ ભયંકર નવલકથા વાંચી હશે.

(વૃક્ષોના ઝુંડમાં લપાતી સંધ્યાનું ગ્રહણ થાય છે. આકાશથી અંધારાં નીતરે છે. પાસેના ખંડમાંથી કોઇના ડૂસકાંનો અવાજ સંભળાય છે. વૈદ્ય બહાર આવે છે.)

હર્ષ: (ઉતાવળો) કેમ વૈદ્યરાજ?

વૈદ્ય: ભાઇ હવે જે થાય તે ખરું, પણ આશા નથી.

(વૈદ્ય જાય છે.)

(પડદો પડે છે)

પ્રવેશ. ૨

સ્થળ: પાસેનો ખંડ. **સમય**: આથમતી મધ્યરાત્રિ.

(બેભાન જગત સુતો છે. વસુ અને વૈદ્ય એની પાસે ઉભાં છે.)

વૈદ્ય: (ધીરેથી) વસુમતિ, એની વાચા બંધ થઇ છે. થોડી-વારમાં કંઇ ફેર ન જણાય તો પછી હવે આશા નથી. મેં તો બધી માત્રાઓ અજમાવી–હરિ ! હરિ !

(વસુ અશ્રુભરી આંખે જગતને જોઇ રહે છે. જરાકવાર બધું શાન્ત પડે છે.)

જગત: લોમહર્ષિણી, લોમ, આવ–ઓ......

વસુ: ભાઇ, ભાઇ, શું છે ?

વૈદ્ય: સબુર, વસુમતિ, હવે કંઇ જ ચિંતા નથી. એને ભાન તો નથી પણ હવે ઠીક થશે.

વસુ: (સહર્ષ) એમ ?

વૈદ્ય: હા બ્હેન ! હવે ત્હમે જરીયે મુઝાશો નહિ.

(વસુ સાભાર વૈદ્ય સામું જોઇ રહે છે.)

વસુમતિ, આમ શાથી થયું હતું, વારુ ? ત્હમે કહ્યું તેથી કાંઇક ઉંડું જ કારણ............

વસુ: ખરી વાત છે, વૈદ્યરાજ, ત્હમે તો ભાઇને જીવનદાન દીધું. ત્હેમને ....

વૈદ્ય: હરિ ! હરિ ! બ્હેન મેં તો કંઇ જ નથી કર્યું. વળી, ભાઇનું દર્દ પણ મ્હને નથી સમજાતું.

(દ્વાર બ્હાર કોઇનો પગરવ સંભળાય છે.)

વસુ: એ કોણ છે ત્યાં ?

વૈદ્ય: ત્યાં કોણ હોય ? પણ વારુ વસુમતિ, ત્હમે મ્હને પેલું કારણ તો કહો.

(વસુ આકાશ ભણી જોઇ રહે છે. યુગો અને જન્મોની કથા જાણવા માંગતી હોય એવા પ્રશ્નો ત્હેની આંખોમાં તરવરે છે.)

વસુ: વૈદ્યરાજ, સ્હવારે હું અને ભાઈ બારીએ ઉભાં હતાં ત્યારે રસ્તેથી આનંદભાઇની માલતિને ભાઇએ જોઇ ને અચાનક "લોમહર્ષિણી, લોમ, આવ ઓ......" કહી થોડીકવારે ભાઇ બેભાન થઇ ગયા; પછી મેં ત્હમને તેડયા.

વૈદ્ય: બ્હેન, ઇશ્વરની અકળ રચનાનો પાર કોણ પામ્યું છે ? આ વાત તો જન્મજન્માંતર જેવી ગૂઢ જણાય છે, જાણે કેમ એક જ રૂપના ઉપભોગ માટે જગત તલસતો ન હોય ! બ્હેન, મ્હારી પાર્થિવ આંખોને તો આમાં એક જ ઉપાય જણાય છે કે બને તો માલતિ જોડે જગતનો સંબંધ કરો.

વસુ: ઓહો ! એમાં શું ? વૈદ્યરાજ, ભાઇનું દર્દ એથી જશેને ?

વૈદ્ય: બ્હેન તે તો જગન્નિયંતા જાણે; પણ એ એક અખતરો છે. જુઓ તો ખરાં; વળી હું આવીશ ત્યારે વિચાર કરીશું. (જાય છે.)

વસુ: (નિર્જન દિશાઓ ખોળતી સ્વગત) લોમહર્ષિણી લોમ, ઓ, તું કોણ છે ?

(પડદો પડે છે)

પ્રવેશ. ૩

સ્થળ: એજ; **સમય:** બીજા દિવસની સ્હવાર.

વસુ: ભાઇ, ત્હમને કેમ છે?

જગત: વસુ, બ્હેન, મ્હને શું છે? મ્હને કૈં નથી. હું તો આ બહાર જાઉં છું.

વ: પણ આમ હરવા-ફરવાની વૈદ્યે તો ના કહી છે.

જ: વૈદ્ય!

વ: (બ્હીતાં બ્હીતાં) કાલે ત્હમારી તબિયત.........

જ: મ્હારી?......કાલે? વસુ! ત્હને કૈં ભ્રમણા થાય છે? મ્હને કાલે શું થયું હતું? મ્હને તો કૈં જ ન્હોતું. ત્હને સ્વપ્ન આવ્યું હશે.

(વસુ ભાઇની અકળ ઇશ્વર જેવી વાત સાંભળતી જોઇ રહે છે.)

(થોડીવારે) વસુ, ત્હને કેમ છે? ત્હને અઠીક હોય તો વૈદ્યને તેડૂં.

વ: ના, ભાઇ, મ્હને કૈં નથી.

(નોકર આવે છે. તે વસુના કાનમાં કૈં કહી જાય છે.)

ભાઇ, એક વાત પૂછું?

જ: શું?

વ: ત્હમે ચીઢાશો નહિ ને?

જ: વસુ, બેટા, ત્હારી જોડે ચીઢાઉં? કહે જોઇયે શું છે?

વ: ત્હમે આનંદભાઇની માલતિને જોઇ છે ને?

જ: હા, જોઇ હશે ત્હેનું શું છે?

(વસુ આશ્ચર્યમાં જોઇ રહે છે.)

વ: ભાઇ, ત્હમારે માટે એનું માગું કરશું?

જ: મ્હને લગ્નની હોંસ નથી.

વુ: પણ, બાએ કહ્યું હતું તે યાદ છે?

જ: જોશું, એની એવડી ઉતાવળ શી છે?

વ: ના, જોશું જોશું કહી વારંવાર ઉડાવો છો તેવું નહિ. ના કહેવી હોય તે.........

જ: વસુ, બેટા, ત્હને રૂચે તે કર, પછી કાંઇ? થયું?

(વસુ ઉમળકાભેર જગતનો હાથ લે છે.)

વ: ઘણું જીવો. ભાઇ મ્હારા.

(જગત જાય છે. એક વૃદ્ધ પુરુષ દાખલ થાય છે.)

વસુ: કેમ છો આનંદકાકા? બધાં...........

આનંદ: હા, બ્હેન. જગતભાઇ ખૂશીમાં છે?

વ: હા.

(બેઉ બેસે છે.)

આ: બ્હેન, આજે કાંઇ મ્હને સંભારવો પડયો!

વ: આનંદકાકા, અમ્હારે કાંઇ જોઇયે છે, આપશો?

આ: બ્હેન, બધું ત્હમારૂં જ છે ને?

વ: પણ આનંદકાકા, આતો ત્હમને એટલી વહાલી ચીજ છે...........

આ: બેટા, હવે કહોને.

વ: કાકા, મ્હારા જગતભાઇ કાજે તમારી માલતિ આપશો ?

આ: બ્હેન ! વૃદ્ધોની મશ્કરી ન થાય હો.

વ: કાકા, હું સાચું કહું છું.

આ: બ્હેન, મ્હારી માલતિ એટલી સદ્‍ભાગી છે ?

વ: આનંદકાકા, માલતિને કેટલાં વરસ થયાં ?

આ: બ્હેન, કાલે જ સત્તરમું વર્ષ બેઠું.

(હર્ષદ પ્રવેશ કરે છે.)

વ: હર્ષદભાઇ ! કંઈ વધાઇ આપું ? આનંદકાકાની માલતિ જોડે જગતભાઇના વિવાહ કર્યા.

હર્ષદ: એમ ? કાકા, માલતિ બ્હેન સુખી થયાં.

(આનંદરાય આકાશ તરફ જુએ છે.)

(પડદો પડે છે)

પ્રવેશ. ૪

સ્થળ: એજ; **સમય**: ચાર માસ પછી.

જગત્: વસુ, કાશ્મીર આવવા માલતિ તો ના કહે છે. ચલો ત્યારે આપણે જ જશું.

વસુ: પણ ભાઇ, ભાભીને અમે કહેશું. અહિં એકલાં કાંઇ રહેવાય ?

જગત્: એકલી શેની ? રખી અહિં છે ને આનંદકાકા પરગામથી આવશે એટલે અહિં રહેશે.

વ: પણ............

જ: પણ કંઇ નહિ. ઇચ્છા ન હોય ને આવે એમાં મઝે પણ શી ?

(જાય છે.)

(રખી આવે છે.)

વ: રખી, તું ભાભીને કહીશ ? એ તો કહે છે હું અહિં જ રહીશ. તે અહિં કાંઇ રહેવાય ? અમે તો ત્યાં કેટલો બધો વખત રહેશું ? ને એવામાં એમને કાંઇ.........

રખી: પણ વસુબા, એમને હું તો નહિ કહું.

વ: કેમ રખી ? ત્હને કેં અણબનાવ થોડો છે ?

(રખી વિચારમાં પડે છે. ત્હેની કરચલી વળેલી આંખોમાં આંસુ આવે છે.)

ર: ના, ના, વસુબા, એમને હું નહિ કહું.

વઃ રખી, રખી પણ તું રુએ છે કેમ ?

રઃ કાંઇ નહિ બાઇ, આપણે બધાં સુખી નથી તેથી.

વઃ ગાંડી, બધાં દુઃખી હોય તેમાં ત્હારે શું ?

રઃ વસુબા, મ્હને સાથે લઇ જશો.

વઃ રખી, પણ બાબી જોડે ત્યારે કોણ રહેશે ? તું અનુભવી છે તે ત્હારી જરુર પડે ને ? ને પછી ભાભીની સંભાળ.........

રઃ બાઇ, સૌ સંભાળ રાખશે. મ્હને અહિંથી લઇ જાઓ.
(રખી રડે છે.)

વઃ ઠીક ઠીક રખી હું ભાઇને કહીશ. તું જા.

(રખી જાય છે.)

(પડદો પડે છે)

અંક ૨.

પ્રવેશ. ૧

સ્થળ: વાડીની કુંજ: **સમય:** ચૈત્રનું એક પ્રખર બપોર.

[અચાનક એક કાળી વાદળી સૂર્યને ઘેરતી થંભી જાય છે. દુનિયાં પર ઝાંખો અંધકાર પથરાય છે.]

રખી: આમ કેમ? આ અંધારૂં કેમ થયું?......ને ઓ! પેલું, પણે કોણ છે?......પેલાં એ?......એ કોના ઓળા છે? એજ......એજ......પેલાં એ. વસુબ્હેન ગયાં ને દશ દિવસ થયા ત્યારથી મ્હારા પ્રાણ કાંપતા હતા. હવે એ લોક સ્વતંત્ર થયા......ને પેલો! ઓ! તે દિવસે મ્હને કહ્યું: ત્હને ને ત્હારા ગોવિંદને મારી નાંખશું, કોઇને કહીશ તો. મ્હારા ગોવિંદને? મ્હારા બચુકડા ગોવિંદને? મ્હારા ફુલ જેવા ગોવિંદને? ઓ! હું કોઇને જ નહિ કહું......ઓ ઇશ્વર! એ કેવો ક્રૂર હતો. ને એનો તે વખતનો સાદ! માડી, મ્હને બીક લાગે છે......મ્હને મ્હારો તો જરા ભો નથી. એટલા માટે હું કાંઇ મ્હારા વસુબાથી કૈં યે છૂપું રાખું? પણ મ્હારો દેવ જેવો ગોવિંદ. હજી તો ઘોડીયે રમે છે. દિકરાએ સોંપ્યો હતો તે એને કાંઇ થાય તો? નહિ તો મ્હારે માટે હું કૈં વસુબાથી છૂપું રાખું, ને તે આવું બધું?

(વાડિનો દરવાજો ઠોકાયછે.)

(પ્રકટ) કોણ છે એ? ઉભા રહેજો.

(હર્ષદ પ્રવેશે છે.)

હર્ષદ: કોણ રખી!

ર: હા, ભાઇ.

હુ: રખી, વૈદ્યરાજને દીઠા છે?

ર: કેમ ભાઇ, કોઇને અસુખ થાય છે?

હુ: ના, રખી, મ્હારે કાંઇ કામ છે.

ર: એ તો હમણાં જ ઘેર ગયા. (રસ્તામાં ડોકિયું કરે છે) ઓ રહ્યા, પેલી બારીએ.

હુ: રખી, જા તો એમને પૂછી જો તો કે એમને નવરાશ છે?

ર: હા, ભાઇ ચાલો.

(બેઉ જાય છે.)

(પડદો પડે છે)

પ્રવેશ. ૨.

સમય: એજ: **સ્થળ: વૈદ્યની મેડી.**

[વૈદ્ય પુસ્તક લઇ બેઠા હોય છે. હર્ષદ આવે છે.]

વૈદ્ય: કેમ હર્ષદ, આવો ભાઇ, આજ કાંઈ ત્હમારે આવવું થયું ?

હર્ષદ: વૈદ્યરાજ એક............

વૈ: હા, હા, ભાઇ, બોલોને. શું છે.

હ: મ્હને થોડા વખતથી મુંઝવણ થાય છે.

વૈ: ફુફુસાવસાદને લીધે કફ.........

હ: ના, ના, વૈદ્યરાજ મ્હને કૈં રોગ નથી.

વૈ: તે ત્હમે કહો તે ન ચાલે. ત્હમારી મુખરેખા જ કેટલી...

હ: વૈદ્યરાજ, તે હશે પણ હું તો એક વાત પૂછવા આવ્યો છું. અતિ ગુપ્ત છે.

વૈ: કૈં દર્દ છે ?

હ: ના, ના મ્હારે તો એ સાથે કૈં જ સંબંધ નથી.

વૈ: ત્યારે હર્ષદભાઇ, એવા નિરુપયોગી વિષયોની લત શી કામની ? ત્હમારૂં જીવન કેવા ભવ્ય કામો માટે સરજાયું છે ? હવે એ રીતો છોડી દ્યો ને જીવનનું કાંઇ સાર્થક કરો.

હ: હા, વૈદ્યરાજ, મ્હને પણ હવે હવે એમ જ લાગે છે. પણ આ મ્હારી વાતનો નિવેડો આવશે પછી કાંઇ કરવા ધારૂં છું.

વૈ: (સ્વગત) કરવા ધારે છે ? શું કરવા ધારે છે ! માણસ શું કરી શકે ? તે સર્વ સમર્થ સિવાય આપણે કોણ ? હરિ ! હરિ !

મનુષ્યમાં કેટલી અહંતા છે. (પ્રકટ) ઠીક ભાઇ, કહો ત્હમારી શી વાત છે ?

હ: વૈદ્યરાજ, જગત તે દિવસે માંદો હતો ત્યારે ત્હમે અને વસુબ્હેન વાતો કરતાં હતાં ને..........

વૈ: હા, પણ તે ત્હમે કેમ જાણ્યું ?

હ: વૈદ્યરાજ ક્ષમા કરજો પણ હું દ્વારબહાર ઉભો હતો.

વૈ: (સ્વગત) જીવન સફળ કરવાનું ભાથું બાંધતો હતો ! બિચારો ! આવા ચારિત્ર્યથી જીવનસાફલ્ય જોઇયે છે. હરિ ! હરિ !

(પ્રકટ) વારુ. પછી.

હ: વૈદ્યરાજ, ત્યારથી આજ સુધી એ ઘટના ઉકેલવા મેં બહુ પ્રયત્નો કર્યા પણ જેમ જેમ તે વિશે હું વિચાર કરું છું તેમ તેમ મ્હારો મુંઝાપો વધે છે તે આજ ત્હમારી પાસે આવ્યો. વૈદ્યરાજ, હવે તો રાતને દિવસ મ્હને એ જ વિચારો આવે છે.

વૈ: ભાઇ એ જ ખોટું. દરેક વસ્તુના કારણ શોધવા એ જ નવી વિચાર પદ્ધતિનો દોષ છે. વિશ્વરચના જ એવી અકળ છે કે વિચારોથી પાર પમાય જ નહિ.

હ: તેથી તો હું ત્હમારી પાસે આવ્યો છું.

વૈ: હા, ભાઇ, પણ અમારી વાતોમાં ત્હમને શ્રદ્ધા નહિ આવે.

હ: પણ વૈદ્યરાજ, ત્હમે કહો તો ખરા.

(વૈદ્ય સ્વસ્થ થાય છે. હર્ષદ આતુર થઇ જોઇ રહે છે.)

વૈ: જો ભાઇ હું કાંઇ બ્રહ્મજ્ઞ નથી; ઇશ્વરની કૃતિઓનો પાર

પામવા હું કેવળ અનાધિકારી છું. કોઇ દિવસે એ જ નોધારાનો આધાર બાંય પકડશે તો વળી કાંઇ જાણશું. ત્યાં લગી તો હરિભજન કરૂં છું ને યતકિંચિત સેવા કરૂં છું તો......

હ: વૈદ્યરાજ એતો ત્હમે વિવેક કરો એટલું. પણ એતો હશે. તે દિવસે માલતિને જોઇ જગત બેભાન થઇ ગયો એમાં ત્હમે શો ભેદ દીઠો ?

વૈ: ભેદ તો કોણ જાણે પણ એતો નિશ્ચિત છે કે જગતના ગાત્રમાં રોગચારો જરીક નથી.

હ: ત્યારે એમ કે કોઇ પૂર્વજન્મના અનુભવો સાથે આ વાનને સંબંધ હોય ?

વૈ: એ સંભવિત છે.

હ: પણ વૈદ્યરાજ, એમ હોય તો જગતે માલતિને ફરી વાર જોઇ ત્યારે કે તે પછી કેમ કાંઇ ન થયું ?

વૈ: વસ્તુસ્થિતિ ફેરવાઇ હશે.

હ: વસ્તુસ્થિતિ વળી ફેરવાઇ ક્યાંથી ? એજ જગત ને એજ માલતિ.

વૈ: તેજ ભ્રમ છે.

હ: વૈદ્યરાજ કૃપા કરી ત્હમે સ્પષ્ટ કહો.

વૈ: જો ભાઇ, કદાચ એમ હોય કે ઘણા જન્મો ઉપર જગત કોઇક રસિક અને અતિ સંસ્કારી ઋષિકુમાર હોય.

હ: ઋષિકુમાર! વારૂ વારૂ, પછી ?

વૈ: હેની આંખો સૌન્દર્યની ઝીણવટો, મુખની આછી ઘેરી રેખાઓ, શરીરના અતિ ન્હાના મરોડો એ બધું જોઇ શકતી હોય ને ત્હેનું દિલ કોઇક આદર્શ રૂપ શોધતું હોય.

હુ: વૈદ્યરાજ ક્ષમા કરજો હું; પણ જગતને સૌન્દર્ય અને સ્ત્રીઓ જોડે ત્યારે આટલો અણબનાવ કેમ છે ?

વૈ: ભાઇ, હું ઘણા જન્મો ઉપરની વાત કહું છું.

હુ: ઠીક.

વૈ: ત્યારે એ ઋષિકુમારે અચાનક કોઇ શાન્ત સ્થળમાં વાદળી પેઠે પસાર થતી, પોતાના આદર્શ રૂપવાળી તાપસ કન્યાને જોઇ હશે. અને સત્વર ત્હેની પ્રાપ્તિ માટે ત્હેણે પ્રાણપૂરા પ્રયત્નો કર્યા હશે. ત્હેની શોધમાં વને વનની ઝાડીઓમાં ને ગિરિ–ડુંગરની ગુફાઓમાં તે ભટકયો હશે ને અંતે એજ અલભ્ય આદર્શમાં, કોઇક ઉન્હી બપોરે, એકાદ નદી તટે કે કોઈ અરણ્યમાં ત્હેનું નામ જપતા કે નદી તટના જળપક્ષીઓ આગળ ત્હેના રૂપનું કીર્તન કરતાં ત્હેણે પ્રાણ છોડયા હશે.

હુ: તે બધું હશે પણ ત્હેની સાથે જગતને શો સંબંધ ?

વૈ: તે પછી તે જ આદર્શ રૂપની શોધમાં ભવેભવ તે ભટકયો હશે. અંતે ઘણા જન્મો પછી એક દિવસ ફરીવાર તે જ આદર્શ રૂપ તે જુએ, પેલી તાપસ કન્યાના રૂપનાં સ્મરણો તાજાં થાય ને તેથી ત્હેના મન અને શરીર વિહ્વળ થઇ જાય; એવામાં ફરીવાર પેલી કુમારી અદૃશ્ય થાય. આથી જન્મોજન્મની યાત્રા કરનારને ગત સંકટો યાદ આવે ને હતાશ થઇ તે બેભાન થઇ જાય.

હ: અરે હા વૈદ્યરાજ એ બધું ખરૂં. પણ ત્યારે જગતે ફરીવાર માલતિને જોઇ ત્યારે એ બધાં સ્મરણો ક્યાં જતાં રહ્યાં ?

વૈ: હર્ષદ; તું આજે છે તે કાલે ન્હોતો ને આવતી કાલે નહિ રહે. ત્હારી અને મ્હારી આંખો જોઇ શકે કે નહિ ત્હારા શરીરના ઘાટમાં, પળે પળે ફેર થાય છે. કળાનો સંપૂર્ણ સંસ્કારી આ વાત જુએ છે. પ્રાચીન આર્યાવર્તનો રસિક ઋષિકુમાર એટલો સંસ્કારી હોય. જે ઘડીએ પેલી તાપસકન્યાને ત્હેણે જોઇ ત્યારે ત્હેનામાં જે શરીર સૌન્દર્ય હતું તે જ જગતે માલતિને જોઇ ત્યારે માલતિમાં હતું. બીજી ઘડીએ એજ માલતિની શરીરરેખાઓ બદલાઇ. તેથી પછી જગતને ભૂતજન્મના સ્મરણો ન થયાં.

હ: ત્યારે શું આદર્શ સૌન્દર્ય તો એક જ પળ રહે છે ને ?

વૈ: હાસ્તો.

હ: બિચારા ઋષિકુમારો, એક અલ્પ ઘડીના સૌન્દર્યોપભોગ માટે ભવેભવના દુઃખો વેઠતા જણાય છે.

વૈ: (સ્વગત) સૌન્દર્યનો સાચો રસીયો એક અધઘડીના મહા આનંદ માટે સ્વર્ગના સનાતન સુખો જતા કરે છે એ વાતનું આ ક્લિષ્ટ જીવોને ક્યાંથી ભાન હોય ? હરિ ! હરિ !

હ: પણ વૈદ્યરાજ, માલતિ તાપસકન્યા છે એમ શાથી કહો છો ?

વૈ: મેં એવું ક્યાં કહ્યું ? આવું હોય એમ ધારૂં છું.

હ: હા. પણ એવું શાથી ધારો છો ?

વૈ: ફરી ત્હમારાં કારણો ઉભાં રહ્યાં. ત્હમે લોક કારણોની શોધ-

માં જ પૂરા થવાના. વારૂ. જો લોમહર્ષિણી એ પેલી કુમારીનું નામ હશે. એવાં નામો ઋષિ કન્યાઓનાં હતાં. એના અખૂટ અને આદર્શ શરીર રૂપને લીધે કોઇ રસીયાએ ત્હેનું નામ લોમહર્ષિણી રાખ્યું હશે.

હ: વૈદ્યરાજ, ક્ષમા કરજો હં. પણ બાણભટ્ટની યાદ આપતી ત્હમારી આ કલ્પના ઘણાને ગળે નહિ ઉતરે.

વૈ: ખરી વાત છે, હર્ષદ. તેથી તો બાણભટ્ટ ને કાલિદાસો હવે જન્મતા નથી.

હ: તે તો કોણ જાણે પણ મ્હને તો લાગે છે કે આ જગતે કોઇ અતિ ઉશ્કેરાટવાળી નવલકથા વાંચી હશે. એથી જ એના નબળા મન ઉપર અસર થયલી.

વૈ: હા, હા, હર્ષદ, એમ પણ હોય. એ કઇ નવલકથા તે કાંઇ જડયું ?

હ: ના, મેં હજી વિચાર જ નથી કર્યો. ચાલો વૈદ્યરાજ હું હવે રજા લઇશ. ક્ષમા કરજો.

વૈ: હા ભાઇ, આવતા રહેજો.

(હર્ષદ જાય છે.)

(પડદો પડે છે.)

પ્રવેશ. ૩.

સમય: પ્રભાત: **સ્થળ:** સ્નેહસરિતાના બંદર ઉપર.

[સ્ટીમરો સફર કરવા માટે તૈયાર કરવામાં આવે છે. પશ્ચિમ તરફ જતી સ્ટીમરમા ઉતારૂઓ બેસી ગયા છે. કપ્તાને છેવટનો હુકમ આપ્યો છે. તુતક ઉપર ઉભા રહેલાં કેટલાક ઉતારૂઓ સ્વજનની વિદાય લે છે. સ્ટીમરને બંદરથી છુટી કરી છે. એવામાં એક પુરુષ, એક સ્ત્રી, અને સામાન ઉપાડી મજુરો ઉતાવળે આવે છે.]

બંદર પરનો એક મુસાફર: (આવનારને જોઇ પુરુષને) ખલાસ, ભાઇ, કાંઇ નહિ હવે બીજી સ્ટીમરમાં જજો. કેમ ક્યાં જવું હતું ?

પુરુષ: કંદર્પપૂરી.

મુ: ત્યારે તો સ્ટીમર હજી જવાની છે. આ તો અધઃપૂર જાય છે.

(આવનાર સ્ત્રી સ્ટીમરના તુતક પર ઉભેલા મુસાફરો તરફ જુએ છે. અચાનક એક પુરુષ અને એક સ્ત્રી એકમેકના હાથ પકડી બેધ્યાન ઉભાં છે ત્હેમને બતાવતાં)

સ્ત્રી: જગતભાઈ, પેલું કોણ ? એ તો માલતિ ભાભી છે. ને પેલું......?

(જગત ત્હેમને જુએ છે. ને થોડીવારે સ્ટીમર દિશા બદલે છે. તુતક ઉપર ઉભેલાં લોક દેખાતાં બંધ થાય છે.)

જ: વસુ, આપણે હવે ઘર નથી જવું.

વ: ભાઈ, ભાઇ, ત્હમે ધીરા થાવ, કેમ જાણ્યું કે એ ભાભી જ હતાં ? એવા ચ્હેરાના તો ઘણાયે હશે. મ્હારા ભાઇને આમ અધીરા થવું ન ઘટે હં.

(સ્વગત) મેં કેટલી ઉતાવળ કરી. મેં શા સારૂ એમને બતાવ્યાં? પણ છેવટે તો બધું જણાત ને?

જ: (મજુરને) મજુર, ચાલો પેલી ધર્મશાળામાં પાછાં જશું.

(મજુરો સામાન લઇ પાછા ફરે છે. વસુ અને જગત સામે ઘુઘવતા સમુદ્રમાં અદશ્ય થતી સ્ટીમરની દિશામાં નજર કરે છે.)

જ: વસુ, દરિયો કેટલો બિહામણો છે? જાણે એક વધારે મનુષ્યને દુષ્ટ બનાવવાથી રાજી થતો શયતાન ન હોય.

વ: ભાઇ મ્હારા, દુષ્ટ કૃત્યોમાં સાધન થવાનું પ્રાપ્ત થવાથી દરિયો બાપડો કષ્ટાય છે. (થોડીવારે)

જ: વસુ, સમર્થ શયતાનને જોઇ જાણે હું નિરાધાર થતો હોઉં એમ જણાય છે.

(દરિયા સામે જોઇ રહે છે.)

વ: જગતભાઇ, પુરુષોને એ શોભે છે? ત્હમારા આંતરિક તેજને ભાભીના સંબંધ જેવા સ્થૂળ વિષય સાથે શું લેવા? બાળસૂર્ય જેવા મ્હારા જગતભાઇ, હજી તો ત્હમારે કેટકેટલું વધવાનું છે?

જ: (વસુ સામું જોઇ) તેં શું કહ્યું વસુ? વસુ, ઓ, જો, પેલા તોફાનમાં જગત ડૂબે છે.

(જગતને અંધારાં આવે છે.)

વ: (ચારેગમ જોતી) ઓ કોઇ દોડો રે, મ્હારા ભાઇને કૈં થાય છે.

(પડદો પડે છે.)

અંક ૩.

પ્રવેશ. ૧.

સમય: ભીષણ મધ્યરાત્રી; **સ્થળ**: એક ગામના સીમાડે કૂવા પાસે.

એક પુરુષ: (સ્વગત) અહાહા! એક માલતિ ખાતર કેટકેટલા ભવ દીઠા! કેટલો વખત સુધરેલા થવું પડયું! ને જે અધુંરૂં હતું તે આજે પૂરૂં કરવાનું આવ્યું. કાળી મા, તું કરાવશે તે કરીશ, પણ આજે તો મ્હારો પણ હાથ ધ્રુજે છે.

(દૂર કોઇના પગનો અવાજ થાય છે. પુરુષ કૂવા પાસે પાછળ ઉભો રહે છે. દૂરથી આવનાર સ્પષ્ઠ જણાય છે.)

પુરુષ: જે!

આવનાર: જે કાળી મા. ઇ કુણ!

(પુરુષ આગળ આવે છે.)

પુ: કાજળ. કેમ રાત, શું થયું?

રાત: ભીમ, માઠા સમાચાર છે.

ભીમ: કેમ, કોઇએ પકડી?

રા: ના રે, માલતિ મરી ગઈ.

ભી: એમ! શાથી?

રા: જનમ દેતાંસ્તો. ભીમ, તું આ લે. મ્હને ભો લાગે છે. ત્હારે ખાતર હું આને લાવી. નકર મારૂં હૈયું તો કાંપે છે.

ભી: અરે રાત, પણ છે શું! તું વળી કાંપતાં ક્યારથી શીખી!

રાઃ તું માને નહિ પણ મરનાર આમાં પેઠી છે તે મ્હને જો. લાગે છે. તું લે ઝટ.

(રાત સોડમાં સંતાડેલી બાળકી ભીમના હાથમાં આપે છે.)

ભીઃ રાત મરનાર કૈં બોલી હતી ?

રાઃ ના, પણ જનમતાં જ આણે કહ્યું કે મ્હને મારતા ના.

ભીઃ (હસતાં) પછી તેં શું કહ્યું ?

રાઃ હા કહી.

(ભીમ ખડખડાટ હસે છે.)

ભીઃ રાત, તું ગાંડી થઇ ? એ તો માલતિ જ બોલી હશે.

રાઃ ભીમ, હું છોકરી છું કે ? મેં આવાં કામ નથી કર્યાં ? તું મ્હને અપજશ આપે છે ?

ભીઃ ના, ના, રાત. કદાચ એમ હશે. આ એના જેવી જ રૂપાળી છે એ તો દેખું પણ છું.

રાઃ રૂપાળી ? ગાંડા, રૂપાળી શું ? રૂપની જોત છે. મા ગઇ પણ દીકરી દેતી ગઇ.

ભીઃ એટલે ? શું રાત, ત્યારે આ જીવશે ?

રાઃ ત્હારામાં છાતી હોય તો ના જીવાડ. ભીમ, આ તો રાત છું. મેં કહ્યું જીવશે તે જમડામાં જોર નથી કે એને લઇ જાય. જોઇશ તો—

ભીઃ રાત, રાત, પણ ત્યારે હું શું કરૂં ? આને કયાં રાખું ?

રા: બાયલો છે? વેઠતાં ડરે છે?

ભી: રાત, હું કાયર નથી. પણ તું બધું જાણે છે. કામણ જાણશે તો મ્હારો જીવ લેશે. તું રસ્તો સૂઝાડ.

રા: હત્તારી, મરદ થયો છે! જા, જા, તું ઢોર ચારવાનો. લાવ એને. ને પેલી રખીને ચિઠ્ઠી લખ. શું લખવું તે યાદ છે ને? ગોવિંદનું. ને લખ કે માલતિ નદીએ ન્હાવા ગઈ તે ડૂબી ગઇ એમ કહેવાનું ને આ જગતની દીકરી.

ભી: (બાળકાને પાછી આપતાં) રાત, રાત, તું ન હોત તો—

રા: (હસતાં) તો દુનિયામાં દિ' રહેત, ભીમ.

(બેઉ જાય છે.)

(પડદો પડે છે.)

પ્રવેશ. ૨.

સમય: ચન્દ્રોદય. **સ્થળ**: એક ગામડાના વાડામાં.

વાસંતી: વસુબ્હેન, હવે ત્હમે આખો વખત શું કરો છો?

વસુ: જીવીએ છિયે, બીજું શું?

વા: ત્યારે પહેલાં શું કરતાં?

વ: પહેલાં જીવન જીવતાં, હવે જીંદગી જીવવાની છે તે જીવીએ છિયે.

વા: ત્યારે ત્હમે દુ:ખી છો?

વ: ના, બ્હેન, સુખદુ:ખમાં અમે માનતા જ નથી. અમ્હારે મન તો બધું સરખું છે.

વા: એમ તો કેમ દુનિયામાં સુખ અને દુ:ખનો ભેદ તો બધા માને છે. લોક કહે છે કે ઇશ્વર પાપીઓને દુ:ખી કરે છે.

વ: એ તો બધું માનીએ એટલું. બાકી ઇશ્વર ગુન્હા, સુખ, દુ:ખ, એ બધું આપણું જ સરજેલું.

વા: (સ્વગત) આ પહેલી તો હું જ દુ:ખી છું. જગતકિશોર માટે મન બળું બળું થાય ને મ્હોંથી કૈં બોલાય નહિ એજ દુ:ખ ઓછું છે! એ તો આ વસુબ્હેને એવાં દુ:ખ વેઠયાં નથી એટલે કહે. હું પણ રોજ એમજ કહેતી.

(પ્રકટ) વાહ વાહ, વસુબ્હેન, દુનિયામાં આટ આટલાં દુખીઓ છે ને ત્હમને દુ:ખ જ ન જડયાં?

વ: બ્હેન એ બધાં દુ:ખી છે કારણ એ એમ માને છે ને વધારે તો એમને આપણે એમ મનાવીએ છિયે.

વા: પણ વસુબ્હેન, ત્યારે દુનિયામાં પાપ–પુણ્ય પણ નથી! નીતિ ને અનીતિ બધાં કહે છે તે ખોટું ?

વ: બ્હેન, નીતિ એટલે સારી રીતભાત. એ બધું આપણામાંથી જ જન્મ્યું.

વા: ત્યારે શું દુનિયામાં ઇશ્વર પણ નથી ?

(સ્વગત) એમ હોય તો મ્હારા મનોરથ કેમ પૂરાશે?

(જગત આવે છે. વાસંતી જરા સંકોચાય છે.)

જગત: કેમ વસુ, શી ચર્ચા કરો છો ?

વ: આ વાસંતી બ્હેન પૂછે છે કે દુનિયામાં ઇશ્વિર નહિ હોય ? ત્હમે ઉત્તર આપશો ?

(જગત સ્થાન લે છે)

જગત: એવી કોઇ ન કળાય એવી શક્તિ તો છે જ જેમાંથી આપણે જન્મ લીધો. પણ ઇશ્વર સાનુકૂળ ને પ્રતિકૂળ છે એમ કહોછો તે આ વિશાળ વિશ્વના જીવજંતુઓના બધા કામમાં ઇશ્વર શા સારૂ પડે ! જીવ જગત જન્મ્યું એમાં પણ એ શક્તિનો હાથ નહિ હોય. તે પૂર્વે પણ અનેક યુગો પહેલાં આપણે આપણા નિયમો રચ્યા ને આપણે જ આપણો ક્રમ યોજ્યો.

વા: (સ્વગત) આ જગતકિશોરનું જ્ઞાન કોણ જાણે કેવું છે ! ઇશ્વર મનુષ્યોના કામમાં શા સારૂ પડે ? શા સારૂ ! અમ્હને જીવાડવા ને જીતાડવા, વળી બીજું શું ?

(પ્રકટ) ત્યારે જગતકિશોર, ત્હમે આ સ્થિતિમાં ફરો છો એ કોને લીધે ! એમાં ઇશ્વરનો હાથ નથી ?

જ: એટલે ?

વા: એટલે વાસંતીબ્હેન પૂછે છે કે માણસના કર્મનો ચાલક કોણ મનુષ્ય કે કોઇ બીજું ?

જ: જે દેખી શકાતું નથી ત્હેનો નિર્ણય ન હોય. જ્ઞાનીઓ અનેકવિધ કલ્પનાઓ કરે છે પણ એ બધી કલ્પનાઓ જ......

વા: હાસ્તો, આપણે બીજું શું કરીએ ?

જ: ત્યારે એક કલ્પના હું કહું છું. જુઓ, મનુષ્યની નીચે જે પશુઆદિ વર્ગો છે અને જેમાંથી જીવે માણસયોનિ ધારણ કરી છે તે આપણે જોઇ શકીએ છિયે; પણ એવી મનુષ્યોની ઉપર યોનિઓ છે જે અદૃષ્ટ છે. અને એથી જ આપણે મનુષ્ય જાતિને ઇશ્વર જોડે બારોબાર સાંકળીએ છિયે. એ ઉપરની યોનિઓમાં આપણા જગતમાં છે તેવાં જ દ્વંદ્વો છે પણ તે થોડા પ્રમાણમાં છે અને તેથી તે આપણા જગત પર અસર કરતી હશે. એમાં પૂર્ણ સત્તા નથી કારણ એનામાં પૂર્ણ પ્રભુતા નથી. આપણે ધારીએ તો એની માઠી અસર સામે વર્તી શકીયે. જે બનાવોને આપણે નસીબાધીન કહીએ છિયે ત્હેના કારણો કદાચ એ સૃષ્ટિમાં હશે.

વા: મ્હને તો આમાં કૈં સમજ ન પડી. પણ ત્યારે આપણે અહિં શું કરવાનું ?

જ: જે પુણ્યપાપ, માયામોહની ઘટના આપણે પોતે સર્જિ છે તેમાં અનુભવો લેવાના.

વાઃ (સ્વગત) માયામોહ એટલે સ્નેહ. ખરૂં ને ?

(પ્રકટ) ત્યારે જગત કિશોર, ત્હમે અહિં આમ કેમ પડ્યા રહો છો ? ત્હમારા અનુભવો પૂરા થયા ?

જઃ ના. જીંદગી એટલે જ અનુભવ. પ્રાણ જ્યાં લગી દેહની ગુફાઓમાં પ્રસરે છે ત્યાં લગી અનુભવ હોય જ. નગરના કે વનના મ્હેલમાં, માનવ સમાજમાં કે એક કોટડીમાં, બોલતાં કે વિચારતાં બધે જ અનુભવની માળા તો પ્હર્યા જ કરે છે અને તેથી જ નગરથી ન્હાસનારને પણ સંસારના ભૂત વળગ્યાં હોય છે.

વાઃ આ અનુભવસિદ્ધ છે ?

જઃ હું અનુત્તર છું.

વઃ વાસંતીબ્હેન, ચાલો આપણે અંદર જશું ?

વાઃ ના, વસુબ્હેન, હું તો હવે જઇશ. (જગતને) જગત કિશોર, હું ફરી આવીશ ત્યારે વધારે શીખીશ. (જાય છે.)

(થોડીવાર શાંતિ પ્રસરે છે. આકાશનો ચન્દ્ર ક્ષિતિજ ઉપર જણાતી તરૂમાળાની ડાળો પકડતો ધીમે ધીમે ઉંચો ચઢે છે.)

વસુઃ જગતભાઇ, વાસંતી કહી ગઇ તેથી કાંઇ સાંભરે છે ?

જઃ હા, પણ તેથી શું ?

વઃ હું તો કહું છું કે આપણે એકવાર ઘર જશું ?

જઃ કેમ ?

વઃ આપણું જ્ઞાન પારખવાની એ કસોટી નથી ?

જઃ ગાંડી, આવા જ્ઞાનને પારખવાનું ન હોય. મનની વાસ-

નાઓને આવાં જ કારણો આપી સંસારીઓ નભાવે છે. વસુ, તોય ત્હારે જવું હોય તો જશું. વિશ્વ વિશાળ છે; પોશાય ત્યાં ફરવાનો આપણો અધિકાર છે. પણ............

વ: પણ શું ? જ્ઞાનીને તો નગર ને વનના મ્હેલ સરખા છે ને ? જગતભાઇ પણ ત્યારે મ્હારો ભાઇ સંસાર કેમ છાંડે છે ? દુનિયાં...

જ: દુનિયાં તો દિશાભુલી છે, વસુ. પણ ત્હેમાં આપણે શું ? દુનિયાં ક્યાં આપણી છે ? ભલે તું કહીશ તો સંસાર વેઠીશ પછી કાંઇ ? વસુ, **अवाद्योऽयं सनातनः ।**

(વસુ જગત સામું જોઇ રહે છે. બે વૃક્ષોની બકોલમાંથી ચન્દ્ર ડોકિયું કરે છે.)

(પડદો પડે છે.)

પ્રવેશ. ૩.

સમયઃ પ્રભાત. **સ્થળઃ** જગતકિશોરનું ઘર.

(જગત, વસુ અને વાસંતી વાડીના દરવાજા આગળ ઉભાં રહે છે.)

વસુઃ જગતભાઇ, કેટલાં વર્ષો થયાં આજે, ખરું ?

જગતઃ વસુ, જીવને કેટલાયે યુગો થયા હશે તો વર્ષોની વાત જ શી ?

(વાસંતી જગત સામું નજર કરે છે. એના ઉરમાંથી એક ઉન્હો નિશ્વાસ નીકળે છે.)

વઃ વાસંતીબેન, પેલું અમારૂં જૂનું ઘર. (જગતને) ભાઇ, રખી જીવતી હશે ?

જઃ (સહેજ હસતાં) વસુ, ત્હારામાં સંસાર પેસે છે હં.

(વસુ દરવાજો ઠોકે છે. અંદરથી "કોણ છે, ઉભા રહેજો" નો ઉત્તર મળે છે. જરાકવારે રખી દરવાજો ઉઘાડે છે.)

રખીઃ (ઓવારણાં લેતી) ઓ મ્હારાં વસુબા, ત્હમે આવ્યાં ? મ્હોટાભાઇ............

વઃ હા, રખી, અમે આવ્યાં. તું કુશળ છે ?

રઃ હા, બા, કેટલા ભવ થયાં મેં વાટ જોઇ.

(બધા વાડીમાં દાખલ થાય છે. જગત અને વાસંતી આગળ ચાલે છે. વસુ અને રખી પાછળ ચાલે છે.)

રખી : (ધીરેથી વસુને) વસુબા, એક વાત કહું ?

(રખી પાછળ નજર કરે છે)

વ: શું છે રૂખી? (એક ઉભાં રહી જાય છે)

ર: માઠા સમાચાર છે.

(વસુના ચ્હેરા પર ક્રોધની લાલાશ પ્રકટે છે. તે છૂપાવતાં)

વસુ: શું છે?

ર: વસુબા, ભાભો મરી ગયાં.

વ: હા અમે સાંભળ્યું હતું ખરું. ખોટું થયું.

ર: હા બાઇ પણ ઇશ્વર આગળ......

વ: તે તો ઠીક રખી પણ એમ શાથી થયું?

ર: વસુબા પ્રસવ પછી મહીને નદીએ......

વ: (ચમકીને) પ્રસવ? રખી, બોલ, શું છે? (રખી ગભરાય છે)

ર: બાઇ...બાઇ...પ્ર...સ...વ.........

વ: (શાંત થઇ) રખી, તું ગભરાય છે શા સારૂ? અમને બધી ખબર છે. ભાભીને અમે જોયાં હતાં. બધું કહી દે.

(રખી આશ્ચર્યથી જોઇ રહે છે.)

ર: બાઇ, ભાભીની દીકરી છે.

વ: દીકરી? ક્યાં છે?

(રખી ઘર તરફ આંગળી કરે છે. વસુ ત્યાં નજર કરે છે)

વ: રખી, કેટલાં વર્ષ થયાં?

ર: બા, ત્હમારા ગયા પછી થોડે વખ્તે જન્મી હશે. કાલે સત્તરમું વરસ બેસશે.

(વસુ નિરાધાર થઇ જમિન તરફ જોઇ રહે છે. ત્હેના મ્હોં પર અનેક ભાવો ચઢે અને ઉતરે છે.)

વસુ: રખી, ત્હને જૂઠું બોલતાં આવડે છે ?

(રખી અનુત્તર રહે છે)

વ: જો રખી, ભાઇને તું કહે જે કે આ અહિં જ જન્મી હતી અને ભાઇનીજ દિકરી છે. સમજી ?

ર: હા.

(બેઉ જાય છે.)

(વાસંતી અને જગત ઘરમાં ઉભાં હોય છે, વસુ અને રખી આવે છે ચારે જણ નિઃશબ્દ ઉભાં રહે છે, એટલામાં ઓરડાનુ દ્વાર ઉઘડે છે. બધાંને જોઇને આવનાર થંભી જાય છે,)

રખી: મૃણાલબ્હેન, આ વસુ ફોઇ.

જગત: વસુ !

વસુ: કૈં નહિ ભાઇ (મૃણાલને) મૃણાલ, આવ બ્હેન.

(મૃણાલ પાસે જાય છે. વસુ ત્હેને હૈયે ચાંપે છે એટલામાં વૃદ્ધ આનંદભાઇ પ્રવેશ કરે છે,)

આ: બેટા, ત્હમે આવ્યાં ? ઇશ્વરે મ્હારી લાજ રાખી. વસુ, બેટા ઠીક છો ?

વ: હા, કાકા, ત્હમે કુશળ છો ?

(આનંદ સ્વસ્થ થાય છે)

આ: જગતભાઈ, રખીએ બધા સમાચાર આપ્યા હશે.

વ: હા, આનંદકાકા, બહુ ખોટું થયું.

આ: (સગદ્ગદ્) નદીએ મ્હારાં રતનનો ભોગ લીધો બેટા (આંખ લૂંછે છે) હરિ ઇચ્છા, બ્હેન, (મૃણાલ તરફ જોઇ) મ્હારી રાંકડી આટલું એંધાણુ મૂકી ગઇ છે. નહિતર તે હતી એમ પણ ન રહેત. (મૃણાલને) બેટા, બાપુ ને ફોઇના આશીર્વાદ લે. (વસુને) વસુ-બ્હેન, મેં તો કયાં કયાં ભાળ કાઢી! (મૃણાલને) મૃણાલ, બેટા, ત્હારૂં ભાગ્ય પ્રકટયું.

વ: કાકા, મૃણાલને કાલથી નવું વર્ષ બેસશે ને ? તે ગ્રહ બદલાયા હવે (રખીને) રખી, તું જા તો ને હર્ષદભાઇ, હેમન્તભાઇ, વૈદરાજ બધાને અમારી ખબર આપજે ને કાલે અહિં રહેવા આવવાનું કહી આવ. કાલે મૃણાલબ્હેનની જન્મતિથિ છે. (મૃણાલને) મૃણાલ, આ વાસંતી બ્હેનને બધું બતાવ જોઇએ. (વાસંતીને) ચાલો આપણે અંદર જઇએ.

(બધાં જાય છે. જગત બારીએ ઉભો રહે છે. પડદો પડે છે.)

પ્રવેશ. ૪

સ્થળ: જગતના ઘરનો એક ખંડ.

સમય: રાત્રી અને સ્હવારના દ્વંદ્વનો સમય.

(વાસંતી અનિદ્રાથી અસ્વસ્થ થઇ બારીએ ઉભી રહી છે)

વા: (સ્વગત) હૃદય, તું આવું કેવું? ત્હને આજે શું થયું છે? (બારીએ કાન માંડતી હોય તેમ) શું લોકો જેને સ્નેહ કહે છે તે આ છે? સ્નેહ વળી શું? સ્નેહ એટલે મોહ, સુખની આશા, સ્નેહ એટલે શરીરની લાલસા, રાગ ને નહિ તો અનુકૂળ આચારનો સમભાવ; સ્નેહ એટલે વળી બીજું શું? મ્હને તો એવું કાંઇએ નથી થતું. ને ત્હોયે જાણે કેમ હૈયું ઉંડું ઉંડું થઇ રહ્યું છે. (જરાક વિચાર કરીને) હા, ખરી વાત છે. આ જગતકિશોરને મેં જોયા ત્યારથી જ મ્હને કૈં થયું. પણ તે સ્નેહ તો ન્હોય. બધા દિવાનાઓ પેઠે હું કાંઇ એ માટે આટઆટલું ન કરું. ઓહો! કેટલું બધું મેં વેઠયું. બાએ કહ્યું કે આ વિરાગી જેવા જગતકિશોર સંસારી નહિ થાય ને મ્હારી બધી આશાઓ ધુળ થશે ને ત્હોય એ બધું મેં વેઠયું. તે શા માટે? સ્ને—હ? તો! એવી શબ્દજાળથી હું ઘેલી નથી થઇ તો. (વળી વિચાર કરી.) પણ મ્હને એમ થાય છે કે આ જગતકિશોરને એવું શું ગાડું લાગ્યું હશે? જુવાનોને તો ગાંડપણ હોય પણ જગતકિશોર ઓછા જુવાન છે? ત્યારે આ શું? જ્ઞાન-જ્ઞાન-જ્ઞાન! લોકોના સ્નેહ જેવું જ એમનું જ્ઞાન છે. બાકી કેવો ભવ્ય આત્મા છે? જાણે-જાણે શું? એમની જોડે તુલના થાય એવું છે જ શું? હા, એક આ હું છું, એમના જેવી જ; ને તેથી જ મ્હારે એ જોઇયે છે તો (વિચારમાં

પડે છે) પણ તે ક્યાં છે ? મ્હારી તીરથ જેવી આશાઓ જેવીનેતેવી રહી. હવે તો જાણે ઇશ્વરને પૂછું કે ભઇ આમ ના–હક્ક પજવવામાં ત્હારે હાથ શું આવે છે ?–ને એ હત્યારી આશા પણ એવી જ છે. વારુ, પણ આપણે એવી એવી આશાઓ રાખવાનું શું કામ (હોઠકરડી) બસ, મ્હારે કૈં જ જોઇતું નથી. હું કેટલી બધી સુખી છું ? મ્હને વળી કોઇ તે શું આપવાનું હતું ? વસુબ્હેન કહેતાં હતાં ને કે "જીવન જીવવાનું છે તે જીવવું" હાસ્તો જીવવું વળી. આ બધા છંદ શા ? મ્હને તો એમ થાય છે કે આ માણસજાતિ જ સરજી શું કામ ? એમ ન હોત તો વળી આ જન્મવું, જીવવું, ચાહવું, સહેવું, રડવું, મરવું એ બધું કાંઇ હોત ? આ ડાહ્યાંઓ પણ નથી કહેતાં કે અમ્હારે કરવું શું ? જીંદગી કેમ વિતાડવી એ ન સુજ્યું એટલે પુરુષોએ તો કમાવાનું શોધી કાઢ્યું, એ લોક એ જ લ્હાયમાં જીવી કાઢે છે પણ અમ્હે શું કરીએ. (જરા વિચાર કરી) હા, આ જગતકિશોર જો મ્હારો સ્પષ્ટ અસ્વીકાર કરેને તો હું જીંદગી હસી કાઢું; પણ ત્યાં સુધી તો નથી હસાતું, નથી રડાતું કે નથી જીવાતું.

(પડદો પડે છે)

પ્રવેશ. ૫

સ્થળ: જગતકિશોરનો ખંડ. **સમય**: ફુટતું પ્રભાત.

(જગત કોચપર સૂતો છે. વસુ બારીએ ઉભી છે.)

જ: વસુ? આ બધું અસહ્ય છે હું.

વ: (જગત પાસે જઇ) શું છે ભાઇ?

જ: વસુ, ત્હને નથી ખબર? એ બધું કહેતાં પણ મ્હને તો કમકમાં આવે છે.

વ: ભાઇ આપણા ઝૂંપડામાં ત્હમે કહ્યું હતું કે ત્હમે સંસાર વેઠશો. યાદ છે?

જ: હા, પણ તે આવો સંસાર?

વ: અનુકૂળ સંસાર તો સૌ વેઠે. એમાં જ્ઞાનનું.........

જ: વસુ, વસુ, મૃણાલને જોઇ ત્હને માલતિના પાપ નથી સાંભરતાં? તું બધું કેમ સહે છે?

વ: જગતભાઇ, પાપ ને પુણ્યના સૃજનાર તો આપણે જ ને? આને પાપ ને પેલાંને પુણ્ય કહેવાનો રૂઢી વિના આપણને બીજો શો અધિકાર?

જ: વસુ, માનવ સંસ્કૃતિ.........

વ: જગતભાઇ, મનુષ્યની નિર્બળતા સહી લેવામાં સંસ્કૃતિ નથી?

(જગત વિચારમાં પડે છે.)

જ: ત્યારે વસુ, શું હું મૃણાલનો પિતા?

વ: જગતભાઇ, પિતા શું ને પુત્રી શું! સમાજ ભલે ગમે તેમ માને.

જ: વસુ, મ્હારા જ્ઞાનના વ્યાખ્યાઓનો તું ઉપયોગ કરે છે ખરું?

વ: ઓ ભાઇ મ્હારા, હું જ્ઞાની નથી. પણ ત્હમે જીવન જીરવ-વામાં હઠી જાવ છો તેથી જ હું સામી થાઉં છું.

જ: વસુ, બેટા, આપણી જ જીંદગી આવી શા સારૂ હશે?

વ: ભાઇ મનુષ્યે રચી છે તેમ તો મનુષ્ય જીંદગી એટલે જ છે. કોઇના ખરાં ને ઘણાના કલ્પિત કે કૃત્રિમ.

જ: ખરું છે, વસુ, કૃત્રિમ, સ્વરચિત જાળમાં માનવ બાપડો ગુંથાયો છે, ને સૌને વસુ બ્હેનો પણ નથી હોતી!

વ: મ્હારા જગતભાઇ, સૌને જગતભાઇ પણ કયાં હોય છે?

(પડદો પડે છે)

પ્રવેશ. ૬

સ્થળ: દિવાનખાનું. **સમય: આથમતી સ્હવાર.**

(હેમન્ત, હર્ષદ, આનંદરાય, મૃણાલ, વાસંતી, ને વસુ બેઠાં હોય છે વૈદ્ય આવે છે.)

વસુ: આવો, અમે ભાઇની અને ત્હમારી જ રાહ જોઇયે છિયે.

વૈ: કેમ જગતભાઇ ક્યાં છે ?

વ: નદીએ સંધ્યા માટે ગયા છે. કહેતા હતા કે બધાં આવશે એટલામાં આવી પહોંચીશ.

(રખી આવે છે)

ર: વસુબા, ભાઇ આવ્યા છે.

વ: રખી, જા, ભાઇને અહિં મોકલ. ને તું પાછી આવ.

(વૈદ્ય બેસે છે)

વૈદ્ય: વસુ બ્હેન જૂના દિવસો અને જૂની વાતોના શમણાં જાગે છે ત્યારે શું ખરું અને શું ખોટું એવા વિચારો આવે છે.

વ: વૈદ્યરાજ, જીવવું એ ખરી વાત, બીજી બધી વાતો ખોટી.

વૈ: વસુબ્હેન, જેમ જીવાય તેમ જીવવું, એમ ?

વ: જુઓને વૈદ્યરાજ, આપણી જીંદગી એટલી ટૂંકી છે કે જીવવા માટે જ પૂરતો કાળ નથી તો પછી કેમ જીવવું એ ચર્ચા માટે ક્યાંથી વખત રહે ? ઘણું ખરું તો આપણા જીવન એવી ચર્ચામાં જ પૂરા થાય છે.

વૈ: એ માન્યતા જ મહા અનર્થકારી છે. આ યુગોના મનુ-

ઓને તો જીવવાનો અધિકાર જ નથી. અજન્મી ભાવિ પ્રજાઓ માટે સાચું જીવનસૂત્ર શોધવું એ આપણું પરમ કર્તવ્ય છે, લક્ષ્ય છે.

હુર્ષદ: વૈદ્યરાજ તે કેમ શોધશો ?

વૈ: જ્ઞાનના પ્રકાશથી અંધારનો પટ ચીરાશે ને કોઇક કાળે ધરતીના પટથી નીકળતા જળપ્રવાહ જેવા નિર્મળ વિચારો સૂઝશે. બાકી તો ઇશ્વર કરાવે તે ખરું.

હેમન્ત: કેવો ગંભિર ભ્રમ છે ! મનુષ્ય માટે ઉદયની આશા હોય જ કયાંથી ! ઉદય જ નિર્માયો હોત તો અંધારાં જન્મ્યાં જ કેમ ? જગત ઇશ્વરનું છે કે શયતાનનું એ કોણ કહી શકે ! મિથ્યા પ્રલપન છે.

હુર્ષદ: ભૂલે છે. અંધારાં જ નિરમ્યાં હોત તો પ્રકાશ જન્મ્યો જ કેમ ?

(દ્વાર ઉઘડે છે. જગત અતિથિઓ તરફ દૃષ્ટિ કરતો પ્રવેશ કરે છે. એક ખુણામાં મૃણાલ નીચું મ્હોં રાખી વિચારમાં બેઠી છે. જગતના પગરવથી તે જાગી ઉઠે છે. જગતની ત્હેના પર નજર પડે છે. ને અચાનક ત્હેની આંખોમાં જ્યોત પ્રકટે છે. ત્હેના મ્હોંપર કંઇક અકથ્ય ભાવો પ્રકટે છે. બધાં અવાક જોઇ રહે છે.)

જ: લોમહર્ષિણી......લોમ.........એક.........

(જગત મૃણાલ તરફ ધસે છે. ત્હેની આંખો ઉંડી જતી રહે છે. ત્હેની જીભ થરડાઇ જાય છે. અચિંતા તે જમીન પર ઢળી પડે છે. બધાં દોડી આવે છે.)

વ: ભાઇ, જગતભાઇ............

(જગતને જગાડવા વસુ ત્હેના કપાળે હાથ મૂકે છે. વૈદ્ય ત્હેની નાડી પરીક્ષા કરે છે. ઉઘાડા રહેલા બારમાંથી "જૂઠ્ઠું રે કહ્યું હો મેં તો જૂઠ્ઠું રે કહ્યું" ગાતી ગાતી રખી આવે છે. જગતને જોઇ તે ગાતી બંધ થાય છે ને ગાંડા જેવી તે મૃણાલને જોઇ રહે છે. ભયથી કાંપતી અને મુંઝાતી મૃણાલ લપ્પાઇ ઉભી રહે છે ગાંડી રખી જતી રહે છે.)

વૈદ્ય: વસુબ્હેન, આયુષ્યની દોરી તુટી ગઇ. હવે બધું મિથ્યા છે. હરિ ! હરિ ! !

વૈદ્ય: (સ્વગત) સૌન્દર્યનો ઉપાસક ઋષિકુમાર સૌન્દર્યોપભોગના આનંદની આશામાં, આનંદ વિના જ મૂઓ. હરિ હરિ !

(વસુ અને વાસંતિ રડતાં ઉભાં રહે છે. પડદો પડે છે.)

દામ્પત્ય

(એક–અંકી નાટક)

મહાત્મા મયૂરાનંદને:

પાત્રો :

ડૉ. જયદ્રથ — મુદ્રા

વિનાયક — બકુલ

ફોઝદાર

નોકર

પ્રવેશ. ૧

[ડા. જયદ્રથના ઘરની પરસાળ. મુદ્રા અને બકુલ બેઠાં હોય છે]

મુદ્રા: પણ તેં તરત જ દવા કેમ ન મંગાવી? એવી જુદાઈ રાખીયે?

બકુલ: ભાઇએ કહ્યું કે એવડી રાતે જયદ્રથભાઇને કયાં તસ્દી આપીયે એટલે માંડી વાળ્યું. ને ઘેર દવા હોય પણ શાની?

મુ: ના, કેમ, એમ તો જૂજજાજ દવાઓ તો ઘેર રાખવી જ પડે. મેં સ્હવારે વાત કરી ત્યારે એમણે અહિંથી જ દવા આપવાની કહી હતી. (મુદ્રા ઉભી થાય છે ને શિકા ઉપરથી શિશી લે છે) એમના કહ્યા મૂજબ મેં તૈયાર પણ કરી છે ને તું ન આવી હોત તો રામા જોડે મોકલવાની જ હતી. લે (શિશી આપે છે) પગે ચોળી શેક કરજે એટલે મટી જશે.

બ: ત્હમે કેટલી બધી તસ્દી લીધી.

મુ: (બકુલના ગાલ પર ચિમટી ભરી) ઓહો, કેવી વિવેકી છે; ચાલ ત્યારે એક બચ્ચી આપ જોઉં. બહૂ ડાહી છે.

બ: જાવ, જાવ, એમાં તે ત્હમને શો રસ પડે છે! તે જયદ્રથભાઇ.........

મુ: ના એમને તો એવું આવડતું જ નથી.

બ: વારુ હવે.

મુ: ખરી વાત છે. અમે એકમેકને ચ્હાતાં જ નથી એટલે પછી એવું કરે તોયે એમાં શો રસ પડે?

બઃ બળ્યું, મુદ્રાબ્હેન, ત્હમે આવું શા સારૂં બોલતા હશો? ને હા, હું કેટલા દિવસથી કહું કહું કરતી હતી તે......

મુઃ શું?

બઃ ત્હમે બધાંને આમ કહ્યાં કરો છો તે સારૂં નહિ. લોકો પાછળથી કેવી કેવી વાતો કરે છે.

મુઃ શી વાતો કરે છે?

બઃ લોકો તો ગમે તેવી વાતો કરે જ ને. એમને તો વધારીને વાતો કરવામાં મઝા પડે, એમનો તો એ ધંધો છે પણ આપણે બોલીયે જ શા સારૂ?

મુઃ (હસીને) હું કેવું બોલું છું?

બઃ કે ત્હમારી જીંદગીમાં કૈં રસ છે જ નહિ ને ત્હમે એક-મેકને ચ્હાતા નથી ને એવું એવું, વળી.

(મુદ્રા હસતી બકુલ સામું જોઇ રહે છે.)

મુઃ પણ એવું હોય તો પણ ન કહેવાય?

બઃ જાવ હવે, એવું હતું હશે. ને હોય તો પણ લોકને કહીને શું કામ? પરાયાંએ પોતીકાં દુઃખ ઓછાં કર્યાં જાણ્યાં છે?

મુઃ ત્યારે શું કરવું?

[બકુલના મ્હોં પર સહેજ કાળી છાયા પડે છે. તે અનુત્તર બેસી રહે છે.]

બકુ, મ્હારે શું ડોળ કરવો? મ્હને તો એવો ડોળ નથી આવડતો. ન ચ્હાતાં હોઇયે તો એમ કહી દેવું એમાં શું? લોકો ડોળ કરે છે તેથી જ દુઃખી થાય છે. દરેક જણ બીજાં

બધાંને છેતરે છે એટલું જ નહિ પણ પોતાની જાતને પણ છેતરે છે.

બ: તે કેમ ?

મુ: કેમ શું ? લોક કહે છે કે પતિપત્ની થયાં એટલે સ્નેહ હોય જ. તેથી દરેક જણ પરણીને એમ માને છે ને પછી ખરેખર તો પતિનો એવો સ્નેહ હોય નહિ એટલે દુઃખી થવું પડે પણ એવી ખોટી કલ્પનાઓ કરીએજ નહિ તો દુઃખી ન થવાય ને.........

બ: ને શું ?

મુ: ઘણી સ્ત્રીઓ વધારે દુઃખી કેમ થાય છે તે ખબર છે ?

બ: ના.

મુ: કારણ કે દરેક સ્ત્રી માની લે છે કે બીજી બધી સ્ત્રીઓ સુખી છે ને એ એકલી જ દુઃખી છે. બીજી બધીઓ પણ એના જેવી જ દુઃખી છે એમ એને જાણ હોય તો આટલી દુઃખી ન થાય.

બ: એ તો હશે પણ પતિના પ્રેમ વગર જીવાય કેમ ?

મુ: પ્રેમ કેવો હોય ?

બ: તે તો કોણ જાણે; પણ એના વગર તો બધું જ નકામું, નહિ ?

મુ: વાહરે ચતુરા, પણ તું જાણતી હશે કે આ નવી જ વાત તું લઇ આવી છે પણ દરેક છોકરી આમ જ ધારે છે, ને પછી દુઃખી થાય છે. એ ધારણા જ ખોટી છે.

બ: ત્યારે ?

મુ: પતિપત્ની એકમેક પાસે બહુ આશા ન રાખે ને દરેક એક

બીજાને જે આપે તેમાં સંતોષ માને તો જીંદગી ખૂબ સુખી થાય. બાકી મ્હોટી આશાઓ કરી પરણે એ બધાં જ દુ:ખી થાય છે.

બ: એનું શું કારણ? પુરુષો ખરાબ હોય છે?

મુ: ના, ના, પુરુષો ક્યાં દુ:ખી નથી થતા? એ આશા જ ખોટી. વધારે આશા ન રાખીયે તો દિલગીર થવું જ ન પડે.

બ: બધું, પણ મન કૈં ઝાલ્યું રહે. પરણ્યાં એટલે આમ આમ થાય એમ ઢીંગલીઓ જોડે રમતાં ત્યારથી શિખેલાં તે કાંઇ ભૂલાય?

મુ: એ જ ખોટું અને હું તો પરણવાની પણ ના પાડું.

બ: હાસ્તો, પોતે પરણીને બેઠાં એટલે ના જ કહોને.

[મુદ્રા બકુલ સામું જોઇ રહે છે.]

મુ: જો, એક વાત કહું? અમે તો પરણ્યાં જ નથી.

બ: જાવ, જાવ, હવે.

મુ: ખરી વાત છે.

બ: હોતું હશે. મ્હને બનાવો છો.

મુ: ના, મ્હારા સમ. ખરી વાત છે.

[બકુલ જાણે અભડાતી હોય તેમ શરીર સંકોચે છે.]

બ: સાચ્ચે?

મુ: હા. કારણ કે લગ્ન કરીયે તો લગ્નની સાથેના બધા વિચારો મગજમાં ઘૂસે. આ વર–માટે ત્હેણે આમ કરવું ને તેમ ન કરવું ને આ વહૂ–માટે ત્હેણે અમૂક કરવું. એ પીડા શા સારૂ

જોઇયે. પરણીયે તો એ બધાં બંધન ને ? તેથી જ અમે પરણી શકયાં હોત છતાં ન પરણ્યાં ?

બ: ત્યારે !

મુ: અમે તો એક સરત કરી છે. એમાંથી કોઇનું પણ દિલ ઉઠે એટલે છૂટા થવું.

બ: હશે હવે. એવી ગાંડી વાત ન કરો.

મુ: ગાંડી શાની ? ડાહ્યામાં ડાહી વાત છે.

બ: હં ને છૂટાં થઇને શું કરો ?

મુ: એ શું કરે તે તો કોણ જાણે પણ મેં તો નક્કી કરી રાખ્યું છે ?

બ: શું ?

મુ: તે કૈં કહેવાય ? બહૂ છૂપી વાત છે.

બ: મ્હને પણ નહિ કહો ?

[મુદ્રા જરાવાર બારી તરફ જોઇ રહે છે.]

મુ: બકુ, હું તો મરી જઇશ. મ્હારાથી તો નહિ જીવાય. આટલાં બધા સુખ પછી છૂટા થવું પડે તે તો ન જ ખમાય. પણ કદાચ અમે મરણ લગી છૂટાં થઇશું જ નહિ.

બ: પણ મુદ્રાબ્હેન આમ જરાયે બંધન વગર તો તર્ત જ છૂટાં થવાય. એમ તે કેટલો વખત ચાલે. રોજ સાથે રહેવું એટલે એવા પ્રસંગો તો હરઘડી આવે. માણસનો સ્વભાવ કૈં હરવખત એક સરખો જ હોય. ને આવી છૂટ હોય એટલે તો.........

મુ: (સહેજ હસીને) ના, કશું નહિ. આજે તેર વરસથી તો અમે સાથે રહીયે છિયે. પરણ્યાં હોત તો કોણુ જાણે કેટલુંયે લઢયાં હોત. આમ તો માત્ર એક બે વાર અમસ્તાં ચીઢાયાં હઇશું.

બ: એનું શું કારણુ?

મુ: કારણુ શું? બેઉ જાણેને કે ગમે તેમ વર્તીયે તો છૂટા થવું પડશે.

બ: પણુ એમ તો બ્હીકમાંને બ્હીકમાં જ રહેવું પડે. મ્હને તો એ જરા ન ગમે.

મુ: ના, એટલી અશ્રદ્ધા શા સારૂ રાખિયે. એકમેકમાં પૂરી શ્રદ્ધા હોય તો એને લીધે એટલું જ થાય કે આપણે અવિચારી ઓછાં થઇયે. લગ્ન થાય એટલે તો અત્રુટ સંબંધ થાય. એ સંબંધ કાયમનો રહેવાનો એમ બધાં જાણે એટલે એને ટકાવી રાખવાને કાઇ મહેનત જ ન કરે: પણુ અમારે તો અમારો સંબંધ ચાલુ રાખવા મહેનત કરવી પડે.

બ: બહૂ મઝા પડે, નહિ?

મુ: હાસ્તો. લગ્ન થયાં હોય તો માલેકી હોય એટલે એ તો કે જ એવી લાગણી થાય; એથી જ પરણેલા પતિપત્ની પરાયા જોડે પણુ વધારે સારી રીતે વર્તે છે ને ઘરમાં......

(બકુલનું મ્હોં પડી જાય છે. થોડા પ્રયત્ને પોતાના ભાવો તે છૂપાવે છે.)

બ: મુદ્રાબ્હેન, એ તો ખરું; પણુ એવા માટે હવે કૈં ઉપાય નહિ હોય?

(મુદ્રા બકુલનું મ્હોં જોઇ રહે છે)

મુઃ હોય જ વળી. એવાં લોકે સંતોષ માનવો જોઇએ.

બઃ પણ સંતોષ લેવાય એવું હોય જ નહિ તો?

મુઃ એમ કેં હોય? દરેક માણસની જીંદગીમાં જેમ કેંનું કેં દુઃખ હોય છે તેમ કેંનું કેં સુખ પણ હોય છે જ. કોઇને પતિનું સુખ ન હોય તો ઘરબારનું હોય.

બઃ બીજાં સુખને શું કરે?

મુઃ બહુ, પ્હેલાં પ્હેલાં મન પર થોડો સંયમ રાખવો પડે. પછીથી......

બઃ એમાં ત્હમે નવું શું કહ્યું? એ તો બધાં જ કહે છે. પણ જેમ ત્હમે પરણવાથી જીંદગી દુઃખી થાય છે માની વગર પરણ્યે રહેવાનો ઇલાજ શોધી કાઢ્યો તેવું એ માટે કેં નહિ હોય?

મુઃ બ્હેન, એમાં બીજું શું થાય? દર્દીના પ્રાણ ઉડી ગયા પછી ડાકટર–વૈદ્ય શું કરે? ઇશ્વરની ઇચ્છાને આધીન થવું પડે, બીજું શું?

બઃ એ તો જૂના શાસ્ત્રીઓ પણ જાણે છે. પણ એથી સંતોષ ન થાય તો? ત્હમારા નવા શાસ્ત્રમાં કેં નવું નથી?

મુઃ એમ નવું શું હોય? એ તો દરેક માણસે શોધી કાઢવું જોઇએ.

બઃ મેં શોધી કાઢ્યું છે.

મુઃ શું?

બઃ માણસ ભૂલે ત્યાંથી ફરી ન ગણે?

મુઃ હું સમજી નહિ.

બઃ તે દહાડે ત્હમે કહેતાં હતાં ને કે આ ભવમાં કૈં ન મળે તો હારી ન જવું; આપણે તો અનેક ભવ જોવા છે.

મુઃ ત્હેનું શું ?

બઃ ત્યારે આ ભવમાં ન જ મળવાનું હોય તો પછી છૂટકારો શોધવો શો ખોટો ?

(બકુલની આંખોમાં ઝળઝળીયાં આવે છે.)

મુઃ બકુ, તું તો ગાંડી છે.

(બકુલ રોઇ પડે છે. મુદ્રા ત્હેની આંખો પર હાથ ફેરવે છે.)

ચાલ, બ્હેન ડાહી થા તો. જો આમ કરાય ? એમ ધીરજ હારી ન જઇયે. હશે, ત્હેનોયે ઉપાય થશે.

(બકુલ સ્વસ્થ થાય છે.)

બઃ બીજો શો ઉપાય થવાનો છે ! આ ભવમાં કૈં......

મુઃ એ તેં કેમ જાણ્યું ! ઇશ્વરે શું ધાર્યું હશે ત્હેની.........

બઃ મુઓ એ ઇશ્વર. ઇશ્વરને જે ધારવું હોય તે ધાર્યા કરે. એ બધી ઉડાઉ વાતો છે. ન હોય પછી ખોટી આશા શા માટે રાખવી ? ઇશ્વરનું પણ એમાં કૈં નહિ વળે. ત્યારે હું શું કરૂં ?

(વિનાયક પ્રવેશ કરે છે.)

વિનાયકઃ (કડક અવાજે) પાછી તું એની એ વાત કરતી ફરે છે ! ચાલ ઘેર જા.

(બકુલ ઉતાવળે સ્વસ્થ થાય છે.)

મુઃ આવો, વિનાયકભાઇ. એ બિચારીને એમ ન કરશો. એને

ત્હમારા વગર બીજું કોઈ નથી; ને ત્હમે ભાઇ થઇ આમ કરો એ સારૂં નહિ.

(બકુલને) ચાલ જોઉં, મ્હોં ધોઇ નાંખતો.

બ: ના, હું તો ઘેર જઇશ. કાલે આવીશ.

(બકુલ ઉભી થાય છે. ને જવા માંડે છે.)

મુ: અરે, પેલી દવા તો ભૂલી ગઈ.

(બકુલ પાછી ફરે છે. મુદ્રા શિશી આપે છે.)

પણ જો જે હં, ઝેરી છે.

બ: વારુ. હું જાઉં છું.

મુ: આવજે.

(બકુલ જાય છે.)

વિ: મુદ્રા, ત્હમે પણ જબરાં છો, હં.

મુ: કેમ વારુ?

વિ: ભલભલા વકિલ–બેરિસ્ટરોને તાજૂબ કરો એવી દલીલો કરો છો.

મુ: (સાશ્ચર્ય) દલીલો? શાની દલીલો?

વિ: હવે ડોળ ન કરશો. મેં બધું સાંભળ્યું છે.

મુ: (જરા ગભરાઇ) શું સાંભળ્યું?

વિ: કે ત્હમે વગર પરણ્યે પરણ્યાં જેવાં ફરો છો.

(વિનાયક મુદ્રાનું શરીર નીરખે છે. મુદ્રા તે જુએ છે ને ઉઘાડી પાની સંભાળથી ઢાંકે છે.)

મુ: અમારી સ્ત્રીઓની વાતનું ત્હમારે શું કામ?

(વિનાયક હસી પડે છે.)

વિ: અરે વાહરે; તે પુરુષોને સ્ત્રીઓનું કામ ન હોત તો સ્ત્રીઓ એકલી શું કરત! પુરુષોને લીધે તો સ્ત્રીની સુન્દરતાની કિમ્મત છે. સૃષ્ટાએ સુન્દરી સર્જી ને પુરુષ ન સરજ્યો હોત તો?

(મુદ્રા ઉભી થાય છે.)

મુ: ત્હમે બેસો. હું ચ્હા કરી લાવું. હમણાં એ પણ આવી પહોંચશે.

વિ: ના, ના, ચ્હાની કૈં જ જરુર નથી. ત્હમે બેસો મ્હારે કૈં કામ છે.

મુ: કોનું!

વિ: ત્હમારૂં.

મુ: મ્હારૂં? મ્હારૂં શું કામ છે.

વિ: ત્હમારૂં નહિ તો મ્હારે બીજા કોનું કામ હોય!

(વિનાયક જરા હસે છે. એની આંખો ઘેરાયેલી છે.)

મુ: શું કામ છે! (એક સ્ટૂલ પર બેસે છે.)

વિ: (થોડીવાર પછી) મુદ્રા.........

મુ: (થોડીવાર પછી) કેમ?

વિઃ મુદ્રા, ત્હમને ખબર નહિ હોય પણ આજે મ્હને અતિ આનંદ થાય છે.

મુઃ સારી વાત છે.

વિઃ ને ત્હેનાં કારણ ત્હમે છો.

મુઃ મ્હારૂં સદ્‌ભાગ્ય કે મ્હારા ભાઇને હું આનંદ આપી શકું છું.

(વિનાયક જરા ચીઢાય છે.)

વિઃ હું એમ કહેતો હતો...........

(મુદ્રા ચૂપ બેસે છે. એના હાથ સ્ટૂલની કિનાર પર જોરથી દબાયા હોય છે.)

મુદ્રા, ત્હમને ખબર છે હું ત્હમને ચાહું છું......

મુઃ એ તો અમને ખબર છે.

વિઃ ના, એમ નહિ,

મુઃ અને હું તો કોઇને નથી ચ્હાતી.

વિઃ ત્હેનું કૈં નહિ; તેથી કૈં સામાનો પ્રેમ ઓછો ન થાય. પ્રેમ એવો હોય તો તે પ્રેમ જ નહિ.

મુઃ વિનાયકભાઇ, મ્હારે આવી વાત નથી સાંભળવી. ત્હમારૂં મન આજે સ્વસ્થ નથી. કાલે આવજો.

(મુદ્રા ઉભી થાય છે.)

વિઃ મુદ્રા, મુદ્રા, ત્હમને મ્હારા પ્રેમની ખબર નથી.

મુઃ પારકી સ્ત્રી વિષે પ્રેમ રાખવો એ પાપ છે, સમજ્યા? ફરી.

વાર આવું બોલશો તો...........

વિ: મુદ્રા, ત્હમે જો પરણ્યાં હોત તો એ પાપ ગણાત. એથી તો આજ લગી હું એકલો જ બળ્યા કરતો હતો.

મુ: ત્હમે ખાખ થઇ નથી ગયા.

વિ: ત્હમારી ઇચ્છા હોય તો હજી તેમ થઇ શકું છું. મ્હારો પ્રેમ એટલો પ્રદીપ્ત છે.

મુ: તો ત્હમારૂં કલ્યાણ થશે; બાકી બીજી વાત નિરર્થક છે ને મ્હારે એ સાંભળવી પણ નથી.

વિ: પણ મુદ્રા, જયદ્રથ જોડે ત્હમે આટલાં વર્ષોથી વ્યભિ......

મુ: ચૂપ. ખબરદાર કૈં આમ તેમ બોલ્યા છો તો.

વિ: એમાં શું ખોટું છે ? પરણ્યા વિનાના સંબંધને બીજું કયું નામ અપાય ?

મુ: પરણ્યા ન પરણ્યાને એ જોડે કૈં સંબંધ નથી. ઘણાય પરણેલાઓના સંબંધને એ નામ અપાય એમ છે.

વિ: તે હશે; પણ એથી ત્હમારા સંબંધને કૈં લગ્નનો સંબંધ તો નજ કહેવાય. જુઓ મુદ્રા, હું જયદ્રથથી કોઇ રીતે ઉતરતો નથી. એ ત્હમને જે સુખ આપે છે તે કરતાં કોઇ રીતે......

મુ: મેં ત્હમને ન કહ્યું કે મ્હારે એ નથી સાંભળવું ?

(વિનાયક ઉભો થઇ મુદ્રાની પાસે જાય છે.)

ત્યાં જ ઉભા રહો, નહિ તો આ સ્ટૂલ છૂટું ફેંકીશ.

વિ: અરે, અરે, પણ ત્હમે આટલાં બ્હીઓછો કેમ ? હું ?

એવો દુષ્ટ માણસ છું? મુદ્રા, ત્હમે મ્હને પારખ્યો જ નથી.

મુ: ત્હમને પારખવાની મ્હારે જરુર નથી. અહિંથી જતા રહો.

વિ: પણ............

મુ: પણ કૈં નહિ. હું ત્હમારૂં મ્હોયે જોવા નથી માંગતી.

વિ: મુદ્રા, ત્હમે ઘણાં ઘાતકી છો.

મુ: હઇશ.

વિ: અરે પણ ત્હમને મ્હારી દયા પણ નથી આવતી. હું ત્હમારા વગર એક દિવસ પણ જીવી નહિ શકું.

મુ: તેથી જ કહું છું કે જતા રહો. મ્હારી સાથે તો ત્હમે એક ક્ષણ પણ જીવી નહિ શકો, સમજ્યા?

વિ: (ગુસ્સાથી) એમ? જોજો, મુદ્રા. આ અપમાનનું ફળ સારૂં નહિ ચાખો. કાલ સ્હવાર પ્હેલાં ત્હમારા વિશે આખા ગામમાં વાતો થશે ને...........

મુ: વારુ. આવજો.

(મુદ્રા અંદર જતી રહે છે. વિનાયક ધુંધવાતો બ્હાર જાય છે.)

(પડદો પડે છે)

પ્રવેશ. ૨.

[ડૉ. જયદ્રથના દિવાનખાનામાં મુદ્રા કેચેર પર પડી છે. હેનું મ્હોં જરાક ફીકકું પડયું છે. હેના વાળ વિખરાયલા છે; ને હેની આંખો રાતી છે. દાદર પર કોઇનો પગરવ સંભળાય છે. એટલે તે સ્વસ્થ થાય છે. જયદ્રથ પ્રવેશ કરે છે. મુદ્રા ઉભી થાય છે. જયદ્રથ હેને જોઇ રહે છે.]

જયદ્રથ: કેમ આજે આમ!

મુદ્રા: (સ્હેજ સ્મિત ફરકાવી) આમ એટલે?

જય: આ સ્વરૂપે?

મુદ્રા: હું ન ગમી?

જય: તું તો ઘેલી છે. દરરોજ તું સુન્દર કપડાં પહેરે છે ને આજે આમ શા માટે?

મુદ્રા: સુન્દર કપડાંની જ જરુર છે!

(જયદ્રથ મુદ્રા સામું જોઇ રહે છે.)

જય: તું જ રોજ કહેતી હતી કે બીજી સ્ત્રીઓ મ્હાર જાય છે ત્યારે પરાયાના આનંદ માટે સુન્દર બને છે ને સ્વજનની આગળ ગમે તેવા વેષે ફરે છે પણ તું............

મુદ્રા: ને હું ત્હારે ખાતર સુન્દર થતી હતી. જય, તું ચીઢાઇશ નહિ. એ ખરું છે ને તું બિચારો તો રોજ કહેતો કે પ્રેમનું સૌન્દર્ય હોય તો શરીરના સૌન્દર્યનું શું કામ ને હું જ એ બેઉ ત્હારે ખાતર કરતી પણ હવે—(અટકે છે.)

જય: (સચિન્ત) હવે શું, મુદ્રા?

મુદ્રાઃ જય, ઓ જય, મ્હને લાગે છે કે હવે એવાં આકર્ષણોથી ત્હને હું બાંધી રાખી નહિ શકું.

જયઃ મુદ્રા, મુદ્રા, ત્હને શું થયું છે. આ તું શું બોલે છે?

મુદ્રાઃ જય, કોણ જાણે કેમ, મ્હારૂં મન ઢીલું પડતું જાય છે ને મ્હને કૈં કૈં વિચારો આવે છે.

જયઃ મુદ્રા, તું અમસ્તી ચિંતા કરે છે. આપણા જીવનમાં એવું કૈંજ નહિ થાય.

મુદ્રાઃ કોણ જાણે કેમ મ્હને કેટલા દિવસોથી એમ થયાં જ કરે છે કે આપણે છૂટા થવાનો વખત હવે આવી પહોંચ્યો છે. તું જાણે છે કે ખાલી કલ્પનાઓની મ્હને ટેવ નથી.

જયઃ ત્યારે આ શું? **अतिस्नेहोपापशंकी** જેવી ભ્રમણા કે કલ્પના નહિ તો બીજું શું?

મુદ્રાઃ જય, આજ લગી મ્હને એમ થતું ત્યારે હું પણ એમ જ માનતી પણ આજે............

જયઃ આજે શું? આજે કૈં આકાશવાણી થઇ છે કે કોઈ હાથ જોનાર આવ્યો હતો.

મુદ્રાઃ જય, આજે જે બન્યું છે ત્યારથી મ્હને ચોક્કસ લાગે છે કે આ ભ્રમણા ન્હોતી ને મ્હારૂં કમભાગ્ય હવે શરુ થઇ ચૂક્યું છે.

જયઃ પણ આજે એવું શું બન્યું?

મુદ્રાઃ જય, હું કહું છું; પણ તે પ્હેલાં એક છેલ્લી વાર મ્હને મ્હારા જયને નીરખી લેવા દે.

(મુદ્રા પાસે જાય છે ને ત્હેના ખભાં પકડી, ત્હેને જુએ છે. જયદ્રથ કોઇ હિપ્નોટિસ્ટ પાસે ઉભો રહી ત્હેને વશ થતો હોય તેમ ઉભો રહે છે, મુદ્રા ધીરેથી ત્હેને એક ચૂમી લે છે, જયદ્રથ મુદ્રાના હાથ પકડી લે છે.)

જયઃ લુચ્ચી, ત્યારે આટલા માટે જ આ બધો નાટક કરતી હતી કેમ ?

(મુદ્રા મૂંગી ઉભી રહે છે, ત્હેની આંખો ભીની થયલી હોય છે. જયદ્રથ તે જુએ છે.)

— મુદ્રા, મુદ્રા, શું છે.

મુદ્રાઃ બેસ. જો હું ત્હને સતાવીશ નહિ. છૂટા પડતી વખતે પણ પ્રારસ નહિ કરવો એ આપણી સરત મ્હને યાદ છે. એમ થયું કે મેં એક ભુલ કરી છે. (બેઉ બેસે છે.)

જયઃ પણ એ ભૂલ શી છે ? હું કાંઇ ઇશ્વર નથી કે સ્ત્રીઓના મન બુદ્ધિ કે હ્રદયનો ખાસ ડાકટર પણ નથી કે વગર કહ્યે બધું હું સમજી જાઉં.

મુદ્રાઃ જય, ત્હને મશ્કરી સૂઝે છે પણ તું જાણુશે ત્યારે ત્હને પણ ગુસ્સો ચઢશે.

જયઃ ત્યારે તો તું એ કહેતી જ નહિ. અર્ધા કલાક જેવડી માણસની જીંદગીમાં વગર કારણે ગુસ્સે થવાની ફુરસદ છે જ નહિ. આપણે ઘણાં કામ છે. ચાલ, તું સિતાર વગાડ.

મુદ્રાઃ પણ આ તો સકારણ છે. એમ થયું. આજે સાંજે બકુલ આવી હતી. એને મ્હારાથી કહેવાઇ ગયું કે આપણે પરણ્યાં નથી. અમે એ વાત કરતાં હતાં ત્યારે વિનાયક સાંભળી ગયો.

જયઃ તે?

મુદ્રાઃ પછી એ ગમે તેમ બોલી ગયો.

જયઃ ગમે તેમ એટલે?

મુદ્રાઃ એટલે શું! જય, તું ન સમજ્યો? નીચ માણસ આવી ાત જાણે ત્યારે શી માંગણી કરે? એ ધારતો હતો કે હું તો હારી……

જયઃ સમજ્યો. તેથી તું રૂએ છે!

મુદ્રાઃ અરે નારે. એને તો મેં તતડાવી કાઢી મૂક્યો. ફરી અહિં આવવાની હિમ્મત નહિ કરે. પણ હવે એ આખા ગામમાં ામે તેમ વાતો કરશે ને ત્હારૂં નામ હલકું પાડશે.

જયઃ આ ભૂલ–કે જેને લીધે આપણે છૂટાં થવું પડશે?

મુદ્રાઃ ના, એમ નહિ પણ કેટલા દિવસથી મ્હને શંકા થયા ારે છે તે આ ભૂલ ખરી પાડે છે. અને જય, એમ પણ ખરું ને કે આને લીધે ત્હારો ધંધો પણ ઘટશે. તેં કેટલી મહેનતે પ્રેક્ટિસ જમાવી હતી.

જયઃ પણ એમાં એવડું મોટું શું છે! એટલા ખાતર આવી ડતી વાતો કરે છે?

મુદ્રાઃ જય, એમ બાળક ન થા. એનો પણ વિચાર તો કરવો જ જોઇએ. એમ હસી ના કાઢ. તું એટલો લાગણીવશ થાય એ જરા ણ યોગ્ય નથી. ત્હારે વ્યહવારૂ થવું પડશે. આપણે કંઈ નવલકથાના

માત્રા નથી કે બીજી કોઇ ચિન્તા વગર પ્રેમ કર્યાં કરીયે. આનું શું પરિણામ આવશે એની ત્હને કયાં ખબર નથી ?

(જરાવાર બેઉ ચુપ બેસે છે.)

જય: ખરી વાત છે મુદ્રા, પણ એની આમ ચિન્તા કર્યે કૈં વળવાનું છે ? જોઇશું, વિચાર કરીશું.

મુદ્રા: જય, અત્યારે જ વિચાર કરીએ. હું ત્હને એમ પૂછું છું કે ધાર કે આપણે છૂટાં પડીએ તો ફરી વાર......

જ: આ વ્યહવારૂ વાત કરતી હશે ? પણ......

(નોકર ઉતાવળે આવે છે.)

કેમ અલ્યા ?

નોકર: સાહેબ, સાહેબ, પોલીસ......

જ: પોલીસ ! શું છે ! બોલ.

નોકર: સાહેબ પોલીસ આવ્યા છે ને વિનાયકભાઇ સાથે છે.

(મુદ્રા અને જયદ્રથ એક મેક સામું જુએ છે.)

જ: એમને અહિં મોકલ.

(નોકર જાય છે.)

મુદ્રા: જય, એમાં ગભરાવાનું શું છે; પણ મ્હને શુભ થતું નથી લાગતું.

(વિનાયક દાખલ થાય છે.)

જ: (કડક અવાજે) કેમ ?

વિઃ (સ્વગત) શો રૂઆબ છે !

(પ્રકટ) જયદ્રથ, હું બહુ દિલગીર છું પણ ત્હમને બેઉને પોલીસને સ્વાધીન કરવાની મ્હને ફરજ પડે છે.

જઃ કેમ એટલી તકલીફ લેવાનું કાંઇ કારણ ? અમે અમારી સંભાળ લઇ શકીએ એમ છિયે.

વિઃ (હસીને) એ બધું ઠીક છે, જયદ્રથ. આ કાંઇ હસવાની વાત નથી. તું મ્હારો મિત્ર છે તેથી જ કેટલી મહેનતે ફોઝદાર સાહેબની રજા મેળવી ત્હારી સાથે વાત કરવા આવ્યો છું. ત્હમારા બેઉ પર ખૂનનો આરોપ છે.

જઃ ખૂનનો ? કોના ખૂનનો ?

વિઃ સાંભળ. એ કંઈ અગત્યની વાત નથી. એના પૂરાવાતો ચોક્કસ છે. હું મિત્ર તરીકે એટલું જ કહું છું કે જો ત્હમારે બેઉને છૂટવું હોય તો મુદ્રાને મ્હારે સ્વાધીન કર.

(મુદ્રા આગળ આવે છે.)

મુઃ હેવાન, નીચ. આટલા માટે મ્હારા ઘરમાં આવ્યો છે ? નીકળ અહિંથી.

જઃ મુદ્રા, તું ન બોલીશ. એને શું કહેવાનું છે તે તો સાંભળ.

વિઃ કંઈ નહિ. મ્હારે કંઈ કહેવું નથી. (સીસોટી વગાડે છે ફોઝદાર દાખલ થાય છે.)

ફોઝદાર સાહેબ, મ્હારા મિત્રને ખાતર ત્હમને નાહક ખોટી કર્યા

પણ એને સાન નથી. ત્હમે ત્હમારૂં કામ કરો.

ફોઝદારઃ ડાક્ટર સાહેબ, સરકારી અમલદાર તરીકે નહિ પણ વિનાયકરાવના ઓળખીતા તરીકે હું સલાહ આપું છું કે આમાં માંડવાળ કરો. હજી પણ વખત છે.

જ: ફોઝદાર સાહેબ, ત્હમારો ઉપકાર થયો; પણ અમે શો ગુન્હો કર્યો છે તે કહેશો?

ફો: કેમ, કાંતો ત્હમારા ઉપર ખૂનનો આરોપ આવે અથવા તો આપઘાતમાં મદદ કરવાનો.

જ: ખૂન ને આપઘાત? કોના?

મુ: જય, આ શું છે?

ફો: અલબત્ત, ખૂન કે આપઘાત. એતો કોરટ કયો અભિપ્રાય જણાવે છે તે જોવાનું છે પણ હમણાં તો એ બેઉ. મ્હારા સાહેબ, દેશપાર જવા કરતાં મહીંઓમહીં સમજી લો.

જ: અરે પણ મેં કોનું ખૂન કર્યું છે!

ફો: ત્હમે બેઉ ગુન્હેગાર છો, એકલા નહિ.

જ: હા, પણ ખૂન કોનું થયું?

ફો: જુઓ ડાક્ટર, એમ અજાણ્યા થશો એ નહિ ચાલે. ત્હમે આ વિનાયકરાવનાં બ્હેન બકુલબ્હેન......

મુ: બકુલ? ઓ, બકુલને શું થયું?

ફો: ધીરા પડો. ત્હમે ડાકટર એ બકુલબ્હેનને ઝેર આપ્યું છે. એનો પૂરાવો સાબીત છે.

જ: મેં ઝેર આપ્યું? ત્હમે ગાંડા......

મુ: જય, એણે પેલી દવા પીધી હશે?

ફો: બસ, ત્હમારા મ્હોંએ જ એની પુરવાર થાય છે.

જ: પણ ફોઝદાર સાહેબ, ચોળવાની ઝેરી દવા આપવી એ ગુન્હો છે એમ કોણે કહ્યું?

ફો: ત્હમે લેબલ ચોઢ્યું હતું?

(ફોઝદાર મુદ્રા સામું જુએ છે.)

જ: પણ લેબલ ઉતાવળમાં રહી ગયું હોય તેથી......

ફો: વાહ, વાહ, બધું આગળથી ઘડીજ રાખ્યું છે ને શું? હું અને ત્હમારા પત્નીએ એને કહ્યું હતું કે એના સાંસારિક દુઃખનો અંત આણવાની એ સલાહ આપશે ત્હેનું શું! ત્હેનો કૈં રદીયો નથી?

વિ: થયું, ફોઝદાર સાહેબ, એ રકઝક શા કામની? ત્હમે એમને પરહેજ કરો.

(ફોઝદાર આગળ વધે છે.)

ફો: ડાકટર, ત્હમારા બેઉ સામે એ છોકરીના અને ત્હમારી પત્નીના હાથના લખેલા કાગળો મળી આવ્યા છે. પૂરાવા મજબુત છે. માટે હું કહું છું કે ત્હમે વિનાયકરાવ જોડે પતાવટ કરો. એ ઉદારજીવના માણસ છે. જોઇયે તો વિચાર કરો. અમે

કાલ સ્હવારે આવીશું. એક ગૃહસ્થના કુટુંબની આબરૂ ખાતર હું મ્હારી ફરજ પણ ચૂકીશ. સાહેબ, હું પણ હિન્દુ છું. કોઇ બીજો હોય તો અબઘડી ત્હમને કેદમાં પૂરી દેત. બોલો, શું કહો છો ?

જ: એમાં વિચાર કરવાનો છે જ નહિ.

મુ:—જય, સ્હવાર સુધી વિચાર તો કરીયે.

ફો: અલબત્ત, ઠીક ત્યારે. અમે બરાબર સ્હવારના સાતે આવીશું. ચાલો મિ. વિનાયકરાવ, ત્હમે બધી વાત તો કહી છે ને ?

(વિનાયક અને ફોઝદાર જાય છે. પડદો પડે છે.)

પ્રવેશ. ૩.

(જયદ્રથના દિવાનખાનામાં જયદ્રથ અને મુદ્રા બેઠાં હોય છે. બેઉના મ્હોંપર ચિન્તાની છાયા જણાય છે. ટેબલપર એક ઝાંખો દીવો બળે છે.)

મુદ્રાઃ પણ જય, એ બધા પૂરાવા ખોટા છે. બકુલ કદી પણ એવું લખે જ નહિ.

જયઃ તે હશે પણ એની સાબીતી શી? મેં રમેશને મોકલ્યો હતો. એ તો બકુલના હસ્તાક્ષર જાણેજને.

મુદ્રાઃ પછી?

જયઃ એ કહે છે કે એ કાગળ બકુલનો જ છે.

(બેઉ જરાવાર ચૂપ બેસે છે.)

મુદ્રાઃ જય, ધાર કે આપણે ગુન્હેગાર ઠરીયે તો શી સજા થશે?

(જયદ્રથ મુદ્રા સામું જોઇ રહે છે.)

જયઃ કોણ જાણે. કાગળની વાત કોરટ સાચી માને તો ખૂનનો આરોપ પણ આવે. ને તો ફાંસી જ.

મુદ્રાઃ ઓ, જય......તું એમ ન બોલીશ. આપણને......

જયઃ મુદ્રા, આપણે કાંઇ દેવ છિયે? નીચ લોકોના પ્રપંચના ભોગ થઇયે તો ફાંસી પણ ખમવી પડે. શું કરીયે?

મુદ્રાઃ પણ ન્યાયાધિશ ન્યાય નહિ આપે!

જયઃ ન્યાય? ન્યાય તો પૂરાવા પર આધાર રાખે છે. બીન-

ગુન્હેગાર સામે પણ સબળ પૂરાવા હોય ને ન્યાયાધિશને તે ખબર હોય છતાં ત્હેને સજા કરવી પડે.

મુદ્રા: ત્યારે એ ન્યાય શાનો? જય, ત્યારે આપણે શું કરીયે! હું કેવી મુરખ. બકુલને મેં કાગળ લખ્યો ત્યારે મ્હને જરા ખબર ન્હોતી. હવે મ્હારે લીધે...........

જય: હવે એવી વાતથી શો ફાયદો, મુદ્રા. એથી કેં આપણે છૂટી શકીએ છિયે?

(મુદ્રા જયદ્રથ સામું જોઇ રહે છે. જયદ્રથનું મ્હોં તદ્દન પડી ગયેલું લાગે છે. ત્હેની આંખ ઉંડી જતી રહી છે.)

મુદ્રા: જય, તું આવો કેમ થઇ ગયો છે. ત્હને દિલગીરી થાય છે? હા, હા, તેં કયાં મ્હારી સાથે સંબંધ જોડયો એમ થાય છે, ખરું?

જય: મુદ્રા, તું નાહક ટાણાં મારે છે. ત્હમને સ્ત્રીઓને અત્યારે પણ મ્હારે લીધે ને ત્હમારે લીધે, સાંભરે છે. મુદ્રા, મુદ્રા, ત્હને ખબર છે કે આપણે થોડા જ દહાડામાં મરી જશું. ને તે પણ કમોતે.

(જયદ્રથના શબ્દો એક પછી એક ઉંડાણમાંથી સંભળાતા હોય ને ત્હેનો અર્થ સમજાતો ન હોય તેમ મુદ્રા જોઇ રહે છે.)

મુદ્રા: કમોતે મરી જશું? જય, તું શું કહે છે?

જય: ખરી વાત છે મુદ્રા, આપણી જીંદગી પૂરી થવાની.

(બેઉ ચૂપ બેસે છે. થોડીવારે મુદ્રા ઉભી થાય છે ને જયદ્રથની પાસે જાય છે.)

મુદ્રા: મ્હારા જયને મરવું નથી ગમતું, ખરું?

જય: મુદ્રા, તું સાવ ભોળી છે. મોત એટલે શું ત્હેની ત્હને ખબર નથી. ભલભલા લૂટારાઓ ને ખૂનીઓ પણ ફાંસીના લાકડે ચઢતાં કંપે છે. મુદ્રા, આપણાં ધડ છૂટાં થશે ને આપણને ગુંગળાવીને મારી નાંખશે. ત્હેનો ત્હને વિચાર નથી એટલે જ આમ બોલે છે.

મુદ્રા: જય, મ્હને તું બ્હીનાવ નહિ. તું આમ બોલીશ તો હું સુખેથી મરી નહિ શકું. હું જાણું છું કે ત્હને જીંદગી વ્હાલી છે; જીંદગીનો ત્હને શોખ ન હોત તો તું મ્હને આટલો વ્હાલો જ ન હોત પણ...........

જય: શું પણ...........

મુદ્રા: પણ આપણે કૈં ઉપાય શોધી કાઢશું.

જય: ત્હને હજુ જીંદગીનાં સ્વપ્નાં આવે છે, મુદ્રા. મેં વિનાયકને સમજાવવા બહુ મહેનત કરી જોઇ; હવે તો એકે ઉપાય નથી રહ્યો; ને રહ્યો છે તે બહુ ભયંકર છે.

મુદ્રા: તે શો?

જય: તે તો એના મ્હોંએ જ એણે કહ્યો હતો.

(ઘડિયાળમાં ટકોરા થાય છે. જયદ્રથ ઘડિયાળ સામું, ફાટે ડોળે જોઇ રહે છે.)

વખત તો વાતમાં જ ભરાઇ ગયો. પેલા ચંડાળો હમણાં આવી પહોંચશે. મુદ્રા, તું પાસે આવ. તું આમ કેમ બેસી રહી છે? જો, જો, જીંદગી તો ખલાસ થતી જાય છે. જરી તરી રહેલી જીંદગી તો જીવી લે. જીંદગી કેટલી સુન્દર છે.

મુદ્રા: જય, તું જીંદગીને એટલા પ્યારથી ચાહે છે કે મ્હને પણ જીવવાનું મન થવા માંડે છે.

(મુદ્રા જયદ્રથની પાસે જાય છે.)

ઓ જય, ખરે જ મોત ભયંકર છે. આવડી લાંબી જીંદગી હતી ત્યારે આવી ખબર હોત તો આપણે ખૂબ જીવી લેત. પણ હવે તો.........

જય: મુદ્રા, આપણે કાંઇ જીંદગી સાવ નથી જીવ્યાં એમ તો નથી જ ને?

મુદ્રા: હા, પણ હજી જીવવાનું હોય તો કેવી મઝા પડે. જય, જય, તું મ્હને ગમે તેમ કરી જીવાડ. મ્હારાથી નહિ મરાય.

(જયદ્રથ મુદ્રાને છાતીએ ચાંપે છે.)

જય: મુદ્રા, હું ઇચ્છુ છું કે હું ત્હને તો જીવાડી શકું પણ હું શું કરું? મ્હારૂં કૈં ચાલે એમ નથી. ભયંકર મોતના ડોળા ફરક્યા છે તે હું શું કરૂં, મુદ્રા?

(બહાર કોઇના પગલાંનો અવાજ થાય છે.)

મુદ્રા: ઓ, જીંદગી, જય, મ્હારે નથી મરવું.

જય: મુદ્રા, એમ ન કર. જો પેલા લોક આવતા લાગે છે. એમને હસવાનું શા માટે કરે છે?

મુદ્રા: ઓ જય, તું દૂર ન થા. હું ત્હારી છું હં. તું પાસે આવ; મ્હને બ્હીક લાગે છે.

(બારણું ઠોકાય છે જયદ્રથ તે ઉઘાડે છે. વિનાયક દાખલ થાય ; વિનાયક બેઉને જોઇ રહે છે.)

વિનાયકઃ કેમ જયદ્રથ, શો વિચાર કર્યો. બોલો, ઝટ કરો.

જયઃ ચંડાળ, ત્હારાથી થાય તે કરી લે. જા, નીકળ.

મુદ્રાઃ જય, ઓ, જય, મ્હારે જીવવું છે. (વિનાયકને) ત્હમા શું જોઇયે છે ?

જયઃ મુદ્રા, મુદ્રા, તું આ શું કરે છે ?

મુદ્રાઃ ઓ જય, મ્હારે મરવું નથી. હું-હું જીવવા માગું છુ જય, તું જ કહેતો હતો ને કે જીંદગી કેટલી સુન્દર છે ને મો ભયંકર છે. ઓ......મ્હારે ફાંસીએ નથી ચઢવું.

વિનાયકઃ મુદ્રા, આ નાટક જોવા હું અહિં ન આવ્યો, સમજ્યાં.

(મુદ્રા ક્રૂરક્તા ડોળે વિનાયકને જોઇ રહે છે.)

મુદ્રાઃ બેસો. હું કહું છું.

શું જોઇયે છે ?

વિનાઃ ત્હમારે મ્હારી સાથે આવવું પડશે.

મુદ્રાઃ હું આવું છું.

જયઃ મુદ્રા............

મુદ્રાઃ પણ પછી અમે જીવશું ને ?

વિના: હા. મુદ્રા, ત્હમે મ્હારાં થઈને આવો તો હું ત્હમને એકને જીવનદાન આપું.

મુદ્રાઃ પણ પોલીસ ?

વિના: એ તો હું પૂરાવા પાછા આપું. ને કહો તો લખી દઉં.

મુદ્રાઃ વિનાયક, ચાલો, હું આવું છું. પણ અમને છૂટાં કરો.

જય: મુદ્રા, આખરે તું............

મુદ્રાઃ જય, મ્હને ક્યારનું થતું હતું કે આપણે છૂટા થવાનો વખત આવી પહોંચ્યો છે. આના કરતાં વધારે સારી રીતે ક્યારે છૂટાં થશું ?

(વિનાયકને) ચાલો આપણે જઈયે. વિનાયક મ્હારે જીવવું છે; એ પૂરાવા એમને આપી દો.

(મુદ્રા વિનાયક પાસે જાય છે. વિનાયક કાગળો જયદ્રથને આપે છે.)

જય: મુદ્રા, મુદ્રા, તું............

મુદ્રાઃ જય, આપણી સરત છે ને કે છૂટા પડતી વખતે ફારસ ન કરવો.

વિના: (જયદ્રથને) દોસ્ત, હું ઘણો જ દિલગીર છું કે ત્હને આટલો દુઃખી કર્યો.

મુદ્રાઃ જયદ્રથ, મ્હારી પેટી મોકલી આપશો ?

(વિનાયકને) આપણે અહિં જરાવાર બેસશું ?

(વિનાયક શંકાશીલ થાય છે.)

બેસોને.

(વિનાયક એક ખુરશી પર બેસે છે. જયદ્રથ એક કોચ પર બેસે છે. મુદ્રા જયદ્રથ પાસે કોચપર બેસે છે.)

જયદ્રથ, એમની જોડે કોઈ દિવસ આવતા રહેજો.

વિના: પણ મુદ્રા, આપણે તો પરગામ જતાં રહેશું.

મુદ્રા: તો ત્યાં આવશે.

(જયદ્રથ આભો બની જોઇ રહે છે. મુદ્રા ધીરે ધીરે ત્હેના હાથ પાસે પોતાનો હાથ લઇ જાય છે.)

વિના: મુદ્રા, આ શું કરે છે ? તું આવી છે ? લાજતી નથી ! એની પાસે જઇને બેઠી એમાં તો હું બોલ્યો નહિ; પણ......

મુદ્રા: શું છે, ત્હમે આમ કેમ કરો છો ?

(પોતાનો હાથ જયદ્રથના ખોળામાં મૂકે છે.)

વિના: આવું આવું મ્હારી સાથે નહિ ચાલે, સમજી.

મુદ્રા: પણ હું ક્યાં લગ્નની સ્ત્રી છું ?

વિના: એટલે તું...........

મુદ્રા: હાસ્તો, હું જયદ્રથની મટી જેટલી સ્હેલથી ત્હમારી થઇ શકું તેમ જ બીજાની પણ થઇ શકું નહિ ?

(વિનાયકની આંખો લાલ થાય છે.)

વિના: તે નહિ ચાલે.

મુદ્રા: તે મ્હને શી રીતે અટકાવશો ?

જય: મુદ્રા, મુદ્રા, આ શું બોલે છે ? ત્હને શું થયું છે !

મુદ્રા: જયદ્રથ, મ્હને એમણે બજારી સ્ત્રી તરીકે લીધે છે ને એવી થતાં પણ એમણે જ શિખવાડ્યું છે. પરસ્ત્રી પોતાની......

વિના: મુદ્રા, હું સમજ્યો. મ્હારી ભૂલ થઇ. મ્હને આવો

ખ્યાલ સરખો ન્હોતો આવ્યો. નહિ તો આટલું પજવતે પણ નહિ. મ્હને માફ કરો. હું જાઉં છું. (ઉભો થાય છે.)

મુદ્રા: કેમ કેમ શું થયું ? મ્હને લીધા વગર......

વિના: એવું ન બોલશો. ત્હમારૂં સ્થાન અહિં જ છે. ત્હમે બેઉ જ એકમેકને યોગ્ય છો. હું ત્હમારે યોગ્ય નથી. જયદ્રથ, હું રજા લઉં છું. મુદ્રા મ્હને ક્ષમા કરજો. (જાય છે.)

(જયદ્રથ અને મુદ્રા એકમેક સામું જોઇ રહે છે.)

જય: મુદ્રા, તું આટલી બધી ચતુર છે ?

(મુદ્રા મુંગી બેસી રહે છે. જયદ્રથ ત્હેની પાસે જાય છે.)

મુદ્રા: જય, મ્હને અડકશો નહિ.

જય: કેમ, વળી આ કયું નાટક માંડયું છે ?

મુદ્રા: જય, આ એક દિવસમાં મ્હારા કેટલા ભવ બદલાયા: ને પેલી મોતની મુસાફરી. મ્હને હજી બ્હીક લાગે છે.

જય: પણ મુદ્રા, હવે તો જીવનની મુસાફરી કરવાની છે.

મુદ્રા: જય, કોણ જાણે કેમ કેટલાં વરસોથી ત્હારાથી છૂટી થઇ ગઇ હોઉં એમ લાગે છે ને ફરી કદી આપણે ભેગાં પણ નહિ થઇયે.

જય: તું તો ગાંડી છે.

(થોડીવાર બેઉ ચૂપ બેસે છે.)

મુદ્રા: જય, મ્હારે મરવું નથી હં. ને હવે કદી તો આપણે છૂટાં પણ નહિ થઇયે.

(પડદો પડે છે.)